પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2022-2024 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

શહેર આવૃત્તિ પાના: ૧૬
તા. ૧૯-૭-૨૦૨૪, શુક્રવાર
વર્ષ: ૧૩, અંક: ૧૧૩

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

## સુવિચાર

જો કોઈ વ્યકિત તેની ખાનગી વાત તમને કહે ત્યારે સમજવું કે તે વ્યકિત તમારામાં ભગવાન જેટલો વિશ્વાસ રાખતો હોય છે...

## રાજ્યમાં ચાંદીપુરાના ૩૩ કેસ: ૧૬ દર્દીઓના મોત

(વાંચો દસમા પાને)

# પોરબંદરમાં મેઘ તાંડવ: ૧૭ ઈંચ વરસાદથી જળ બંબાકાર

## ભારે વરસાદના કારણે પોરબંદર જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર: સ્થળ ત્યાં જળ જેવી સ્થિતિ

**અબતક, રાજકોટ**

પોરબંદર પંથકમાં હવામાન ખાતાએ આપેલી રેડ એલર્ટ વચ્ચે સમગ્ર જિલ્લામાં ઘનઘોર વાદળછાયા વાતાવરણ વચ્ચે મેઘાડંબર રચાયો હતો અને આજે સવાર સુધીમાં એટલે કે ૨૪ કલાકમાં પોરબંદરમાં ૧૭ ઈંચ જેટલો વરસાદ ખાબકતા જાણે આભ ફાટ્યું હોય તેવી સ્થતિ સર્જાઈ છે. પોરબંદર તાલુકાના બરડા પંથકમાં ભારે વરસાદ ખાબકતા બરડા પંથકમાં વરસાદી પાણી નદીઓની જેમ વહેતા જોવા મળ્યા હતા.પોરબંદર શહેરના મુખ્ય એમ.જી.રોડ, છાંયા ચોકી રોડ, સુદામા ચોક સહિતના વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. પોરબંદરના બરડા પંથકમાં રાત્રીના સમયે અતિભારે વરસાદ પડ્યો છે.ભેટકડી સહિતના આસપાસના વિસ્તારમાં જ્યાં જોવો ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ભારે વરસાદને લઈને ભેટકડી ન નયડ સિમ વિસ્તાર સર્વત્ર પાણી પાણી થઇ ગયો છે.વાડી-ખેતરો બેટમાં ફેરવાયા અને ખેડૂતોના ઘર સુધી પાણીનો પ્રવાહ પહોંચ્યો છે. પોરબંદર અતિભારે પવન સાથે ભારે વરસાદની સાથે અનેક વૃક્ષો જમીનદોસ્ત થતાં રસ્તાઓ બ્લોક થયા હતા . પોરબંદરમાં ભારે વરસાદ વચ્ચે વૃક્ષો ધરાશાયી થતાં ફાયર બ્રિગેડ દ્વારા દૂર કરવામાં

(અનુ. આઠમા પાને)



ધસમસતા પાણીના પ્રવાહમાં રેલવે ટ્રેક ધોવાયો

શું તમે તમારું જીવન બદલવા તૈયાર છો?



MAGIC OF MANIFESTATION
4 કલાકના લાઇવ માસ્ટરક્લાસમાં મારી સાથે જોડાઓ અને તમારા લક્ષ્યોને સરળતાથી પ્રાપ્ત કરતા શીખો અને તમારું જીવન બદલો.
SNEH DESAI
પ્રોગ્રામ હિન્દી ભાષામાં છે
રવિવાર ૨૧ જુલાઇ ૨૦૨૪ - પ્રમુખસ્વામિ ઓડિટોરિયમ, રાજકોટ
8:30 AM to 12:30 PM — Price: 2 Tickets ₹99
3:00 PM to 7:00 PM — Price: 2 Tickets ₹99
તમારી સીટ બૂક કરવા માટે QR Code Scan કરો.
વધુ માહિતી માટે વિઝિટ કરો momrjk.snehdesai.in
Entry વહેલા તે પહેલા ના ધોરણે છે.

## વાડી-ખેતરો-ઘર બેટમાં ફેરવાયા

પોરબંદરના બરડા પંથકમાં રાત્રીના સમયે અતિભારે વરસાદ પડ્યો છે.ભેટકડી સહિતના આસપાસના વિસ્તારમાં જ્યાં જોવો ત્યાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. ભારે વરસાદને લઈને ભેટકડી ન નયડ સિમ વિસ્તાર સર્વત્ર પાણી પાણી થઇ ગયો છે.વાડી-ખેતરો બેટમાં ફેરવાયા અને ખેડૂતોના ઘર સુધી પાણીનો પ્રવાહ પહોંચ્યો છે.

## પોરબંદર ૨૪ કલાકમાં ૧૪ ઈંચ સવારમાં બે કલાકમાં ૩ ઈંચ

પોરબંદરમાં મેઘરાજાએ મનમુકીને હેત વર્ષાવતા ૨૪ કલાકમાં ૧૪ ઈંચ બાદ આજે સવારમાં બે કલાકમાં વધુ ૩ ઈંચ વરસાદ ખાબક્યો હતો. પોરબંદરના ગ્રામ્ય પંથક રાણાવાવ-કુતિયાણા સહિતના વિસ્તારો જળબંબાકાર થયા છે અને ખેતરોમાંથી પાણી મકાનોમાં ઘુસી ચુક્યા છે. સવારથી જ મેઘાવી માહોલ સર્જાયો છે. અને હજુ બે દિવસ ભારેથી અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે.

રાજકોટ નાગરિક સહકારી બેંક લિ.
www.rnsbindia.com (મલ્ટી-સ્ટેટ શેડયુલ્ડ બેંક)
69 પૈસા સોના ધિરાણ માસિક વ્યાજ*
30 મિનિટમાં જ ધિરાણ
કોઈ છુપો ચાર્જ નહીં
રૂા. 1 કરોડ સુધી ધિરાણની સુવિધા
રૂા. 2 લાખ સુધી રોકડ પેમેન્ટ
ખેડૂતોને વધારાના લાભ સાથે ધિરાણ
7.99% વાર્ષિક વ્યાજ*
પ્રતિ ગ્રામે મહત્તમ રકમનું ધિરાણ
નજીકની શાખાનો સંપર્ક કરો તુરંત અથવા Mo. 94282 86268માં મિસ્ડ કોલ કરો અને બેંકની યોજનાની માહિતી મેળવો
નાના માણસની મોટી બેંક
સહકારથી સમૃદ્ધિ

## ભારે વરસાદના કારણે પોરબંદરથી દોડતી ટ્રેનોને અસર

વેસ્ટર્ન રેલવે ભાવનગર ડિવિઝનના પોરબંદર-કાનલુસ સેક્શનમાં ભારે વરસાદના કારણે પાણી ભરાવાના કારણે પોરબંદર સ્ટેશનથી દોડતી અને પોરબંદર સ્ટેશન જતી ટ્રેનોને અસર થઈ છે.

ટ્રેન નંબર ૧૨૯૪૯ પોરબંદર-સંતરાગાચી સુપરફાસ્ટ ટ્રેન આજે સવારે ૯.૧૦ વાગ્યાના નિર્ધારિત સમયને બદલે ૬ કલાક મોડી એટલે કે ૧૫.૧૦ કલાકે દોડશે.ગાંધીનગર કેપિટલ-વેરાવળ એક્સપ્રેસ ટ્રેન આજે તેના નિર્ધારિત સમય ૧૦.૩૦ કલાકને બદલે ગાંધીનગર કેપિટલ સ્ટેશનથી ૧૧.૩૦ કલાકે ઉપડશે.

ટ્રેન નંબર ૧૯૫૭૧ રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન આજે જેતલસર સ્ટેશન પર ટૂંકી થશે. આમ આ ટ્રેન જેતલસર-પોરબંદર (અનુ. આઠમા પાને)

## તંત્રના પાપે આખું શહેર પાણી-પાણી: કન્ટ્રોલ રૂમના ડબલા પણ બંધ

**અબતક, અશોક થાનકી, પોરબંદર**

પોરબંદર શહેરમાં ગઈકાલ બપોર થી આજે સવારે છ વાગ્યા સુધીમાં લગભગ ૧૬ જેટલો વરસાદ પડી જતા વેચાણવાળા વિસ્તારોના ઘરોમાં ચાર ફટ કરતા પણ વધારે પાણી ઘૂસી ગયા છે ત્યારે તંત્રની નિષ્ક્રિયતાને કારણે લોકોને હાલત કફોડી બની છે. પોરબંદર શહેરમાં ઘણા દિવસોના વિરામ બાદ ગઈકાલે બપોરે ૧૨ વાગ્યાથી મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થઈ હતી જેમાં દિવસ દરમિયાન ચારથી પાંચ ઈંચ વરસાદ પડ્યા બાદ સમગ્ર રાત્રી દરમિયાન લગભગ ૧૦ થી ૧૧ ઈંચ વરસાદ પડી જતા શહેરના રાજીવ નગર અને પરેશ નગર સહિતના વિસ્તારોમાં લોકોના ઘરમાં પાણી ઘૂસી જતા મોટા પ્રમાણમાં (અનુ. આઠમા પાને)



Pramukh Swami Arcade, Malviya Chowk, Rajkot. Tel: 0281-2239691

### આંતરરાષ્ટ્રીય કરાઓકે દિવસઃ ગાયેજા ગીત મિલન કે...

# તમે ગાતા હોય ત્યારે ગીતનો લય, મેલોડી અને લિરિક્સનું પાલન કરવું પડશે

**મોટાભાગના રાત્રે કરાઓકેમાં એકલા કે ગ્રુપમાં ગીતા ગાતા હોય છેઃ છેલ્લા પાંચ વર્ષમાં તેનો ક્રેઝ ખૂબ વધ્યો છેઃ આજે તો તેના ગ્રુપો અને ક્લબો પણ થઇ ગઇ છે, જે દરરોજ રાત્રે ફ્રિ થઇને ગીતો ગાતા હોય છેઃ સામાન્ય રીતે ગાવાથી લોકો ખુશ થાય છે, અને તેના તણાવમાં ઘટાડો થાય છે**

**૧૯૭૧માં જાપાનનાં કોબે શહેરના સંગીતકાર ડાઈસૂકે પ્રથમ કરાઓકે મશીનની શોધ કરી હતીઃ દિલથી ગીતો ગાવાથી સ્વાસ્થ્ય તે ઘણો ફાયદો થાય છેઃ જાપાનીઝમાં 'કરાઓકે'નો અર્થ ખાલી ઓરકેસ્ટ્રા થાય છેઃ અવાજ વિનાના સંગીત ટ્રેક ઉપર ગીતો ગાયને લોકો આનંદિત થઈ જાય છે**

ગરીબ કે શ્રીમંતએ ખૂબ જ આનંદમાં હોય ત્યારે ગીતો ગાવા લાગે છે, ગીતો ગાવાથી તમારૂ સ્વાસ્થ્ય સારૂ રહે છે. આજે વિશ્વ કરાઓકે દિવસ છે. વિશ્વભરમાં બાળથી મોટેરા આજના દિવસે એકલા કે તેના ગ્રુપો સાથે ગીતો ગાયને તણાવમુક્ત રહે છે. આપણાં દેશમાં તો છેલ્લા દશકાથી તેનો ક્રેઝ વધ્યો છે, પણ જાપાનમાં ૧૯૭૧થી પ્રથમ મશીન શોધાયું ત્યારથી ત્યાં અને વિદેશોમાં તેનો ક્રેઝ છે. આપણા ભારતમાં કે આપણાં ગુજરાતમાં ઈકો સિસ્ટમ સાથેના માઈકમાં બ્લુટુથથી કનેક્ટ કરીને એકલા કે ગ્રુપમાં ગીતો ગાવાનો ક્રેઝ દિન પ્રતિદિન વધી રહ્યો છે. આજે તો તેના ગ્રુપો-ક્લબો પણ શરૂ થઇ ગઇ છે. દરરોજ જુના ગીતો ગાતા હોય છે.

**નોલેજ કોર્નર**



**ડો.અરૂણ દવે**
મો.૯૮૨૫૦૭૮૦૦૦

કરાઓકે સિસ્ટમ ગીતો ગાતી વખતે મોબાઈલમાં શબ્દો આવે ત્યારે તમારે ગીતની લય, મેલોડી અને લિરિક્સનું પાલન કરવું પડે છે. આજે બજારમાં ખૂબ જ સારા માઈક ઉપલબ્ધ હોય છે. જેમાં બધી ફેસીલીટી જોવા મળે છે. મોટાને ગાતા જોઈને નાનકડા બાળકો પણ નવા ગીતો ગાવાની પ્રેરણા મેળવે છે. ગીતો ગાવાથી સામાન્ય રીતે માનવી ખુશ થતો હોવાથી તેના તણાવમાં ઘટાડો થાય છે. મૂળ જાપાનીઝ શબ્દ કરાઓકેનો અર્થ ખાલી ઓરકેસ્ટ્રા થાય છે. અવાજ વિનાના સંગીત ટ્રેક ઉપર લોકો ગીતો ગાય છે. આજે તો તેની વિવિધ સ્પર્ધામાં ઘણાં ડોક્ટર મિત્રો પણ ભાગ લઈને દિલથી ગાતા જોવા મળે છે. આપણે પણ સાયકલ ઉપર કે સ્કૂટરમાં જતાં હોયત્યારે ગમતું ગીત સંભળાય જાય તો ગીતો ગાવા લાગીએ છીએ. આપણાં ક્રિકેટર વિરેન્દ્ર સહેવાગ ગીતો ગાતા-ગાતા ચોકા-છક્કા લગાવતો હતો. ફિલ્મોએ આપણાં જીવન પર મોટી અસર કરી હોવાથી ગીતો આપણું જીવન બની ગયા છે.




કરાઓકેમાં જૂના ગીતો વધુ ગવાતા જોવા મળે છે. બાળથી મોટેરા સાથે મહિલાઓ પણ ગમતાં ગીતો લલકારે ત્યારે પરિવાર તાળીઓ પાડીને વધાવે છે. નવા ગીતોના શબ્દો સાથે ઉપર-નીચેનું ચઢાણ ગાયકોમાં હોવાથી મોટાભાગે નવા ગીતો ગાવાનું ઓછું પસંદ કરે છે. કરાઓકેની શોધના ઘણા વિવાદો છે, પણ ત્રણ વ્યક્તિને તેની શોધનું શ્રેય આપવું જરૂરી છે. ૧૯૬૭માં ઈલેક્ટ્રોનિક ફેક્ટરીના નેગેશીએ પ્રથમ મશીન શોધ્યું. બાદમાં ૧૯૭૧માં જાપાનના સંગીતકારે મશીન નિર્માણ કર્યું હતું. ૧૯૭૫માં રોબર્ટોડેલે 'સિંગ-અલોંગ' સિસ્ટમની શોધ કરીને તેને એકમાત્ર મશીન પેટન્ટ કરાવી હોવાથી આજે ફિલિપાઈન્સમાં કરાઓકેની લોકપ્રિયતા ખૂબ જ જોવા મળે છે. ફિનલેન્ડમાં ૨૦૦૩થી કરાઓકેની વર્લ્ડ ચેમ્પિયનશીપ શરૂ થયેલ હતી. જેમાં વિશ્વના ૩૦ દેશોમાંથી કલાકાર જોડાયા હતા. કરાઓકે ટ્રેક વાસ્તવમાં મૂળ ગીતનું પુનઃ ઉત્પાદન છે. આજે ઘર-ઓફિસ કે પરિવારના મેળાવડા કે બહાર ફરવા ગયા હોય ત્યાં ગમે ત્યાં તે માઈકના ઉપયોગથી તમારા આનંદમાં વધારો કરી શકો છો.

કરાઓકેમાં ગીતો ગાવાથી તમારે વિચારવું પડતું હોવાથી તે તમારા મગજને ઉત્તેજીત કરે છે. તમારા મગજના ચેતાકોષોમાં પણ પ્રવૃત્તિનું કારણ બનતા ભાવનાત્મક, શારીરીક અને મનોવૈજ્ઞાનિક પ્રવૃત્તિને એક સાથે લાવે છે. આનાથી સૌથી મોટો ફાયદો તમને તણાવમુક્ત બનાવે છે અને ખુશી-ઉર્જા-ઉત્સાહનો સંચાર કરે છે. તમને ગમતી ધૂન સાથે ગીતો ગાવાથી તમારા ધબકારા ધીમા થઈ જાય છે. તમારા ભાવનાત્મક જોડાણ હોય તેવા ગીતો જ તમે ગાવાનું પસંદ કરો છો, તેથી તે તમારી લાગણીઓ બતાવવામાં મદદ કરે છે. સતત ગાવા કે પ્રેક્ટીસને કારણે ઘણા બાથરૂમ સિંગરો સારા ગાયક બની ગયા છે. બધાની વચ્ચે ગીતો ગાવાથી તમારો સ્ટેજ ફિચર પણ દૂર થઈ જાય છે. ગાયકીમાં સતત બદલાવને કારણે લોકોને તમારો અવાજ ગમવા લાગે ત્યારે તમારી પ્રતિભા નિખરી ઉઠે છે. સતત પ્રેક્ટીસને કારણે તમારી યાદશક્તિમાં સુધારો થાય છે.

આજનો દિવસ ગીતો ગાવાના શોખીન લોકોનો આત્મવિશ્વાસ વધારવા માટે પણ એક મનોરંજક પ્રવૃત્તિનું સ્ટેજ પુરૂં પાડે છે. ઘણા યુવાનો તો રોકસ્ટારના અંદાજમાં ગાતા હોય ત્યારે મિત્ર-વર્તુળ પૈસા પણ ઉડાડે છે. કરાઓકેથી ગાવાની પાપા પગલી કરીને ઘણા સિંગરો ટીવી કે સ્પર્ધામાં વિજેતા પણ બન્યા છે. આ એક મનોરંજન પ્રવૃત્તિ હોવાથી માઈક્રોફોન પકડીને ગાવાનો રોમાંચ છે. કરાઓકે ઈતિહાસ માત્ર પાંચ દાયકા જૂનો છે, પણ આજે વિશ્વભરમાં લોકો તેના દિવાના છે. ઓરકેસ્ટ્રા હડતાલ પર ગઈને ''કરાઓકે''ની શોધ થયાનું જાણવા મળે છે.

કરાઓકે એક સંગીતકારે શોધ કરીને મશીન જ સંગીત વગાડે એવું કર્યું. જેથી કોઈની જરૂર ન પડે, વ્યક્તિ એકલો પણ ગાય શકે. કરા અને ઓકેના સંયોજનથી બનેલ શબ્દ ખાલી અને ઓકે એટલે ઓરકેસ્ટ્રા શબ્દનો અર્થ ખાલી ઓરકેસ્ટ્રા થાય છે.

જેમ જેમ ટેકનોલોજી આગળ વધતી ગઈ તેમ તેમ કરાઓકે માણજો. ગાયન મગજ માટે તંદુરસ્ત છે, કારણ કે તે મેમરી રીટેન્શનને પ્રોત્સાહિત કરીને બહુવિધ ક્ષેત્રોને ઉત્તેજના પ્રદાન કરે છે. સ્નાયુઓના તણાવમાં ઘટાડો, હૃદયના ધબકારા જેવા ઘણા ફાયદાઓ આપે છે. ઘણા લોકો તો પોતાના ગીતો દ્વારા પૈસા પણ કમાવા લાગ્યા છે. કરાઓકે તે તમામ ઉંમરના લોકો પસંદ કરે છે. કોઈપણ જાતના ખર્ચ વગર ભરપૂર આનંદ મળતો હોવાથી લોકો તેના તરફ વધુ આકર્ષાયા છે. આજે સ્પર્ધાત્મક યુગમાં ઘણા કલાકારોએ સારી ચાહના મેળવી છે. ઘણાના અવાજ લત્તા, રફી, મુકેશ, કિશોર, તલત મહેમૂદ, હેમંત કુમાર, મન્નાડે વિગેરે મળતા આવતા હોવાથી લોકો તેને તે ગીતો વધુ ગવડાવે છે.

## 'કરાઓકે' તમારા આત્મવિશ્વાસમાં કરે છે વધારો

લોકોથી ભરેલા રૂમમાં તમે ઘણી હિંમત ભેગી કરીને ગાવા ઉભા થાવ ત્યારે અને અજાણ્યા લોકોની વચ્ચે જ્યારે તમે ગીતો ગાવ ત્યારે આ પ્રક્રિયા તમારામાં તમારી શરમ અને સંકોચ પણ સતત પ્રેક્ટીસને કારણે દૂર થાય છે. 'કરાઓકે' આપણને સામાજીક બનવામાં મદદરૂપ થાય છે. મોટાભાગે મિત્ર-વર્તુળ-કુટુંબીજનો સાથેનો મેળાવડો ભેગો થઈને મનોરંજન માણતો હોય ત્યારે એક આસપાસ સામાજીકકરણનું વાતાવરણ નિર્માણ થાય છે અને સૌ નિજાનંદ માણે છે. તમે પ્રથમવાર ગીત ગાવ તે તમારા માટે યાદગાર ઘટના બની જાય છે. 'કરાઓકે' આજના યુગમાં સૌને ફરી ભેગા કરીને આનંદ કરતા કર્યા છે. જે એક શ્રેષ્ઠ બાબત છે.

ગાયેજા ગીત મિલન કે. તુ અપની લગન સે...

## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૭-૨૦૨૪ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (છેલ્લો દિવસ)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (વેજીટેબલ કાઠી રોલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ હેલ્થ વેલ્થ (ડો.દીપા મણિયાર)
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાઈ પે ચર્ચા (હેન્ડ એનાલિસિસ નું ગૂઢ રહસ્ય)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સ્પે.સ્ટોરી (કાર્ડિયાક એટેક)
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુપચુપ ગુપચુપ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ નકલંકધામ – તોરણીયા ખાતેથી ભવ્ય સંતવાણી

**તારીખ ૨૦-૦૭-૨૦૨૪ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવતકથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ મોટિવેશનલ સ્પીચ
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ ગીત ગુંજાવલી

### નીટ પર સુપ્રીમ કોર્ટનો મોટો નિર્ણય

# સુપ્રીમ કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સીને કાલે પરિણામ જાહેર કરવા આપ્યો આદેશ

### વિદ્યાર્થીઓની ઓળખ ન થાય તેની કાળજી રાખવામાં આવશે

**અબતક રાજકોટ**

મેડિકલ પ્રવેશ પરીક્ષા નીટ મામલાની સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે ગુરુવારે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ને ૨૦ જુલાઈના બપોરે ૧૨ વાગ્યા સુધીમાં વિવાદાસ્પદ NEET-UG 2024નું કેન્દ્રવાર અને શહેરવાર ધોરણે રિઝલ્ટ જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. સર્વોચ્ચ અદાલતે આ આદેશ આપતાં જણાવ્યું હતું કે તે જાણવા માગે છે કે કથિત કલંકિત સેન્ટરોના વિદ્યાર્થીઓએ અન્ય સેન્ટરો કરતાં વધુ માર્કસ મેળવ્યાં છે કે નહીં.

સમગ્ર પરીક્ષા રદ કરીને નવેસરથી પરીક્ષા લેવાના મુદ્દે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે પરીક્ષા નવેસરથી યોજવાનો કોઈપણ આદેશ એવા નક્કર નિષ્કર્ષ પર હોવો જોઈએ કે કથિત પેપર લીક સિસ્ટેમેટિક હતું અને સમગ્ર પ્રક્રિયાની પવિત્રતાને અસર થઈ હતી. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડની અધ્યક્ષતાવાળી ખંડપીઠે જણાવ્યું હતું કે અમે NTAને UG-2024 NEET પરીક્ષામાં વિદ્યાર્થીઓ દ્વારા મેળવેલા ગુણ પ્રકાશિત કરવા આદેશ કરીએ છીએ. આની સાથે વિદ્યાર્થીઓની ઓળખ જાહેર કરવાની રહેશે નહીં. એનટીએની વેબસાઈટ પર ૨૦ જુલાઈ, ૨૦૨૪ના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધીમાં શહેર અને કેન્દ્રવાર ધોરણે રિઝલ્ટ જાહેર કરવાનું રહેશે. અમે ઈચ્છીએ છીએ કે વિદ્યાર્થીઓની ઓળખ ઢંકાઈ જાય. તમે ડમી રોલ નંબર આપી શકો છો, પરંતુ રિઝલ્ટ કેન્દ્રવાર હોવું જોઈએ. તેની માર્કસ પેટર્ન શું તે જાણવા માગીએ છીએ.

સુપ્રીમ કોર્ટ આ મામલાની વધુ સુનાવણી ૨૨ જુલાઈ હાથ ધરશે. કોર્ટમાં પરીક્ષાને રદ કરવાની, નવેસરથી પરીક્ષા લેવાની તથા કોર્ટની દેખરેખ હેઠળ તપાસ કરવાની માગણી કરતી સંખ્યાબંધ અરજીઓ થઈ છે. ખંડપીઠે નોંધ્યું હતું કે અરજદારોના વકીલે રજૂઆત કરી છે કે જો NEET-UG 2024 પરીક્ષાનું પરિણામ NTAની વેબસાઈટ પર પ્રકાશિત કરવામાં આવે તો તે યોગ્ય રહેશે જેથી સેન્ટરવાઈઝ ધોરણે ઉમેદવારો દ્વારા મેળવેલા માર્કસ અંગે પારદર્શિતા લાવી શકાય. કોર્ટે સીબીઆઈએ તપાસ હાથ ધરી તે પહેલા બિહાર પોલીસે એકત્રિત કરેલી સામગ્રી અને તેની આર્થિક અપરાધ શાખા (EOW)નો અહેવાલ ૨૦ જુલાઈના રોજ સાંજે ૫ વાગ્યા સુધીમાં કોર્ટમાં રજૂ કરવાનો પણ આદેશ આપ્યો હતો.

સુનાવણીની શરૂઆતમાં બેન્ચે કહ્યું હતું તેને અન્ય કેસોની સરખામણીમાં આ અરજીઓ પર સુનાવણીને પ્રાથમિકતા આપી છે કારણ કે તેમાં ઘણી સામાજિક અસર રહેલી છે અને લાખો વિદ્યાર્થીઓ પરિણામની રાહ જોઈ રહ્યા છે. કેટલાંક અરજદારો વતી સિનિયર એડવોકેટ નરેન્દ્ર હુડ્ડાએ સિસ્ટેમેટિક નિષ્ફળતા હોવાનો દાવો કરી પરીક્ષા રદ કરવાની જોરદાર માંગણી કરી હતી, જોકે કોર્ટે જણાવ્યું હતું કે તમારે (અરજીદારો) અમને પ્રથમ દ્રષ્ટીએ બતાવવું પડશે કે પેપર લીક સિસ્ટેમેટિક છે અને સમગ્ર પરીક્ષાની પવિત્રતાને અસર થઈ છે. પ્રથમ દ્રષ્ટિએ એવું જણાય છે કે પ્રશ્નપત્ર લીક માત્ર પટના અને હજારીબાગ પૂરતું જ સીમિત હતું અને ગુજરાતના ગોધરામાં આવું કંઈ બન્યું હોવાનું કહી શકાય નહીં. કેન્દ્ર તરફથી હાજર રહેલા સોલિસિટર જનરલ તુષાર મહેતાએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રશ્નપત્રો લીક થયા નથી.



## તા.૨૦-૭-૨૦૨૪ શનીવાર

| | | | |
|---|---|---|---|
| વિક્રમ સંવત | ૨૦૮૦ | શાલીવાહન શકિ: | ૧૯૪૬ |
| ખ્રિસ્તી સંવત | ૨૦૨૪ | | |
| તિથી | અષાઢ શુદ ચૌદશ વ્રતની પુનમ | | |
| નક્ષત્ર | પુર્વાષાઢા | | |
| યોગ | વૈધૃતિ | કરણઃ | ગર |
| સુર્યોદય | ૬.૧૫ | સુર્યાસ્તઃ | ૭.૩૨ |
| ચંદ્ર રાશી | ધન | | |
| રાશિ અક્ષર | ભ.ફ.ધ | | |
| દિશાશૂળ | પૂર્વ દિશાતરફ | | |
| રાહુકાળ | સવારે ૯ થી ૧૦.૩૦ | | |
| દિવસનાચોઘડીયા | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ | | |
| રાત્રીનાચોઘડીયા | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ | | |
| અભિજીત મુહૂર્ત | બપોરે ૧૨.૨૬ થી ૧.૧૯ | | |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી – ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ –૬૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | | | | | ૫ | ૪ | ૧ | |
| ૪ | ૧ | ૨ | | ૮ | ૭ | | | ૫ |
| ૫ | | | | ૩ | | ૬ | | ૮ |
| | | | | ૯ | | ૮ | ૭ | |
| ૨ | ૯ | | ૭ | | | | | |
| | | ૮ | | ૫ | | | ૬ | ૯ |
| ૧ | | ૭ | | | | | ૪ | |
| | | ૫ | | | | ૭ | ૯ | ૩ |
| | ૨ | ૪ | ૫ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ–૬૩ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૯ | ૨ | ૬ | ૧ | ૩ | ૪ | ૫ | ૭ |
| ૭ | ૩ | ૫ | ૨ | ૮ | ૪ | ૯ | ૬ | ૧ |
| ૪ | ૬ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૩ | ૨ |
| ૯ | ૨ | ૩ | ૭ | ૬ | ૮ | ૧ | ૪ | ૫ |
| ૬ | ૫ | ૪ | ૩ | ૯ | ૧ | ૭ | ૨ | ૮ |
| ૧ | ૭ | ૮ | ૪ | ૫ | ૨ | ૬ | ૯ | ૩ |
| ૨ | ૮ | ૯ | ૧ | ૩ | ૬ | ૫ | ૭ | ૪ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૨ | ૯ | ૩ | ૧ | ૬ |
| ૩ | ૧ | ૬ | ૫ | ૪ | ૭ | ૨ | ૮ | ૯ |

## આજનું રાશિફળ

**તા.૧૯.૭.૨૦૨૪ શુક્રવાર, સંવંત ૨૦૮૦ અષાઢ સુદ તેરસ, મૂળ નક્ષત્ર, ઐંદ્ર યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે.**

**મેષ (અ,લ,ઈ)** : ધાર્યા કામ પાર પાડી શકો, હકારાત્મક વિચારોથી લાભ થાય,દિવસ પ્રગતિકારક રહે.

**વૃષભ (બ,વ,ઉ)** : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે, આગળ વધવાની તક મળે, દૈવી સહાય પ્રાપ્ત થાય, શુભ દિન.

**મિથુન (ક,છ,ઘ)** : આંતરિક સંબંધોમાં સારૂ રહે, મતભેદ નિવારી શકો, વડીલોની સલાહ ધ્યાન પર લેવી જરૂરી બને.

**કર્ક (ડ,હ)** : નિયમિત જીવનપદ્ધતિ થી આગળ વધશો તો સફળતા મળશે, રોજનીશી લખવાની ટેવ કામ લાગશે, ભૂતકાળ પરથી શીખવું પડે.

**સિંહ (મ,ટ)** : વિદેશ જવા ઈચ્છતા કે ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પુરી પડતો દિવસ. સ્ત્રીવર્ગને પણ સારૂ રહે.

**કન્યા (પ,ઠ,ણ)** : પરિવાર સાથે આનંદ માણી શકો, દિવસ, નવી વ્યક્તિઓને ઉત્સાહપૂર્વક મળી શકો, દિવસ લાભદાયક રહે.

**તુલા (ર,ત)** : નવા કાર્યમાં ઈશ્વરી સહાય મળે,વિચારોમાં નવીનતા આવે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**વૃશ્ચિક (ન,ય)** : તમારા શોખ માટે સમય ફાળવી શકો, મનથી હળવાશ અનુભવી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**ધન (ધ,ભ,ફ,ઢ)** : જીવનમાં નવા પરિવર્તનનો પવન ફૂકાતો જોવા મળે, તમારી પ્રતિભામાં વૃદ્ધિ થાય, કાર્યની સરાહના થાય, શુભ દિન.

**મકર (ખ,જ)** : બીજાની ચિંતા ના કરતા સ્વયં પર ધ્યાન આપવું, ખર્ચ પર અંકુશ રાખવો, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે.

**કુંભ (ગ,સ,શ)** : મિત્રો સાથે આનંદ માણી શકો, ગમતી પ્રવૃત્તિ કરી શકો, અચાનક કોઈ તક ઉભી થતી જણાય.

**મીન (દ,ચ,ઝ,થ)** : વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ, નોકરિયાતવર્ગને સારૂ રહે, ઈચ્છીત પરિણામ પ્રાપ્ત કરી શકો.

## જન્મકુંડળીમાં સૂર્ય શનિ ષડાષ્ટક યોગ જાતકને વિવાદમાં રાખે છે

શનિ સૂર્યના ષડાષ્ટક યોગ સાથે રાજ્યોમાં, દેશમાં અને વિદેશમાં રાજનીતિ તેજ થઈ ગઈ છે અને ઘણા ઉલટફેર જોવા મળી રહ્યા છે અને હજુ આગામી દિવસોમાં રાજનીતિમાં અને સત્તામાં ઘણા નવા સમીકરણો જોવા મળશે વળી પ્રજા માનસમાં આ સમય થતો જોવા મળશે.મારા અનુભવમાં મેં જોયું છે જન્મકુંડળીમાં સૂર્ય શનિ ષડાષ્ટક યોગ હોય ત્યારે કોઈ ને કોઈ રીતે તે વિવાદ માં રહે છે વળી અંગત લોકો સાથે જ મતભેદ થતા જોવા મળે છે!!! તો બીજી તરફ વધુ ગહેરાઈ થી અંકિત વર્ષોના જ્યોતિષ કે જ્યારે જાતકની રાહુ સૂર્ય બુધ શુક્ર યુતિને જોઈ રહ્યા છે જે વૈવાહિક જીવનમાં અડચણો દર્શાવે છે અને કેટલાક હાઈ પ્રોફાઈલ ડાઈવોર્સ કેઈસ કે બ્રેકઅપ સામે આવતા જોવા મળશે. આજે સૂર્ય મહારાજ પુષ્ય નક્ષત્રમાં પ્રવેશ કરી રહ્યા છે જે વાતાવરણમાં ઘણો ફેરફાર લાવશે અને શ્રીકાર વર્ષા પણ જોવા મળશે! સૂર્ય મહારાજ હાલ રાણીના ઘરમાં છે અને બહુ જલ્દી પોતાના ઘર તરફ જઈ રહ્યા છે જ્યાં તેમને સિંહાસન સાંભળવાનું છે અને નવા સત્તાના સમીકરણો રચવાના છે જેની તૈયારી અત્યારથી શરુ થઈ ગઈ છે અને એક માસની અંદર ગુપ્ત રીતે ઘણી તૈયારીઓ થશે જેની અસર ઓગસ્ટ માસમાં વિશેષ જોવા મળશે જ્યારે સૂર્ય રાણીવાસમાં આરામ કરી પોતાની જ રાશિ સિંહમાં આવશે જ્યાં રાજા પોતે દરબાર માં સિંહાસન પર હશે અને અનેક નવા નિર્ણયો અને કડક પગલાં સાથે સામે આવશે તો પ્રજા માટેના ઘણા વિચારો પણ સામે આવશે!



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી–૭૯૯૦૫૦૦૨૮૨

### એક પેડ માઁ કે નામ અંતર્ગત

# ગોંડલના ગુંદાળામાં ૧૦ દેશી વૃક્ષોનું વાવેતર

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



વન મહોત્સવ ઉજવણી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા પ્રત્યેક ભારતીય ને " એક વૃક્ષ માઁ કે નામ " થી વાવેતર અને ઉછેર કરી ભારતની ધરતી માઁ ને હરિયાળી બનાવવા આહવાન કરવામાં આવેલ છે. વડાપ્રધાનના આ આહવાન અન્વયે ગોંડલના ઉષાબેન અમૂલખરાય ખીમાણી એ તેમના માતુશ્રી ની સ્મૃતિ માં પોતાની પુત્રી ભક્તિ ઋષિકેશભાઈ દવે સાથે મળી સ્વ. મંછાબેન અમૂલખરાય ખીમાણી, સ્વ. હંસાબેન અરુણભાઈ ખીમાણી, સ્વ. અરુણભાઈ અમૂલખરાય ખીમાણી, સ્વ.અમૂલખરાય કુશળચંદ ખીમાણી અને સ્વ.મીનાબેન હરિભાઈ શાહની સ્મૃતિમાં પરિવારજનોની હરિયાળી સ્મૃતિ સ્વરૂપે ૧૦ દેશી વૃક્ષ વડલો,પીપળો, બોરસલ્લી, કરંજ,સેતુર,પારિજાત,બીલી, લીમડો,વગેરે વૃક્ષોનું ટ્રીગાર્ડ સાથે વાવેતર ગોંડલ ફોરેસ્ટ યુથ કલબ ના પ્રકૃતિપ્રેમી હિતેશભાઈ દવેના સહયોગ અને માર્ગદર્શન હેઠળ હિમાંશુ દવે,ઋષિકેશભાઈ દવે દ્વારા દેશી વૃક્ષનું વાવેતર કરી સદ્ગત પરિવારજનોની સ્મૃતિ માં એક પેડ માઁ કે નામ હેઠળ વાવેતર કરી સમાજ ને અનુકરણીય સંદેશ આપ્યો છે.

## ગોંડલઃ નિર્ભય આશ્રમ દ્વારા કરાશે ગુરૂપૂર્ણિમાની ભવ્ય ઉજવણી

**અબતક, હરેશ ગણોદીયા, ગોંડલ**



ગુરુ પૂજન, સત્સંગ, મહાપ્રસાદ, સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે ગોંડલમાં નિર્ભય આશ્રમ નારાયણ નગર તુલસી ટાવર પાસે, નિર્ભય આશ્રમમાં સદગુરુ વલ્લભરામ બાપાના સાનિધ્યમાં તારીખ ૨૧/૦૭/૨૦૨૪ ના રોજ ભવ્ય રીતે ગુરુ પૂર્ણિમા મહોત્સવ ઉજવવામાં આવશે, જેમાં સવારે ૯:૩૦ કલાકે ગુરુપૂજનનો કાર્યક્રમ યોજાશે, જેમાં વિવિધ ગામોથી ભાવિકજનો પધારી આ ગુરુપૂજન ના કાર્યક્રમમાં ભાગ લેશે, ગુરુ પૂજન બાદ સદગુરુ વલ્લભરામ બાપા નો ભવ્ય – દિવ્ય સત્સંગ યોજાશે, સત્સંગ બાદ બપોરના મહાપ્રસાદ રાખેલ છે. તેમ સેવક મુકેશભાઈ એમ. ગઢીયાએ જણાવાયુ છે.

# ભાદર સહિત ૩૩ જળાશયોમાં પાણીની આવક

## ગીર ગઢડા પાસેનો દ્રોણેશ્વર ડેમ પણ છલકાયોઃ વિલીંગ્ટન ડેમ બીજીવાર ઓવરફ્લો


દ્રોણેશ્વર ડેમનો નયનરમ્ય નજારો

### ભાદર ડેમમાં નવું દોઢ ફુટ પાણી આવતા ડેમની સપાટી ૧૯ ફુટે ઓળીઃ ૩૩ ડેમમાં ૦.૨૦ થી ૧૩.૬૨ ફુટ સુધી નવા નીર આવ્યા

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર-કચ્છમાં ગુરૂવારે અનરાધાર મેઘવર્ષા થવા પામી હતી. ઝાપટાથી લઈ ૧૪ ઈંચ સુધી વરસાદ પડી ગયો હતો જેના કારણે જળ બંબાકાર જેવી સ્થિતિ સર્જાય જવા પામી હતી. સવારથી સૌરાષ્ટ્રના અલગ અલગ વિસ્તારોમાં અનરાધાર મેઘકૃપા વરસી રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ભાદર સહિત ૩૩ જળાશયોમાં નવા નીરની આવક થવા પામી છે. જુનાગઢનો વિલીંગ્ટન ડેમ અને ગીર ગઢડા પાસેનો દ્રોણેશ્વર ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. સતત વરસાદના કારણે જવાશયોનો વૈભવ સતત વધી રહ્યો છે.

રાજકોટ સિંચાઈ વર્તુળ પુર એકમના સુત્રોના જણાવ્યાનુસાર રાજકોટ જીલ્લાના ભાદર ડેમમાં નવુ ૧.૫૧ ફુટ પાણીની આવક થવા પામી છે. ૩૪ ફુટે ઓવર ફ્લો થતા ભાદરની સપાટી ૧૯ ફુટે આંબી જવા પામી છે. ડેમમાં ૧૬૭૯ એમસીએફસી પાણી સંગ્રહિત છે. આ ઉપરાંત જિલ્લાના મોજ ડેમમાઁ નવું ૪.૨૦ ફુટ, ફોફળ ડેમમાં ૧.૪૧ ફુટ, વેણુ-૨ ડેમમાં ૩.૪૧ ફુટ, આજી-૩ ડેમમાં ૧.૨૮ ફુટ,

(અનુ. આઠમા પાને)

### વેણુ ડેમના ૧૦ દરવાજા ખોલાયા હેઠવાસના ગામોને સાવચેત કરાયા

અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટાઃ ઉપલેટા જિલ્લાના વેણુ ડેમના ઉપરવાસમાં સતત પાણીની આવક ચાલુ હોવાથી પાણીનું રુલ લેવલ જાળવવા ડેમના૧૦ દરવાજા ૧.૫ મીટર ખોલવામાં આવ્યા છે, આથી ડેમના હેઠવાસ વિસ્તારમાં આવેલા ઉપલેટા તાલુકાના નાગવદર, ગધેથડ, વરજાંગ જાળીયા, મેખાટીંબી અને નીલાખા ગામના લોકોને નદીના પટમાં અવરજવર ન કરવા, માલ મિલકત તથા ઢોર–ઢાંખરને ન લઈ જવા તથા સાવચેત રહેવા તાકીદ કરી છે.

# મેઘરાજાનો અષાઢી અંદાજઃ સૌરાષ્ટ્ર જળમગ્ન


જુનાગઢનું મઘરવાડા ગામ સંપર્ક વિહોણું

તસવીરઃ ચિરાગ રાજ્યગુરૂ, જુનાગઢ


પોરબંદરની સોસાયટીઓમાં કમરડુબ પાણી

તસવીરઃ અશોક થાનકી, પોરબંદર

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્રમાં અષાઢી માહોલ બરાબર જામ્યો છે. મેઘરાજાએ મન મૂકીને વરસ્યા વરૂણ દેવને જબ્બરો વ્હાલ હોય તેમ સૌરાષ્ટ્રમાં ક્યાંક છૂટા છવાયો તો ક્યાંક સટાસટી બોલાવી હતી. ઉપલેટા પંથકમાં વરૂણ દેવને જબ્બરો વ્હાલ વરસાવ્યો છે. સૌરાષ્ટ્રમાં ૨૪ કલાકમાં ૧ થી ૧૪ ઈંચ સુધી વરસાદ પડી જતા નદી–નાળા ભરપૂર બન્યા હતા. ભારે વરસાદ ખાબકતા સીમ–જમીનનું ધોવાણ થયા બાદ વરસાદી પાણી રોડ–રસ્તાએ થઈ ગામતળ સુધી પહોંચ્યા હતા. વરસાદને કારણે ભરાયેલા પાણીમાં વાહન ચાલકોએ જીવના જોખમે રસ્તો પસાર કરે છે. કેશોદ–મોરબી જિલ્લામાં જોરદાર ઝાપટું પડ્યું હતું. અતિ ભારે વરસાદને કારણે ઘર, મંદિરમાં પાણી ઘૂસી ગયા છે. ભારે વરસાદને લઈ ખેતરોમાં ધોવાણ થતા ખેડૂતોમાં ચિંતાનો વિષય બન્યો છે.

**અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લાના છએય તાલુકાઓમાં વાદળીયા વાતાવરણ વચ્ચે ઝરમર વરસાદ વરસી રહ્યો હતો. બપોર બાદ તમામ તાલુકાઓમાં સાર્વત્રિક મેઘમહેર શરૂ થયા બાદ સાંજ સુધીમાં છએય તાલુકાઓમાં ૨થી ૫ ઈંચ સુધીની સાર્વત્રિક મેઘમહેર થયાના પગલે નદીઓમાં ઘોડાપૂર આવ્યા હતા. આજે સમી સાંજે એક કલાકમાં વેરાવળ સોમનાથમાં ૪ અને સુત્રાપાડામાં ૩.૫ ઈંચ વરસાદ વરસી જતા ઠેર–ઠેર પાણી ભરાયા હતા.

**ઊના**

ઊના મા છ કલાક માં ૩૩મી.મી. અને મોસમ નો કુલ વરસાદ ૩૦૨મી.મી. એટલે બાર ઈંચ વરસાદ વરસી ગયો છે. ગ્રામ્ય વિસ્તાર દેલવાડા, સામતેર, અમોદ્રા, કંસારી નવા બંદર, કેસરિયા તડ, પાલડી, ખાપટ વિગેરે ગામોમાં બે ઈંચ થી વધુ વરસાદ વરસી ગયો છે. ઊનામાં ધોધ માર વરસાદ થી આનદ બઝાર અને નીચાણ વાળા વિસ્તાર મા રોડ ઉપર પાણી નદી ની જેમ વહેવા લાગ્યા હતા. મચ્છુન્દ્રી નદી મા ઘોડા પુર આવેલ અને ઊના મા પસાર થતી મચ્છુન્દ્રી નદી મા સાંજે પાણી ની આવક થઈ છે.



ભાટીયાની બજાર પાણી-પાણી

તસવીરઃ મહેન્દ્ર કક્કડ, દ્વારકા

**મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

કલ્યાણપુર તાલુકામાં મેઘરાજાએ તોફાની બેટીંગ કરતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. તાલુકાના ભાટીયા, રાવલ, કેનેડી, લીંબડી સહિત ગ્રામીણ વિસ્તારોમાં ગાજવીજ સાથે ધોધમાર વરસાદથી રોડ–રસ્તા પર પાણી ભરાયા હતા અને ગ્રામીણ વિસ્તારોમાં ઠેરઠેર પાણી ફરી વળ્યા હતા. નદીનાળા છલકાતાં શહેરી તથા ગ્રામીણ વિસ્તારોમાં બજારો તથા ઘરોમાં પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. વ્યાપક વરસાદને કારણે ઠેરઠેર વાહનો ફસાયેલા જોવા મળ્યા હતા અને ભારે વરસાદને લીધે જનજીવન પર વ્યાપક અસર જોવા મળી હતી.

(અનુ. આઠમા પાને)


કલ્યાણપુરમાં મેઘાની તોફાની બેટીંગઃ ગાડી બંધ... ધક્કા માર


માણેકવાડા મંદિરમાં પાણી ઘુસ્યા

### આત્માની ખેતી કરવાના શ્રેષ્ઠ દિવસો

# કાલથી જૈનોના ચાતુર્માસનો પ્રારંભ

## ૩૫ ઉપાશ્રયમાં સાધુ-સાધ્વીજી થશે બિરાજમાનઃ ધર્મસ્થાનકોમાં તપ, આરાધના



**અબતક, રાજકોટ**

કાલથી જૈનોના ચાતુર્માસ વિધિવત પ્રારંભ થશે. રાજકોટના ૩૫ ઉપાશ્રયમાં ૧૦૦થી વધુ સાધુ-સાધ્વીજી બિરાજમાન થશે. કારતક માસ સુધી ધર્મ સ્થાનકોમાં જ્ઞાન-દર્શન ચારિત્ર અને તપ ધર્મની આરાધના સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ચાતુર્માસ દરમિયાન શ્રાવક-શ્રાવિકાઓને સાધુ-સાધ્વીજીના દર્શનનો લાભ મળશે.

આત્માની ખેતી કરવાના શ્રેષ્ઠ દિવસો કહેવાના આવે છે. તેવું મનોજભાઇ ડેલીવાળાએ જણાવ્યું છે.ચાતુર્માસ એટલે મેઘ અને મુનીની મોસમ ચાતુર્માસ એક ધરતી નવપલ્લવીત કરે છે. તેમજ હૃદયને નવપલ્લવીત કરે છે.

## ઉપાશ્રયમાં ચાતુર્માસમાં સાધુ-સાધ્વીની મંગલ પધરામણી

(૧) ગોંડલ સંપ્રદાયના પૂ.ગુરુદેવ દેવેન્દ્ર મુનિ મ.સા., મનહર પ્લોટ ઉપા. , મો.૯૮૨૫૩ ૧૭૩૩૩
(૨) પૂ.ગુરુદેવ રાજેશ મુનિ મ.સા.તથા પૂ.તત્વજ્ઞ મુનિ મ.સા., ઋષભાનન ઉપાશ્રય,જામનગર ,રોડ, મો.૮૨૦૦૭ ૭૧૨૯૬
(૩) પૂ.ગુરુદેવ સુશાંત મુનિ મ.સા., શ્રી રામ એપાર્ટમેન્ટ, સરદાર નગર શેરી નં.૧૪, મો. ૯૮૨૪૦ ૪૩૭૬૯
(૪) પૂ.ગુરુદેવ હર્ષમુનિ મ.સા.તથા પૂ.રત્નેશ મુનિ મ.સા. શીતલનાથ ઉપા. ૭ અ,મીલપરા, મો.૯૯૭૯૧ ૬૪૨૬૩
(૫) પૂ. વનિતાબાઈ મ.સ.આદિ ઠાણા...,ભક્તિ નગર ઉપાશ્રય, મો. ૯૮૨૪૦ ૪૦૮૭૭
(૬) પૂ.રંજનબાઈ મ.સ., પૂ.સોનલબાઈ મ.સ.આદિ ઠાણા નાલંદા ઉપા., મો.૮૫૧૧૭ ૪૪૨૨૦
(૭) પૂ.જયોતિબાઈ મ.સ., પૂ.સ્મિતાબાઈ મ.સ.આદિ ઠાણા, નેમિનાથ - વીતરાગ ઉપા., મો.૯૮૨૪૨ ૦૦૬૭૦
(૮) પૂ.ગુણીબાઈ મ.સ. તથા પૂ. લીનાબાઈ મ.સ.,વૈશાલી નગર ઉપા., મો.૯૯૭૯૨ ૩૨૩૫૭
(૯) પૂ.નીલમબાઈ મ.સ.તથા પૂ.પ્રમીલાબાઈ મ.સ.,પ્રહલાદ પ્લોટ શેરી નં.૨૨, મો.૯૯૭૯૨ ૩૨૩૫૭
(૧૦) પૂ.હસુતાબાઈ મ.સ.તથા પૂ.હર્ષિદાબાઈ મ.સ., જંકશન પ્લોટ ઉપા., મો.૯૪૦૮૬ ૬૪૬૯૬
(૧૧) પૂ.કિરણબાઈ મ.સ., સાધુ વાસવાણી રોડ ઉપા.,મો.૮૨૦૦૫ ૮૨૯૦૯
(૧૨)પૂ.સુશિલાબાઈ મ.સ.આદિ ઠાણા,રામ કૃષ્ણ નગર ઉપા. , મો.૯૯૭૯૨ ૩૨૩૫૭
(૧૩) પૂ.ઉષાબાઈ મ.સ., પૂ.વીણાબાઈ મ.સ.આદી ઠાણા,ધર્માલય,આત્મિય કોલેજ પાસે, મો.૯૮૨૧૧ ૮૫૯૩૦
(૧૪) પૂ.વીણાબાઈ મ.સ., શ્રમજીવી આરાધના ભવન, મો.૯૯૭૯૨ ૩૨૩૫૭
(૧૫) પૂ.કિરણબાઈ મ.સ., આરાધના ભવન,,વીતરાગ સોસાયટી, મો. ૯૮૨૪૨ ૦૦૬૭૦
(૧૬) પૂ.ભાનુબાઈ મ.સ.આદી ઠાણા.., શ્રમજીવી ઉપા.,મો. ૯૯૦૯૨ ૬૪૫૫૪
(૧૭) પૂ.શાંતાબાઈ મ.સ.આદી ઠાણા.., જય જિનેન્દ્ર આરાધના ભવન, જન કલ્યાણ સોસાયટી, મો. ૯૯૦૪૦ ૮૬૫૫૨



મનોજ ડેલીવાળા

(૧૮) પૂ.હંસાબાઈ મ.સ.આદી ઠાણા..., ગીત ગુર્જરી ઉપા., મો. ૯૮૨૫૪ ૩૮૧૩૯
(૧૯ ) પૂ.વિજ્યાબાઈ મ.સ.આદી ઠાણા..,સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪
(૨૦) પૂ.સાધનાબાઈ મ.સ., પૂ.સંગીતાબાઈ મ.સ., રાજગીરી,યુનિવર્સિટી રોડ,મો. ૯૧૫૭૫ ૧૮૬૦૦
(૨૧) પૂ.વનિતાબાઈ મ.સ.આદી ઠાણા.. રેસકોર્સ પાર્ક ઉપા., મો.૯૮૨૫૫ ૧૧૨૯૫
(૨૨) પૂ.દીક્ષિતાબાઈ મ.સ., સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪
(૨૩) પૂ.સુમતિબાઈ મ.સ.આદી ઠાણા..,સરદાર નગર ઉપા., મો. ૯૮૨૫૦ ૭૪૭૫૨
(૨૪) પૂ.વિનોદીની બાઈ મ., પૂ.ભાવનાબાઈ મ.સ., હેતલ એપાર્ટમેન્ટ, ૬/૧૪ જાગનાથ પ્લોટ, મો.૯૮૨૪૦ ૪૩૭૬૯
(૨૫) પૂ.કલ્પનાબાઈ મ.સ., પૂ.અજીતાબાઈ મ.સ.આદી ઠાણા.., મહાવીર નગર ઉપા., મો. ૯૯૨૪૯ ૦૩૬૦૦
(૨૬) પૂ.સુનિતાબાઈ મ.સ., પૂ.શ્વેતાંશીબાઈ મ.., શેઠ ઉપાશ્રય, મો. ૯૪૨૯૫ ૬૨૯૦૦
(૨૭) પૂ.પૂનિતાબાઈ મ.સ., પૂ.જયણાબાઈ મ.સ.., ગોંડલ રોડ વેસ્ટ ઉપા., મો.૯૪૨૬૨ ૫૪૩૦૫
(૨૮) પૂ.રમ્પાબાઈ મ.સ., ડો.પન્નાબાઈ મ.સ.આદી ઠાણા.., સદર ઉપા., મો. ૯૩૭૪૧ ૨૭૯૨૪
(૨૯) પૂ.સમાધિજી મ.સ.આદી ઠાણા.., વિરાણી પૌષધશાળા, મો. ૯૮૨૫૦ ૭૪૭૫૨
(30) પૂ.દીવ્યતાજી મ.સ.આદી ઠાણા.., રોયલ પાર્ક ઉપા., મો.૯૮૨૪૦ ૪૩૭૬૯
(૩૧) પૂ.કુસુમબાઈ મ.સ.આદી ઠાણા.. ઋષભદેવ ઉપા. ફોન નં. ૨૫૮૧૬૯૫
(૩૨) પૂ.ચંદનબાઈ મ.સ.આદી ઠાણા.. સુમતિનાથ ઉપા., ગીતાનગર, ફોન નં. ૨૩૭૨૨૮૯
(૩૩) પૂ.મૈત્રીજી મ.સ.આદી ઠાણા.., પાર્શ્વનાથ ઉપા. , ૪,જનતા સોસાયટી, મો.૯૮૨૪૫ ૧૫૦૯૭
(૩૪) પૂ.ધીરતાબાઈ મ.સ.આદી ઠાણા.., (અજરામર સંપ્રદાય ), અજરામર ઉપા., મો.૯૮૨૫૩ ૩૬૧૯૪
(૩૫) પૂ.નમ્રતાબાઈ મ.સ. તથા પૂ.વીરાજ્ઞાબાઈ મ.સ., (ખંભાત સંપ્રદાય ), પ્રહલાદ પ્લોટ ઉપા.શેરી નં.૧૩, મો.૯૯૭૯૯ ૧૧૧૨૯

**અષાઢ સુદ પુનમથી કારતક સુદ પુનમ ચાર માસ દરમિયાન ધર્મ સ્થાનકોમા પૂ.સંત - મહાસતિજીઓના પાવન સાનિધ્યમાં જ્ઞાન, દર્શન,ચારિત્ર અને તપ ધર્મની વિપુલ પ્રમાણમાં આરાધના થશે : મનોજ ડેલીવાળા**

### મેક ઇન ઇન્ડિયાનું સ્વપ્ન સાકાર કરતી બી.એચ.ગાર્ડી કોલેજ

# સિંગલ સીટ ઇલેક્ટ્રીક બાઇક ‘ડિઝાઇન’ને સરકાર દ્વારા પેટન્ટ પ્રાપ્ત

**અબતક, રાજકોટ**

વર્તમાન સમય સમગ્ર વિશ્વ ગ્લોબલ વોર્મિંગની ગંભીર સમસ્યા સામે જજુમી રહ્યું છે, ત્યારે બી.એચ.ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીના આચાર્ય, પ્રોફેસર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા બનાવવામાં આવેલ સિંગલ સીટ ઇલેક્ટ્રીક બાઈક’ ડિઝાઈનને ભારત સરકાર દ્વારા પેટન્ટ પ્રાપ્ત થઈ જે ગાર્ડી પરિવાર માટે ગૌરવપૂર્ણ બાબત છે.

આજે વિશ્વના તમામ દેશો ગ્લોબલ વોર્મિંગની વિપરીત અને ગંભીર અસરોનો સામનો કરી રહ્યા છે. તેમાં પણ ભારતમાં વસ્તી કરતાં વાહનોની સંખ્યા વધારે છે, ત્યારે ગ્લોબલ વોર્મિંગની આ સમસ્યાના ઉકેલ માટે બી.એચ.ગાર્ડી કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થી મિલન હાંસલિયા, આચાર્ય ડો. વિમલ પટેલ અને મિકેનિકલ વિભાગના પ્રો. વિજય મહેતા દ્વારા આવિષ્કાર કરવામાં આવેલ સિંગલ સીટ ઈલેક્ટ્રીક બાઈકને ભારત સરકાર દ્વારા પેટન્ટ પ્રાપ્ત થઈ છે. આ સિંગલ સીટ બાઈકની વિશેષતા જોઈએ તો તે ઓછું વજન અને વધુ કાર્યદક્ષતા ધરાવે છે અને દ્વિચક્રીય વાહન ચલાવતા લોકો માટે વધુ અસરકારક આ બાઈક એક ઉત્તમ વિકલ્પ બની રહેશે તેવી આશા સેવવામાં આવી રહી છે. આ ઉપરાંત આ ઈલેક્ટ્રીક બાઈક ધ્વની પદુષણ, હવાનું પ્રદુષણ અને પર્યાવરણના સંરક્ષણ માટે મહત્વનું સાબિત થશે. ભારત સરકાર દ્વારા પેટન્ટ મળવા બદલ ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી.વી. મહેતા અને ડાયરેક્ટર જય મહેતાએ મિલન હાંસલિયા, આચાર્ય ડો. વિમલ પટેલ અને મિકેનિકલ વિભાગના પ્રો.વિજય મહેતા ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા છે.











### સદર તાજિયા કમિટી દ્વારા

# મહોર્રમ પર્વની શાનદાર ઉજવણીઃ પોલીસ કમિશનર બ્રજેશ ઝાને કરાયા સન્માનિત

## એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, સજ્જનસિંહ પરમાર સહિતના પોલીસ જવાનોનું કરાયું સન્માન



**અબતક, રાજકોટ**

ઈસ્લામ ધર્મના સ્થાપક હઝરત મહમદ પૈયગંબર સાહેબ (સ.અ.વ.) ના દોહિત્ર ઈમામે આલીમકામ હઝરત ઈમામ હુશેન અને તેના ૭૨ જાનીસાર સાથીઓએ કરબલાના રણ મેદાનમાં ભુખ્યા પ્યાસા રહીને જે સહાદત વહોરી લીધી. તેઓના રોજાના પ્રતિક રૂપે રાજકોટ સદર વિસ્તારમાં આજે અંદાજે નાના મોટા ૨૭ જેટલા તાજીયાઓનું વિશાળ ઝલુસ નાણાવટી ચોક પાસેથી શરૂ થઈ અને રૈયા ચોકડી, આમ્રપાલી, આઝાદ ચોક, કિશાનપરા ચોક, જિલ્લા પંચાયત ચોક, ફુલછાબ ચોક થઈને મોટી ટાંકી ચોક, લીમડા ચોક, એસ.બી.આઈ. ચોક, જવાહર રોડ, જયુબેલી ચોકથી ટર્ન લઈને હરીહર ચોક, સદર બજાર મેઈન રોડ પરથી સૌ તાજીયા પોત પોતાના માતમ તરફ પ્રયાણ કરેલ હતા.

આ પ્રસંગે ફુલછાબ ચોકમાં મહોરમ પર્વ નિમિતે તાજીયા, ઝુલુસ દરમીયાન કાયદો અને વ્યવસ્થાની સુંદર પરિસ્થિતિ જાળવવા બદલ રાજકોટના નવ નિયુકત પોલીસ કમીશ્નર બ્રજેશ ઝા સાહેબનું શિલ્ડ, સાલ અને પુષ્પગુચ્છથી તાજીયા કમિટીના પ્રમુખ હબીબભાઈ કટારીયા,

(અનુ. આઠમા પાને)

# તાજીયાના જુલુસનું સ્વાગત કરતા ભાજપ અગ્રણી

### મુસ્લિમ સમાજના આગેવાનોએ ભાજપ પ્રમુખ મુકેશ દોશી સહિતના આગેવાનોનું સન્માન કર્યું



**અબતક, રાજકોટ**

મુસ્લિમ સમાજ દ્વારા ‘‘મહોર્રમ’’ના પવિત્ર તહેવારનું પર્વમાં કલાત્મક તાજીયા બનાવી શહેરના માર્ગો પર ઠેર ઠેર સબીલ ઉભી કરવામાં આવે છે. જેમાં હઝરત ઈમામ હુસેન અને તેના સાથીદારોએ સહાદત વ્હોરેલી હતી.

(અનુ. આઠમા પાને)

### રોયલ એકેડમી ઈન્ડિયાના ઉપક્રમે

# સુરીલા સફરના સથવારે રવિવારે મહમદ રફીને ભાવાંજલિ આપતો કાર્યક્રમ

### રોયલ એકેડમી- ઈન્ડિયા અને સુરીલા ગ્રુપના ગાયકવૃંદ કરાઓકે ટ્રેક ઉપર મધુર સ્વર લહેરાવશેઃ કાર્યક્રમની વિગત આપવા આયોજકોએ લીધી ‘અબતક’ની મુલાકાત

**અબતક, રાજકોટ**

ગુજરાતની મોટામાં મોટું સંગીતપ્રેમીઓનું ૪૦૦ સભ્યોનું ગ્રુપ ધરાવતી લોકમાન્ય સંસ્થા એટલે ‘‘રોયલ એકેડમી-ઈન્ડિયા’’ આ નામાંકિત સંસ્થાના ઉપક્રમે સુરીલા સફર ગ્રુપના સથવારે એક સંગીતનો અનોખો પ્રોગ્રામ યોજાઈ રહેલો છે. ભારતીય સંગીત ક્ષેત્રમાં હજારો ગીત ગાઈને અમર થનાર મોહમદ રફી સાહેબનો ભાવાંજલિનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રોયલ એકેડેમી-ઈન્ડિયા અને સુરીલા સફર ગ્રુપના ગાયકવૃંદ પોતાની અનોખી કલા દ્વારા કરાઓકે ટ્રેક ઉપર મધુર સ્વર લહેરાવશે.

ચંદ્રકાંતભાઈ શેઠ અને મનીષભાઈ પેશાવરીયાની આગેવાની હેઠળ સોનાબેન શાહ, ફાલ્ગુનીબેન મહેતા, સોનલબેન

(અનુ. આઠમા પાને)



તસવીરઃ કરન વાડોલિયા



## સેલ... સેલ... સેલ...

# મેટ્રો શુઝમાં વિવિધ બ્રાન્ડના ફૂટવેર કલેકશનમાં ૬૦% સુધીનું ડિસ્કાઉન્ટ

### મેન્સ, લેડીસ અને કિડ્સવેરના ફૂટવેરમાં પાર્ટીવિર એથનીક, સ્પોર્ટ્સ કલેક્શનનો વિશાળ ખજાનો ઉપલબ્ધ

**અબતક, રાજકોટ**

રંગીલા રાજકોટમાં વર્ષોથી માલવિયા ચોક ખાતે આવેલ મેટ્રો શુઝમાં અવનવા ડિઝાઈનના ફૂટવેર કલેક્શન મળે છે ત્યારે હાલ મેટ્રો શુઝમાં સેલનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેલમાં ફૂટવેરમાં

(અનુ. આઠમા પાને)







મેટ્રો બ્રાન્ડના ફૂટવેરમાં અધધધ ૬૦% ડિસ્કાઉન્ટ જ્યારે ફિલા, સ્કેચર્સ સહિતની બ્રાન્ડમાં અપ ટુ ૪૦% ડિસ્કાઉન્ટઃ ફૂટવેરની ખરીદી કરવા લોકોનો ધસારો

### મેટ્રો બ્રાન્ડના ફૂટવેર પર ૨૨મી જુલાઇ સુધીમાં ૬૦% ડિસ્કાઉન્ટનો લાભ મળશેઃ લક્ષ્મણભાઇ પરમાર

‘અબતક’ સાથેની વાતચિતમાં મેટ્રો શુઝના સ્ટોર મેનેજર લક્ષ્મણભાઈ પરમારએ જણાવ્યું હતું કે હું ઘણા સમયથી મેટ્રો બ્રાન્ડ સાથે જોડાયેલ છું. છેલ્લા ત્રણ વર્ષથી મેટ્રો શુઝમાં મેનેજર તરીકે જવાબદારી સંભાળું છું. મેટ્રો શુઝમાં હાલ ભવ્ય સેલ આવ્યો છે. મેટ્રો બ્રાન્ડના ફૂટવેર કલેક્શનમાં હાલ ૬૦% જેટલું ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે તથા અધર બ્રાન્ડ જેમ કે સ્કેચર્સ, ફીલા, દાવીચી સહિતની લક્ઝુરીયસ બ્રાન્ડમાં અપટુ ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે.



(અનુ. આઠમા પાને)

### ટેક્સચોરીના કિમીયાનો પર્દાફાશ

# રોકડની હેરાફેરી કરતા ગોંડલના નિલેશ ભાલોડી અને અગાભી પીપળીયાના જયસુખ ફેફરની ધરપકડ:રૂ.૨.૧૪ કરોડ જપ્ત

## બિલ વગર ખેતપેદાશોની લે-વેચ કરતા વેપારીઓ પાસે કમિશન વસુલી કૌભાંડ આચરતા'તા : આર્થિક ગુના નિવારણ શાખાની તપાસમાં ભોપાળું છતું થયું



**અબતક, રાજકોટ**

ટેક્સચોરી કરવા રોકડની હેરાફેરી કરતા ગોંડલ અને વાંકાનેરના શખ્સને રાજકોટ આર્થિક ગુન્હા નિવારણ શાખાએ ઝડપી લઈ રૂ. ૨.૧૪ કરોડની રોકડ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ બંને શખ્સો યાર્ડમાં પેઢી ખોલી બિલ વગર ખેતપેદાશોનું વેચાણ કરતા વેપારીઓની રોકડ રકમની હેરાફેરી કરતા હતા અને પોતાનું કમિશન રાખીને ટેક્સચોરીનું કૌભાંડ ચલાવતા હતા.

રાજકોટ આર્થિક ગુના નિવારણ શાખા દ્વારા આજે બે શખસોને ઝડપી પાડ્યા હતા અને તેમની પાસેથી ૯૦ લાખની રોકડ કબ્જે કરી પુછપરછ કરતા તેની ઓફિસ ખાતે વધુ ૧ કરોડ ૨૪ લાખ રોકડ રકમ મળી આવતા કુલ ૨.૧૪ કરોડ કબ્જે કરવામાં આવ્યા છે. પોલીસ તપાસમાં આ બંને શખસોએ ઉપલેટા યાર્ડમાં પેઢી ખોલી ખેતપેદાશોની લે-વેચ કરતા વેપારીઓને રોકડ રકમ કમિશન મારફત મેળવી કેશ ટ્રાન્ઝેક્શનને અન્કેશ કરી આપતા હતા, જેમાં ૧ લાખ રૂપિયા સામે તેઓ ૫૫૦ રૂપિયા કમિશન લેતા હોવાનું સામે આવ્યું છે. હાલ પોલીસે બંને શખસોની અટકાયત કરી ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે.



રાજકોટ શહેર ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, રાજકોટ શહેર આર્થિક ગુન્હા નિવારણ શાખાને ચોક્કસ બાતમી મળી હતી કે, નિલેશ ભાલોડી અને જયસુખ ફેફર રોકડ રકમની મોટા પાયે હેરાફેરી કરી રહ્યા છે. આ બંને શખસો કેટલાક વેપારીઓના રૂપિયા મેળવી એક જગ્યાથી બીજી જગ્યા પહોંચતા કરી તેમાંથી કમિશન મેળવી રહ્યા છે. આ દરમિયાન તેઓ પોતાની કારમાંથી રોકડ રકમ ટ્રાન્સફર કરી રહ્યા હતા ત્યારે તપાસ કરતા તેની પાસેથી ૯૦ લાખ રોકડ મળી આવી હતી. ત્યારબાદ તેની આગળની પૂછપરછ કરવામાં આવતા નાના મવા રોડ પર આવેલા નાઈન સ્કવેર બિલ્ડીંગ ખાતે તેની ઓફિસમાં તપાસ કરતા વધુ રોકડ રકમ મળી આવી હતી. આ બંને શખસો પાસેથી પોલીસને પ્રથમ ૯૦ લાખ અને ઓફિસમાંથી ૧ કરોડ ૨૪ લાખ વધુ રોકડ રકમ મળી આવતા કુલ ૨.૧૪ કરોડ કબ્જે કરવામાં આવ્યા છે.

પુછપરછ કરતા આ બંને શખસોએ બે પેઢી ખોલી હતી, જે ઉપલેટા માર્કેટિંગ યાર્ડની અંદર કાર્યરત હતી. આ બંને પેઢીઓના અલગ-અલગ બેન્કમાં એકાઉન્ટ હોવાનું સામે આવ્યું છે. જે ખેત પેદાશોની લે-વેચના પૈસા તેની અંદર જમા કરાવતા હતા. આ ઉપરાંત જે આવા વેપારીઓ હોય કે જે બિલ વગર ટેક્સ ચોરી કરી રોકડ રકમમાં ધંધો કરવા માંગતા હોવ તો તેઓ માલ અન્ય જગ્યાએ વહેંચતા અને રૂપિયા આ બંને શખસોના ખાતામાં જમા કરાવતા હતા. રોકડ રકમ ટ્રાન્સફર કરવા માટે આ બંને શખસો કમિશન મેળવતા હતા, જેમાં તેઓ ૧ લાખ રૂપિયા સામે રૂપિયા ૫૫૦ મેળવતા હતા. આ ઉપરાંત જે ખેત પેદાશો ખરીદ વેંચાણ કર્યું તેના બિલ ઉભા કરતા હતા.

હાલ આર્થિક ગુન્હા નિવારણ શાખા દ્વારા રોકડ રકમ કબ્જે કરી ફરિયાદ નોંધી. આ મામલે ઈન્કમ ટેક્સ વિભાગને પણ જાણ કરી છે તેમજ આ બંને શખસો કેટલા સમયથી આ પ્રકારે કમિશનથી રકમ ટ્રાન્સફર કરી આપતા હતા તે દિશામાં વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# સ્તનપાન કરતી વેળાએ દોઢ માસની બાળાએ માતાના ખોળામાં દમ તોડયો

## બાળકીનો શ્વાસ રૂંધાતા સારવાર અર્થે ખસેડતા તબીબે મૃત જાહેર કરતા પરિવાર પર આભ ફાટ્યું

**અબતક, રાજકોટ**

શહેરના મવડીમાં રંગોલી પાર્ક બ્લોક નંબર સી-૫માં રહેતા કલ્પેશભાઈ વિરાડીયાની દોઢ માસની પુત્રીનું માતાની ગોદમાં સ્તનપાન કરતી વેળાએ શ્વાસ રૂંધાતા મોત નિપજ્યું હતું.બનાવથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

શહેરના મવડીમાં રંગોલી પાર્ક બ્લોક નંબર સી-૫ માં રહેતા કલ્પેશભાઈ વિરાડીયાની દોઢ માસની નવજાત પુત્રી સનવીનું ગઈ કાલે બપોરના અઢી વાગ્યાના અરસામાં બાળકીના માતા બાળકીને ધાવણ ધવરાવતા હોય તે સમયે અચાનક બાળકીનો શ્વાસ રુંધાતા બાળકી હલનચલન કરતી હોય,જેથી તેને સારવાર અર્થે ઝનાના હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી,જ્યાં ચાલુ સારવારમાં મોત નીપજતાં પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે. પોલીસની પ્રાથમિક તપાસમાં બાળકીનું ફીડિંગ કરતી વેળાએ અચાનક શ્વાસ રુંધાતા મોત નિપજ્યું છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરતા હેડ કોન્સ્ટેબલ ભગીરથસિંહ ખેર સહિતના સ્ટાફે હોસ્પિટલ પહોંચી જરૂરી કાગળો કરી ધોરણસરની તપાસ હાથધરી છે.

બાળકીના પિતા કલ્પેશભાઈ મજૂરી કામ કરી ઘરનું ગુજરાન ચલાવે છે.મૃતક બાળકીના બે બહેનોમાં સૌથી નાની છે. બનાવથી પરિવારમાં ઘેરો શોક છવાઈ જવા પામ્યો છે.

# પઠાણી ઉઘરાણીથી કંટાળીને યુવકે ફિનાઈલ ગટગટાવ્યું

## પત્નીની સારવાર માટે ૧૦ હજાર વ્યાજે લીધેલા: ૮૦ હજાર ચૂકવ્યા છતાંય વ્યાજખોરે પીછોનો છોડતા ભર્યું પગલું

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના અંકુર સોસાયટીમાં રહેતા યુવકે વ્યાજખોરોના ત્રાસથી ગોકુલધામ ક્વાર્ટર્સ પંચશીલ સોસાયટી પાસે ફિનાઈલ પીધું હતું.પોલીસે બનાવ અંગે માલવિયાનગર પોલીસે વધુ તપાસ હાથધરી છે.પત્નીની સારવાર માટે ૧૦ હજાર વ્યાજે લીધેલા : ૮૦ હજાર ચૂકવ્યા છતાંય વ્યાજખોરે પીછોનો છોડતા યુવાને પગલું ભર્યું હતું.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ રાજકોટ શહેરના અંકુર સોસાયટી મેઈન રોડ નજીક રહેતા રઘુભાઈ રમેશભાઈ ગઢીયા (ઉં.વ.૩૭) નામના યુવાને ગતરોજ બપોરના ચારેક વાગ્યાના અરસામાં પોતે ગોકુલધામ ક્વાર્ટર્સ પંચશીલ સોસાયટીમાં હતો ત્યારે ફિનાઈલ પી લેતા તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં યુવકે આશરે દોઢેક માસ પહેલા પત્નીની સારવાર માટે હનીફ નામના વ્યકિત પાસેથી રૂપિયા દસ હજાર હાથ ઉછીના લીધા હોય, રકમના વ્યાજ પેટે રઘુભાઈએ એંશી હજારની રકમ ચૂકવી દીધી હોય આમ છતાં યુવક પાસે હનીફ નામનો શખ્સ રૂપિયા પંદર હજારની ઉઘરાણી માટે ધમકીઓ આપી કરી રહ્યો હોય,જેથી કંટાળીને યુવકે ફિનાઈલ પી લેતા તેને સારવાર અર્થે ખસેડાયો હતો.રઘુભાઈ રીક્ષા ચાલક છે અને તેને સંતાનમાં એક પુત્રી છે. હોસ્પિટલ ચોકીના સ્ટાફે માલવિયા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે.

### હત્યાને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ હીન બનાવતી પ્ર.નગર પોલીસ

# સાથી કર્મચારી એ જ બીજા માળેથી ધક્કો મારી શ્રમિકને મોતને ઘાટ ઉતાર્યાનો ખુલાસો

## પોપટપરામાં બની રહેલા પ્રધાનમંત્રી આવાસ યોજનાનો બનાવ : નજીવી બાબતે બોલચાલી થતાં ધક્કો મારી દીધાનો પોલીસની તપાસમાં ઘટસ્ફોટ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરમાં નજીવી બાબતે મારામારી, હુમલા, હત્યાનો પ્રયાસ અને ખૂનના બનાવ છાસવારે સામે આવતા હોય છે ત્યારે આવો વધુ એક બનાવ સામે આવ્યો છે. શહેરના પોપટપરા પાસે નવા બંધાતા પ્રધાનમંત્રી આવાસ યોજના બિલ્ડિંગમાં મજૂરીકામ કરતાં એમપીના યુવકનું બે દિવસ પહેલાં વહેલી સવારે બીજા માળેથી પટકાતાં મોત થયું હતું. જે બનાવમાં હત્યા થયાનું પોલીસ તપાસમાં ખુલ્યું છે.

મધ્યપ્રદેશના દેહડલા ગામે રહેતા રમેશભાઈ મગનભાઈ વાસ્કેલાએ ફરિયાદ નોંધાવી હતી કે, તે હાલ જામનગરના કાલાવડ તાલુકાના ખરેડી ગામે રહેતા હોવાનું અને તેનો નાનોભાઈ પિન્ટુ છેલ્લા એક માસથી રાજકોટમાં પોપટપરા પાસે આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનાના નવા બંધાતા બિલ્ડિંગમાં સેન્ટ્રીંગ કામ કરતો હોય અને તેના જ ગામનો સુરેશ હેમતા વાસ્કેલા સાથે ઓરડીમાં ત્યાં રહેતો હોય



તા.૧૫ના રોજ તેના ગામના રાજુભાઈનો ફોન આવેલ કે, પિન્ટુભાઈ બિલ્ડિંગના બીજા માળેથી નીચે પડી ગયો હોવાનું અને તેને સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો હોવાનું જણાવ્યું હતું. જેથી તે રાજકોટ આવ્યા હતા અને થોડીવાર બાદ તેના ભાઈનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

અંતિમવિધિ બાદ પરત રાજકોટ આવી તપાસ કરતાં રામલાલે તેને જણાવ્યું કે, તા.૧૫ના રોજ તેનો ભાઈ પિન્ટુ બીજા માળેથી નીચે પડી ગયા બાદ ડેકારો થતાં તેને તપાસ કરતાં ત્યાં રાજુ, રામુ સહિતના લોકો હાજર હતા અને તેને સારવાર માટે હોસ્પિટલે ખસેડાયો હતો જે બનાવમાં તેના ભાઈ પિન્ટુને સુરેશ વાસ્કેલા સાથે આગલા દિવસે કોઈ વાતમાં ઝઘડો થયો હોય જેનું બન્નેએ સમાધાન પણ કરી લીધું હતું, ત્યારબાદ તા.૧૫ના રોજ વહેલી સવારે પિન્ટુ અને સુરેશને માથાકૂટ થઈ હતી ત્યારબાદ સુરેશએ પિન્ટુને ધક્કો મારી બીજા માળેથી ફેંકી દીધો હોવાનું જણાવતા પ્ર.નગર પીઆઈ બી.એમ.ઝનકાંત સહિતના સ્ટાફે તપાસ કરતાં પિન્ટુએ તેનો મોબાઈલ સુરેશ હેમતાને વાપરવા આપ્યો હતો જે પરત નહીં દેતા બન્ને વચ્ચે સામાન્ય ઝઘડો થયો હતો. જેનો ખાર રાખી સુરેશે ધક્કો મારી બીજા માળેથી ફેંકી હત્યા કર્યાનું બહાર આવતાં પોલીસે મૃતક પિન્ટુના ભાઈ રમેશની ફરિયાદ પરથી હત્યા સહિતનો ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય બાબત છે કે, આ બનાવ બાબતે યોગ્ય તપાસ કરવા માટે પ્ર.નગર પોલીસ સ્ટેશન દ્વારા બે ટીમો બનાવી વધુ તપાસ હાથ ધરેલ હતી. તપાસ દરમિયાન આજુબાજુમાં રહેતા લોકો કે જેઓ આ આવાસ યોજનામાં કામ કરે છે તેમના નિવેદનો લેવામાં આવેલ તથા યુક્તિ પ્રયુક્તિથી તમામ મજૂરોની પૂછપરછ કરવામાં આવેલ હતી. આ તપાસ દરમિયાન પોલીસને એક વ્યક્તિ પર શંકા ગયેલી. જેથી તે દિશામાં વધુ ઝીણવટભરી તપાસ કરતાં જાણવા મળેલ કે મરણ જનારનું મૃત્યુ અકસ્માતના કારણે નહીં પરંતુ ચોથા માળેથી ધક્કો મારી દેવાના કારણે થયેલ હતું. ધક્કો મારવાનું કારણ મરણ જનાર તથા આરોપી વચ્ચે બનાવના આગલા દિવસે તથા બનાવના દિવસે ઉગ્ર બોલાચાલી તથા ઝઘડો થયેલ હતો. ઝઘડો થવાના કારણે આરોપીએ મરણ જનારને ચોથા માળેથી ધક્કો મારેલ હતો અને એના કારણે મૃત્યુ થયેલું હતું. આમ આ એક અકસ્માત મોતનો બનાવ નહીં પણ ધક્કો મારી દેવાના કારણે થયેલી હત્યાનો બનાવ હોવાનું સામે આવ્યું હતું.


### ગોંડલ આશાપુરા મંદિરમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલાયો

# ક્રાઈમ બ્રાન્ચે રૂખડીયાપરાના કપ્તાનસિંહની ધરપકડ કરી રૂ.૬૧ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

## સંજયસિંહ ફુલસિંહ નાઈક અને પ્રમોદ ક્રિપાલ બિહારી સાથે મળી લૂંટ આચર્યાની કબૂલાત: બંનેની શોધખોળ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લાના ગોંડલમાં રાજવીકાળના આશાપુરા માતાજીના મંદિરમાં થયેલી લૂંટનો ભેદ ઉકેલી રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચે રૂખડીયાપરામાં રહેતા કપ્તાનસિંહની ધરપકડ કરી



૬૧,૦૦૦નો મુદામાલ કબ્જે કરી ફરાર અન્ય બે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળતા આરોપીને પકડવા વોચ ગોઠવી હતી. ૧૨ દિવસ પહેલાં ગોંડલના આશાપુરા માતાજીના મંદિરમાં પૂજારીને બંધક બનાવી લૂંટ કરાયેલ હતી, જેમાં માતાજીને ચડાવવામાં આવેલ છતર તેમજ દાનપેટીમાં રહેલી રોકડ રકમની લૂંટ ચલાવવામાં આવી હતી. આ અંગે રાજકોટ શહેર ક્રાઈમ બ્રાંચ ટીમ તપાસમાં હતી. ત્યારે બાતમી મળી હતી કે, આશાપુરા મંદિરમાં લૂંટ કરનાર આરોપી રાજકોટના જામનગર રોડ પર રૂડા ઓફિસ સામે પથિકાશ્રમ પાસે ઉભો છે. બાતમી મળતા તુરંત વોચ ગોઠવી આરોપી કુવરપાલસિંહ ઉર્ફે કપ્તાનસિંહ નિર્પતસિંહ નાઈક (ઉ.વ.૬૦) ને ઝડપી પાડવામાં આવ્યો હતો.

આરોપી કુવરપાલસિંહ ઉર્ફે કપ્તાનસિંહ નિર્પતસિંહ નાઈક મૂળ ઉત્તરપ્રદેશનો રહેવાસી હોવાનું અને હાલ રાજકોટના રૂખડીયાપરામ રહેતો હોવાનું સામે આવ્યું છે જેને ઝડપી લઈ તેની પાસેથી પોલીસે સોનાના ચાંદલા રૂપિયા ૫૩,૦૦૦, ચાંદીના છતર કિંમત રૂપિયા ૬,૦૦૦, તેમજ ૧૨૬ એક રૂપિયાના સીકકા, સળીયા કાપવાનું કટ્ટર, છરો, બેગ, ટોર્ચ બેટરી, મોબાઈલ મળી કુલ રૂપિયા ૬૧,૦૩૬નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.પકડાયેલ આરોપીની પૂછપરછમાં સામે આવ્યું હતું કે, બારેક દિવસ પહેલાં કુંવરપાલસિંહ ઉર્ફે કપ્તાનસિંહે અન્ય બે આરોપી સંજયસિંહ ફુલસિંહ નાઈક અને પ્રમોદ ક્રિપાલ બિહારી સાથે મળી રાત્રિના એકાદ વાગ્યે મોઢા પર માસ્ક બાંધી ગોંડલના આશાપુરા મંદિરમાં સિક્યોરિટી ગાર્ડને ખુરશી સાથે બાંધી લોખંડ કાપવાના કટ્ટરથી મંદિરની ઝાળી કાપી અલગ અલગ મંદિરમાંથી સોનાના ચાંદલા, ચાંદીના છતર, ચાંદીની થાળી, ચાંદીના મુગટ વગેરેની લૂંટ કરી હતી. હાલ પોલીસે આરોપીને ગોંડલ પોલીસને સોંપી જે બે આરોપીના નામ ખુલ્યા છે તે સંજયસિંહ અને પ્રમોદની શોધખોળ હાથ ધરી છે.

# મોરબી રોડ જકાતનાકા નજીક નિર્દયી માતાએ ત્યજી દીધેલું નવજાત શિશુ મળી આવ્યું

## અક્ષર પાર્ક સોસાયટીના ખુલ્લા પ્લોટમાંથી મળી આવેલા નવજાતને સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખાતે ખસેડી કાયદેસરની કાર્યવાહી શરૂ



**અબતક, રાજકોટ**

રાજકોટના મોરબી રોડ જકાતનાકા નજીકથી નિર્દયી માતાએ ત્યજી દીધેલું નવજાત શિશુ મળી આવ્યું હતું. અક્ષરપાર્ક સોસાયટીના શેરી નં. ૧ માં ખુલ્લા પ્લોટમાંથી તરછોડી દીધેલું નવજાત શિશુ મળી આવતા તાત્કાલિક સારવાર અર્થે જનાના હોસ્પિટલ ખાતે ખસેડી દેવામાં આવ્યો હતો. જ્યારે બીજી બાજુ પોલીસે નિર્દયી માતાની શોધખોળ શરૂ કરી છે.

પ્રાપ્ત વિગત અનુસાર જાગૃત નાગરિક દ્વારા ૧૦૮ એમ્બયુલન્સમાં જાણ કરતાં ગ્રીનલેન્ડ ચોકડી નજીકથી ૧૦૮ સેવામાં ફરજ ઉપરના ઈ.એમ.ટી ભાવેશ વાઢેર અને પાઈલોટ ઘનશ્યામ ડાંગર ઘટના સ્થળે જવા માટે નીકળ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર ૧૦૮ સેવા ટીમ દ્વારા નજીકના પોલીસ મથકે જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ પણ દોડી આવી હતી.

ઘટનાસ્થળે નવજાત બાળકને જોઈ અનેક રહીશો પણ દોડી આવ્યા હતાં. ૧૦૮ ટીમ દ્વારા નવજાત શિશુને તપાસ કરતા જાણવા મળ્યું કે નવજાત શિશુ પુરુષ નવજાત શિશુ હોવાનું સામે આવ્યું હતું. વધુ તપાસ કરતા નવજાત શિશુને હાથના ભાગમાં ઈજા પહોંચી હોય તેમજ બાળક ખુલ્લા વાતવરણમાં હોવાથી સંપૂર્ણ સ્વસ્થ નહિ હોવાનું સામે આવ્યું હતું. એટલે ૧૦૮ ટીમ દ્વારા અમદાવાદ ખાતે તજજ્ઞો ડોક્ટરની સાથે ટેલિફોનીક વાતચીત કરી નવજાત શિશુને સારવાર ચાલુ કરી હતી. જે બાદ નવજાતને રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડી ફરજ પરના તબીબે નવજાત શિશુની વધારાની સારવાર અર્થે આઈસીયુમાં રાખવામાં આવ્યું છે અને હામ નવજાત શિશુની તબિયત સ્થિર હોવાનું જણાવાયુ હતું.


**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ટીઆરડી કામ**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/07 તા. 15.07.2024; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2024-25-07; (i) કામનું નામ: [illegible] ટીઆરડી કામ; (ii) અંદાજિત ખર્ચ: ₹ 24,81,484.78/-; (iii) અર્નેસ્ટ મની: ₹ 49,700/-; (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 12.08.2024 ના 15:00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઓએચઈ ફેરફારનું કામ**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/05 તા. 15.07.2024; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2024-25-05; (i) કામનું નામ: જામનગર - અમૃત સ્ટેશન યોજનામાં સીફ્ટ અપગ્રેડેશન / સુધારણાના સંબંધમાં ઓએચઈ ફેરફારનું કામ; (ii) અંદાજિત ખર્ચ: ₹ 55,10,235.78/-; (iii) અર્નેસ્ટ મની: ₹ 1,10,200/-; (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 12.08.2024 ના 15:00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે-રાજકોટ ડિવિઝન**

**ઓએચઈ ફેરફારનું કામ**

ટેન્ડર નોટિસ નં. DRM/RJT/E-Tender/EL/TRD/2024-2025/06 તા. 15.07.2024; ઓફિસનું સરનામું: ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ/ટ્રેક્શન), પશ્ચિમ રેલવે, કોઠી કમ્પાઉન્ડ, રાજકોટ - 360001; વેબસાઈટ ની વિગત: www.ireps.gov.in; ટેન્ડર નં. DRM-RJT-EL-TRD-2024-25-06; (i) કામનું નામ: રાજકોટ - અમૃત સ્ટેશન યોજનામાં સીફ્ટ અપગ્રેડેશન / સુધારણાના સંબંધમાં ઓએચઈ ફેરફારનું કામ; (ii) અંદાજિત ખર્ચ: ₹ 68,68,133.75/-; (iii) અર્નેસ્ટ મની: ₹ 1,37,400/-; (iv) ઓનલાઈન અરજી માટેની તારીખ અને સમય: તા. 12.08.2024 ના 15:00 કલાક સુધી.

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**Rajkot Municipal Corporation**
**e-Tender Notice**

Rajkot Municipal Corporation, ENGINEERING DEPARTMENT, WEST ZONE, Shri Harisinhji Gohil Bhavan, 150' Ring Road, Rajkot - 360005 invites e-Tenders on percentage rate basis with two bid system from experienced contractors registered in appropriate class with GWSSB OR State / Central Government for the work detailed below:

| Sr | Name of work |
|---|---|
| 1 | DEVELOPMENT OF 24.00 MTR TP ROAD OF GANGOTRI PARK MAIN ROAD (FROM UNIVERSITY ROAD TO RAIYA ROAD) IN WARD NO.9 (RETENDER) **(ECV Rs.1,20,00,000/-)** |
| 2 | RECARPET WORK ON ROAD FROM NANDANVAN AAWAS TO RAIYA ROAD (GIRIRAJ NAGAR MAIN ROAD) AND NANAVATI MAIN ROAD (AIRPORT WALL TO NYARA PETROL PUMP) IN WARD NO.9 (4TH ATTEMPT) **(ECV Rs.62,50,000/-)** |

The last date for downloading and submission of online e-Tenders at www.tender.nprocure.com is 03/08/2024. For more details please visit http://www.rmc.gov.in/rmcwebsite/tender.aspx.

**City Engineer**

તંત્રી લેખ

# સૌરાષ્ટ્રમાં સચરાચર મેઘ સવારી ધન-ધાન્યથી અભરે ભરાશે

વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન ધરાવતા ભારતના ડગ હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમપણે આગળ વધી રહ્યા છે ,

ત્યારે દેશના અર્થતંત્રને વેગવાન બનાવવા અને આર્થિક વિકાસ દર યથાવત રાખી ઊંચું લક્ષ્ય પ્રાપ્ત કરવા માટે અર્થતંત્રના ઈંધણ જેવા કૃષિ ક્ષેત્રના વિકાસની સાથે સાથે ઉત્પાદન ક્ષમતા અને ખેડૂતોની આર્થિક સ્થિતિ સુધારવા માટે શરૂ થયેલા પ્રયત્નો હવે અસરકારક રીતે સફળ થઈ રહ્યા છે.. ખેતીમાં ખર્ચ ઘટાડી ખેત પેદાશોની પડતર કિંમત ઓછી કરવામાં સરકારી વિવિધ યોજનાઓ ની સાથે સાથે નેનો યુરિયા ની ઉપલબ્ધિ ખેડૂતોની સવલતની સાથે સાથે ખાતરના ખર્ચનું. ભારણ ઘટાડી દેશે, સરકાર દ્વારા ખરીફ પાક ના ટેકાના ભાવમાં વધારાના નિર્ણય થી ખેડૂતોને ફાયદો થશે ,સાથે સાથે ખેડૂતોને ખેતર માંથી જ ખેત પેદાસના વેચાણની છૂટથી ખેડૂતોને દલાલી અને કમિશન ચૂકવવા માંથી મુક્તિ મળી છે. ત્યારે ખેડૂતોની આવક વધારવા માટે અસરકારક માહોલ ઊભો થઈ રહ્યો છે.

આ વર્ષે કુદરતની કૃપાથી ચોમાસુ સમયસર અને રાહત રૂપ આગળ વધી રહ્યું છે ક્યાંક ક્યાંક આગોતરી વાવણી અને મોલ ઉગી ગયા પછી સમયસરના વરસાદથી આ વખતે વરસ ૧૬આનીપાકે તેઓ અણસાર વર્તાઈ રહ્યો છે ખેડ ખાતરને પાણી લાવે સમૃદ્ધિ તાણી' ની કહેવત આ વખતે ગુજરાત અને દેશ માટે શુકનવંતી પુરૂવાર થાય તેવું દેખાઈ રહ્યું છે.

સમયસર વરસતા વરસાદ અને સારા વરસના અણસારથી છૂટક અને જથ્થાબંધ મોંઘવારી ના દર પણ કાબુમાં રહે અને ફુગાવાની સમસ્યા પણ અર્થતંત્ર માટે ઊભી નહીં થાય તેવા નિષ્ણાત અર્થશાસ્ત્રીઓના મત સારા વરસાદથી સાચા પડે તેવું દેખાઈ રહ્યું છે.

દેશના અર્થતંત્રમાં જેવી રીતે ઔદ્યોગિક ઉત્પાદન અને નિકાસ ની આવકની સારી અસર રહે છે તેવી જ રીતે ગુજરાતના કૃષિ વિકાસ દર પણ દેશના અર્થતંત્ર સાથે સીધો સંબંધ રહેતો આવ્યો છે ''સૌરાષ્ટ્ર- ગુજરાતમાં આ વખતે ચોમાસુ સુખરૂપ આગળ વધી રહ્યું છે, મોટાભાગના ખેડૂતોએ મગફળી કપાસ જેવા તેલીબીયા- રોકડીયા પાકની સાથે સાથે ધાન્ય પાકો ની પણ મન ભરીને વાવણી કરી છે સચરાચર મેઘ સવારીથી'' રામ મોલ'' સારી રીતે ઉજરી રહ્યા છે.. જો આ વર્ષે ચોમાસુ અપેક્ષા મુજબ સુખરૂપ પાર પડશે તો વરસ સારું પાકશે. આવકની દ્રષ્ટિએ ખેતીને ઉત્તમ માનવામાં આવે છે ;ખેતીની આવકને ''હાથીના પગ'' સાથે સરખાવવામાં આવે છે ત્યારે સૌરાષ્ટ્ર ગુજરાતમાં સસરાચાર મેઘસવારીથી ધન ધાન્યથી અભરે ભરાય તેવા સંજોગો જોતાં આ વખતે દેશના અર્થતંત્રને વિકાસની રફતાર ગતિ આપવામાં ગુજરાતની ખેતી ની આવક ઈંધણનું કામ કરશ

## રોટરી કલબ મીડટાઉનનો રવિવારે રકતદાન કેમ્પનો સેવાયજ્ઞ

અબતક, રાજકોટ

રાજકોટ સહીત સૌરાષ્ટ્રભરમાં માનવ સેવા માટે જાણીતી રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન દ્વારા ૨૧-૭-૨૪ ને રવિવારે ગુરૂપૂર્ણિમાના દિવસે થેલેસેમીયા બાળકો અને જરુરીયાત મંદ માટે રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.રોટરી લલીતાલય હોસ્પિટલ, ૬-ગીતગુર્જરી સોસાયટી પેટ્રીયા સ્યુટસ હોટલ સામે એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે ૨૧ ને રવિવારે સવારે ૯ થી ૧ દરમિયાન આયોજન કરાયું છે.આ કેમ્પમાં મતદાન માટે અનુરોધ કરાયો છે. કેમ્પની વધુ વિગતો માટે મો. નં. ૯૯૭૪૮ ૭૭૭૨૮ નો સંપર્ક કરવા જણાવાયું છે.

## રાધેશ્યામ ગૌશાળા ખાતે રવિવારે કરાશે ગુરૂપૂર્ણિમાંની ઉજવણી

ગુરૂપૂર્ણિમા નીમીતે રાધેશ્યામ ગૌશાળા ગાંધીગ્રામ રવિવારે સવારે ૯ કલાકે બાપા સીતારામનું ગુરૂપુજન તથા સાંજે ૪ થી ૭ સુધી સત્યાનારાયણ ભગવાનની કથા તથા બટુક ભોજન તેમજ મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહીતી માટે મો. નં. ૯૨૨૮૩ ૪૩૭૮૦ પર સંપર્ક કરવો.

# ગીગગંગા ટ્રસ્ટ દ્વારા બનાવેલાં ચેકડેમોની મુલાકાત લેતા ગોવિંદભાઈ ધોળકીયા

### ૧૧,૧૧૧ ચેકડેમ બનાવવાના સંકલ્પને સાકાર કરવા વરસાદી પાણી અમૂલ્ય ભેટરૂપ

અબતક, રાજકોટ

ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૨૦૦થીવધુચેકડેમરિપેરિંગ, ઊંડા અને ઊંચા કરવા તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકયેલ છે. તેમજ આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો ખેડૂતોને ખુબજ આર્થિક મોટો ફાયદો થવાથી પશુ પક્ષી અને જીવજંતુને સર્વેની રક્ષા થય રહી છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ૧૧,૧૧૧ચેકડેમો તૈયાર કરવાનો તેમજ બોર રીચાર્જ કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે.

એના ભાગ સ્વરૂપે રાજકોટ શહેરમાં પણ નાના મોટા ૧૧ચેકડેમો અને સરોવર ત્યાર કરેલ છે.,જેનાથી સરોવર ની આજુબાજુ ના વિસ્તાર માં રહેતા લોકોને મોટો ફાયદો થયેલો છે પહેલા જ વરસાદમાં ઘણા ડેમો ઓવરફલો થયેલ હતા.અજુબાજુ ના વિસ્તાર માં પાણી ના સ્તર ઉચા આવતા લોકોમાં પણ આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો.

સૌરાષ્ટ્ર ગુજરાતમાં ૧૧,૧૧૧ચેકડેમો બનાવવાનો ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા દ્રઢ સંકલ્પને સાકાર કરવા ગોવિંદભાઈ ધોળકિયાએ વરસાદી પાણીએ કુદરતી અમુલ્ય ભેટ છે તેને પ્રસાદ રૂપે જતન કરવું જોઈએ અને આ કાર્ય માં વધુમાં વધુ લોકો જોડાય તે માટે લોકોને અપીલ કરેલ હતી

ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખ દિલીપભાઈ સખિયા, ડો.વલ્લભભાઈ કથીરિયા પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, જમનભાઈ ડેકોરા, પ્રતાપભાઈ પટેલ, અમુભાઈ ભારદીયા, વિરાભાઈ હુંબલ, પરેશભાઈ ભાલોડીયા, શૈલેષભાઈ સરશીયા, ગોપાલભાઈ બાલધા, વસંતભાઈ લીંબાસીયા, પ્રવીણભાઈ ભુવા, જગદીશભાઈ ભીમાણી,ભરતભાઈ ભીમાણી ધીરુભાઈ કાનાબાર, ભરતભાઈ ભુવા ,હરીશભાઈ લાખાણી, રમેશભાઈ ઠક્કર, કરુણા ફાઉન્ડેશન જીવદયા પ્રેમી -મિતલભાઈ ખેતાણી, તેમજ ઘણા ભાઈઓ, હાજર રહ્યા હતા.

# દીકરાના ઘરેથી ભૂલા પડેલા વૃધ્ધાને વહારે આવતી ટીમ અભયમ

અબતક, રાજકોટ

શહેરના મહિલા અભયમ ૧૮૧ ની ટીમે એક જાગૃત નાગરિકની મદદથી દીકરાના ઘરેથી ભૂલા પડેલા ૮૦ વર્ષીય એક માજીનુ પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

શહેરના ૧૫૦ ફૂટ રોડ પરથી એક જાગૃત નાગરિકે ૧૮૧ પર કોલ કરી જણાવ્યું કે, એક વૃદ્ધ માજી મળી આવેલ હોય અને તેમને મદદની જરૂર છે.ત્યારબાદ ૧૮૧ ટીમના કાઉન્સિલર તૃપ્તિ પટેલ, મહિલા હોમગાર્ડ અનુશાબેન પરમાર અને પાયલોટ ગીરીશભાઈ ઘટના સ્થળે પહોંચી અંદાજે ૮૦ વર્ષિય માજીનું કાઉન્સેલિંગ કરતા જાણવા મળ્યું કે માજી પોતાના દિકરા સાથે રહેતા હોય અને તેમની ટ્રાન્સપોર્ટની ઓફિસ છે.

માટે ટીમ દ્વારા નજીકની અન્ય ટ્રાન્સપોર્ટની ઓફિસ પર પૂછપરછ કરી પરંતુ કોઈ જાણકારી મળી નહોતી. ત્યાર બાદ જે સ્થળ પરથી માજી મળ્યા હતા ત્યાંથી ફરી કોઈનો કોલ આવ્યો હતો કે માજીના દીકરા માજીને શોધતા શોધતા અહી આવ્યા છે.

ત્યારબાદ અભયમ ટીમને માજીના દીકરાએ કહ્યું કે, માજી ગામડે રહેતા હોઈ અહીયા તેમના ઘરે બે દિવસ રોકાવા માટે આવેલ હતા અને કોઈને પણ જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયા હતા તેમજ ગામડે પણ ઘરેથી નીકળી જતા હતા પરંતુ પાછા થોડી વારમાં ઘરે આવી જતા હતા અને અહીયા માજી ઘરેથી નીકળી ગયા પછી તેમણે નજીકના પોલીસ સ્ટેશન માજી ગૂમ થયાની ફરિયાદ પણ કરેલ છે. આ તકે માજીના દિકરાએ અભયમ ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## નવરંગ નેચર ક્લબના સહયોગથી રવિવારે ખેડૂત હાટ

અબતક રાજકોટ

નવરંગ નેચર ક્લબ સહયોગથી રીંગણી મરચી ટમેટાના રોપા અને શાકભાજી ના બિયારણો તેમજ કેસર કલમી આંબા કાલીપતિ કલમી ,ચીકુ ,નાળિયેરી જામફળી બોરડી અને કલમી કમરખ ના રૂપાનું રાહત દરે વિતરણ કરવામાં આવી છે તેમ જ વિવિધ જાતના ફૂલ છોડ તેમજ એલોવેરા જેલ તેમજ દેશી ગોળ વિવિધ જાતના દેશી મુખવાસ વસ્તુનું રાહત દરે વિતરણ ૨૧જુલાઈ ને રવિવારે ૧૫૦ ફૂટ રીંગ રોડ અમીન માર્ગ નો ખૂણો ખાતે આયોજન કરવામાં આવ્યું છે તમામ આયોજન નવરંગ નેચરકલબના પ્રમુખ વિધિ વાલા દ્વારા કરવામાં આવે છે વધુ માહિતી માટે ૯૪૨૭૫૬૩૮૯૮ માં સંપર્ક કરવો

# કોલકત્તામાં પૂ.ધીરગુરૂદેવના સાંનિધ્યે આનંદ મંગલ ચાતુર્માસ પ્રવચન શ્રેણી



અબતક, રાજકોટ

કમાણી જૈન ભવન ખાતે માતુશ્રી જશવંતીબેન સી.જે. દેસાઈ ધર્માલય ખાતે પૂ. ધીરગુરુદેવની નિશ્રામાં આનંદ મંગલ ચાતુર્માસ-૨૦૨૪ પ્રવચન શ્રેણીના પ્રારંભે માતુશ્રી ઉષાબેન વિનોદરાય પુનાતર તરફથી મોદક પ્રભાવના કરવામાં આવેલ.

ગૌમાતા જીવરક્ષા સ્ટેન્ડમાં રૂ. ૨૫૦૦૦ ના ગુણાંતમાં ૧, ૨, ૫, ૧૧, ૫૦ એમ દાતાઓ જોડાઈ રહ્યા છે. વધુ વિગત માટે મો.નં. ૯૯૭૯૨ ૩૨૩૫૭ નો સંપર્ક કરવો.

# વાસુપુજય સ્વામી યુવક મંડળ દ્વારા ઘાસચારો અર્પણ કરાયો



અબતક, રાજકોટ

વાસુપુજય સ્વામી યુવક મંડળ તથા શ્રી પારસ પુનમ મંડળ તરફથી રાધેશ્યામ ગૌશાળામાં બોલેરો ભરીને લીલુઘાસ તથા લાડવા ગાયોને અર્પણ કરવામાં આવેલ છે. સેવા દેવા માટે વિરેન્દ્ર મહેતા, પ્રદિપ શાહ, વિમલેશભાઈ શાહ, દર્શન શાહ, નીતીનભાઈ વોરા, હરકિશનભાઈ દોશી, મધુકરભાઈ શાહ, નિરવ શાહ નિશાંત શાહ, નિલેશભાઈ સોમૈયા, તુષારભાઈ મહેતા, કિર્તિભાઈ લાકીયાભાઈ હાજર રહ્યા હતા. બન્ને ગ્રુપના દાતાઓની ખુબ ખુબ અનુમોદના કરવામાં આવી હતી.

## ઈવનિંગ પોસ્ટના વડીલો માટે કાલથી બે દિવસ સંગીત સંધ્યા

અબતક, રાજકોટ

સરગમ ક્લબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ માં આવતી કાલે શનિવારનાં રોજ ૫:૩૦ કલાકેસુર મંદિર મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે. અને રવિવાર નાં રોજ ૫:૩૦ કલાકે સુરીલી શાંમ મ્યુઝીકલ ગ્રુપ દ્વારા એક સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવેલ છે જુના હિંન્દી ફિલ્મી ગીતો તેમજ મધુર યાદગાર ગીતો કારાઓકે ઉપર રજુ કરવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા તેમજ ઈવનિંગ પોસ્ટનાં ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણાઅને સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોંલકી, ઘનશ્યામભાઈ રાવલ અને મુકેશભાઈ માહી વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે.

## ગુરૂપૂર્ણિમા નિમિતે રવિવાર વિપશ્યના ધ્યાન સાધના શિબિર

અબતક, રાજકોટ

વિપશ્યના સાધનાનો વ્યાપ સમગ્ર વિશ્વમાં વધતો જાય છે. ત્યારે આ સાધનાની ખોજ કરનાર ભગવાન બુધ્ધ પ્રત્યે અને ગુરુ શિષ્ય પરંપરા મુજબ સાચવી ભારત દેશને પરત આપનાર સમગ્ર ગુરૂજી પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા આગામી રવિવારે ગુરૂ પૂર્ણિમા નિમિતે રાજકોટ ખાતે સવારે ૮ થી બપોરે ૧૨.૩૦ દરમિયાન ભાભા કૃપા, ૩, ગીત ગુર્જરી સોસાયટી એરપોર્ટ રોડ, રાજકોટ ખાતે વિપશ્યનાના જુના સાધનો માટે એક દિવસીય શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર જે લોકોએ દસ દિવસીય શિબિર કરેલ હોય તેમના માટે વછે આ અંગે વધુ માહીતી માટે રજીસ્ટ્રેશન કરાવવા માટે મો. નં. ૭૮૭૮૭ ૨૭૨૪૦/ ૭૮૭૮૭ ૨૭૨૨૩ પર સંપર્ક કરવો.

## રવિવારે વડોદરા-જામનગર ઈન્ટરસિટી એકસપ્રેસ ટ્રેન રદ




અબતકઃ રાજકોટ

પસિમ રેલવેના અમદાવાદ ડિવિઝન ના અમદાવાદ-વિરમગામ સેક્શનમાં સાણંદ સ્ટેશન (દક્ષિણ) થી સાણંદ સ્ટેશન ની કનેક્ટિવિટી સંબંધિત નોન-ઈન્ટરલોડીંગ કાર્ય ને લીધે રવિવારે ૨૦૨૪ ની ટ્રેન નાંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી એકસપ્રેસને રદ કરવામાં આવી છે. ટ્રેનોના સંચાલન, સમર, સ્ટોપ અને માળખું સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## જનકલ્યાણ ટ્રસ્ટને મળ્યું ૫૪૪મું ચક્ષુદાન

અબતક, રાજકોટ



નારણભાઈ દેશળભાઈ ખેરનું અવસાન થતાં તેમના પરિવારની ઈચ્છા અનુસાર તથા જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી ચક્ષુદાન કરેલ છે. જનકલ્યાણ ટ્રસ્ટની પ્રેરણાથી અંગદાન, ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન જાગૃતિ અભિયાનમાં કુલ ૫૪૪મું ચક્ષુદાન તથા ૫૧મું દેહદાન થયેલ છે.આ જુલાઈ-૨૪ માં નવમું ચક્ષુદાન થયેલ છે. સમગ્ર ગુજરાતમાં ચક્ષુદાન, સ્કીન ડોનેશન, દેહદાન ની વધુ માહીતી માટે જનકલ્યાણ ટ્રસ્ટના ચેરમેન ઉમેશભાઈ મહેતા મો.નં. ૯૪૨૮૫ ૦૬૦૧૧ નો સંપર્ક કરવા જણાવ્યું છે.

# સરોજીની નાયડુ હાઈસ્કૂલ ખાતે છાત્રાઓના આરોગ્યની તપાસણી માટે કેમ્પ

### ૫૦૦થી વધુ છાત્રાઓની કુપોષણ, આંખના નંબર અને હિમોગ્લોબીનની ખામીનું નિદાન કરાયું




અબતક, રાજકોટ

સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલમાં ધોરણ-૯ થી ૧૨માં અભ્યાસ કરતી તમામ વિદ્યાર્થીનીઓનું આરોગ્ય પરીક્ષણ કરી યોગ્ય નિદાન કર્યા બાદ તેઓની સારવારના ઉપાયો કરવામાં આવ્યા હતા. સ્કૂલમાં ગરીબ અને મધ્યમ વર્ગની ૫૦૦ જેટલી વિદ્યાર્થીનીઓ અભ્યાસ કરી રહી છે, ત્યારે તેમના વાલીઓ મજૂરી કામ અને અન્ય વ્યવસાયોમાં વ્યસ્ત હોય વિદ્યાર્થીનીઓની થતી શારીરિક પરેશાની તરફ વધુ ધ્યાન આપી શકતા ન હોય શાળા તરફથી વિદ્યાર્થીનીઓને આંખનું પરીક્ષણ માટેનો કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં ઘણી દીકરીઓને વાંચવામાં ને લખવામાં તકલીફ પડતી હતી. જેનું યોગ્ય નિદાન કરી તેમના નંબર કાઢી આપી અને તેને અનુરૂપ ચશ્માઓ તૈયાર કરી આપવામાં આવેલ.ધોરણ-૯ થી ૧૨ની લગભગ ૨૫થી વધુ દીકરીઓને દાતાઓ તરફથી તેમને મનગમતા કલરફૂલ ચશ્મા બનાવી આપી સરાહનીય કાર્ય કરેલ છે. આ શાળામાં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ સામાન્ય પરિસ્થિતિમાંથી આવતી હોય કુપોષણનો ભોગ બનતી હોય છે, ત્યારે ઈનર વ્હીલ કલબ ઓફ રાજકોટ તરફથી એક ડોક્ટરોની ટીમ શાળાની મુલાકાતે આવી હતી અને તેઓ દ્વારા તમામ વિદ્યાર્થીનીઓનું હિમોગ્લોબીન ચેક કરવામાં આવેલ. જેમાં ઓછું હિમોગ્લોબીન ધરાવતી વિદ્યાર્થીનીઓને અલગ તારવીને તેઓને યોગ્ય પોષણ મળે તેવી વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.


સરકારી શાળામાં અભ્યાસની સાથે-સાથે વિદ્યાર્થીનીઓની શારીરિક-આરોગ્ય ચકાસણી અને તેને અનુરૂપ સારવાર કરાવવાની પહેલ સાથે સરોજીની નાયડુ ગર્લ્સ હાઈસ્કુલ દ્વારા આ દિશામાં મહત્વપૂર્ણ કામગીરી કરવામાં આવી છે. શાળાના ઉત્સાહી આચાર્ય ડો.સોનલ ફળદુ અને શિક્ષકગણ દ્વારા વિદ્યાર્થીનીઓને દરેક રીતે ઉપયોગી થવા અને અભ્યાસની પ્રવૃત્તિઓમાં આગળ વધવા માટે સતત પ્રોત્સાહન આપવામાં આવે છે.

## વોર્ડ નં.૯ના કોર્પોરેટર જીતુ કાટોળિયાનો જન્મદિવસ

શહેરના વોર્ડ નંબર-૯ ના ભાજપના કોર્પોરેટર અને ભરવાડ સમાજના અગ્રણી જીતુભાઈ કાટોળિયાનો આજે જન્મદિવસ છે. પોતાના વોર્ડમાં દરેક સમાજમાં ખૂબ જ માન ધરાવતા અને સેવા કાર્યોમાં હંમેશા અગ્રેસર રહેતા જીતુભાઈ કાટોળિયા ૧૯૯૭માં રૈયા નગરપાલિકાના સભ્ય તરીકે ચૂંટાયા હતા અને ત્યારથી એમની રાજકીય કારકિર્દીનો શુભારંભ થયો હતો એ પછી ભારતીય જનતા પાર્ટીએ એમને મહાનગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ આપતા તેઓ વોર્ડ નંબર નવમાં ભવ્ય વિજય મેળવીને કોર્પોરેટર તરીકે જ ચૂંટાયા હતા. કોર્પોરેટર તરીકે તેઓ હંમેશા સક્રિય રહ્યા છે.

તેઓ છેલ્લા ૨૫ વર્ષથી મોમાઈ પ્રાચીન ગરબી મંડળનું સંચાલન કરી રહ્યા છે જે રાજકોટની સર્વ શ્રેષ્ઠ ગરબીઓ પૈકીની એક ગણાય છે. પ્રાચીનકાળના હનુમાન મઢી મંદિરના નવ નિર્માણમાં પણ તેમણે અંગત રસ લઈને યોગદાન આપ્યું છે. નંબર-૯ના લોકોની સમસ્યાઓ ઉકેલવા માટે તેઓ અડધી રાત્રે દોડી જવા માટે જાણીતા છે. તેઓના મોબાઈલ નંબર-૯૯૨૫૭ ૦૪૫૪૫ ઉપર તેમના સ્વજનો, પરિચિતો, મિત્રો, ભાજપ પરિવાર અને શુભેચ્છકો તરફથી અભિનંદન પાઠવી રહ્યા છે.

તેઓ જાહેર જીવનમાં હંમેશા સેવા કાર્યોમાં અગ્રેસર રહે અને ઉત્તરોત્તર જીવનમાં પ્રગતિ કરતા રહે તેવી શુભકામના "અબતક" પરિવાર પાઠવે છે.



## કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકિટવીટી કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેનો આજે જન્મદિવસ



સૌરાષ્ટ્ર-કચ્છની સુપ્રસિધ્ધ સંસ્થા કચ્છ સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલના પ્રમુખ તરીકે છેલ્લા ૩૫ વર્ષથી સેવા આપી રહેલ હસુભાઈ દવે બાલ્યકાળથી રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ)ના સ્વયંસેવક છે. હાલમા તેઓ ભારતીય વરિષ્ઠ નાગરીક મહાસંઘ (ભારતીય મઝદુર સંઘ)ના રાષ્ટ્રીય અધ્યક્ષ અને ભારતીય શ્રમ મઝદુર સંઘમાં માર્ગદર્શક તરીકેની જવાબદારી સંભાળી રહેલ છે. આ ઉપરાંત મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટીટયુટ (ગવર્નમેન્ટ ઓફ ગજરાત), અમદાવાદના વાઈસ ચેરમેન તરીકે ૧૪ વર્ષ સુધી સેવા આપેલ છે.

હસુભાઈ દવે મઝદુર પ્રવૃતિ ક્ષેત્રે છેલ્લા ૫૮ વર્ષથી સંકળાયેલા છે. તેમજ તેઓ રાજકોટ ખાતે લેબર કોર્ટ તથા ઔધોગિક અદાલતના ''લેબર લૉઝ પ્રેકટીશ્નર્સ એસોસીએશન'' ના પ્રમુખ તરીકે દશ વર્ષ કરતા વધારે સમય માટે કાર્યરત રહેલ હતા. કેન્દ્ર સરકારના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ આવતા, ''સેન્ટ્રલ બોર્ડ ઓફ વર્કર્સ એજ્યુકેશન'' ના ચેરમેન તરીકે ૨ વર્ષ જવાબદારી વહન કરેલ છે.

હસુભાઈ દવેને તેમના જન્મદિવસ પ્રસંગે તમામ પરિવારજનો તેમજ કે.એસ.પી.સી.ના ઉપપ્રમુખ મોલેશભાઈ ઉકાણી, ભરતભાઈ દુદકિયા, હિરાભાઈ માણેક,માનદ મંત્રી ડી.જી.પંચમીઆ, કોપાધ્યક્ષ રામભાઈ બરછા, ટ્રેનીંગ પ્રોગ્રામ કમિટીના ચેરમેન દિપકભાઈ સચદે, ડો.પી.પી.કોટક તથા કાઉન્સીલના ગવર્નીંગ બોડીના સભ્યોએ તેમજ વકીલ મિત્રોએ અને ભારતીય મઝદુર સંઘના રાષ્ટ્રીય અધ્યક્ષ હિરન્મયભાઈ પંડ્યા, વાલજીભાઈ ચાવડા, ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ સહદેવસિંહ જાડેજા સહિતના તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ તેમજ અનેક શુભેચ્છકોએ હસુભાઈ દવેને જન્મદિનની શુભેચ્છા પાઠવેલ છે. (મો. ૯૪૨૬૨ ૫૪૦૫૩, ૯૯૭૮૪ ૪૫૭૨૦)

## પ્રોજેકટ લાઈફમાં પ્રાણાયામ ગુરૂસુધીર તિવારી દ્વારા ધ્યાન સાધના યોજાશે

### રવિવારે પ્રાણાયમ ધ્યાન સાધના અંગે અપાશે નિઃશુલ્ક માર્ગદર્શન

અબતક, રાજકોટ

લાઈફ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર, પ્રોજેકટ લાઈફ રાજકોટ અને શૈવલ્યધામ, લોનાવાલાના સંયુકત ઉપક્રમ પ્રાણાયામ ગુરુ સુધીર તિવારીના માર્ગદર્શન હેઠળ પ્રાણાયામ અને ધ્યાન સાધના શિબિરનું આયોજન તા. ૨૨ થી ૨૭ જુલાઈ સુધી સવારે ૭ થી ૮.૩૦ અને સાંજે ૫ થી ૬ સુધી છે. આ કાર્યક્રમના ભાગરુપે આગામી રવિવારના રોજ સાંજે ૫ થી ૬ દરમિયાન પ્રાણાયામ અને ધ્યાન સાધના ઉપર નિઃશુલ્ક માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન લાઈફ બિલ્ડીંગ રેસકોર્સ રીંગ રોડ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું છે. જેનો લાભ લેવા અનુરોધ કરાયો છે.રજીસ્ટ્રેશન અને વધારે માહીતી માટે મો. નં. ૮૫૧૧૩ ૩૧૧૩૩ પર કરવા શકશે.

# ચાર વર્ષમાં ૨૧૩૧ મિલકતોને ડિમોલિશનની નોટિસ: તોડાયા માત્ર ૧૧ ગેરકાયદે બાંધકામ !!

## ટીપી શાખામાં બેફામ ભ્રષ્ટાચાર થતો હોવાનો બોલતો પુરાવો:કોંગ્રેસના કોર્પોરેટર કોમલબેન ભારાઈએ પૂછેલા પ્રશ્નનો લેખિતમાં જવાબ

**અબતક રાજકોટ**

કોર્પોરેશનની ટીપી શાખામાં બેફામ ભ્રષ્ટાચાર ચાલી રહ્યો હોય તેનો વધુ એક બોલતો પુરાવો મળ્યો છે. વોર્ડ નં. ૧૫ના કોંગી કોર્પોરેટર કોમલબેન ભારાઈએ જનરલ બોર્ડમાં પ્રશ્ન પૂછ્યો હતો કે, છેલ્લા ચાર વર્ષમાં કોર્પોરેશન દ્વારા શહેરના તમામ ૧ થી ૧૮ વોર્ડમાં ૨૬૦(૧) અને ૨૬૦(૨)ની કેટલી નોટિસ ફટકારવામાં આવી અને આ નોટિસ ફટકાર્યા બાદ કેટલા ગેરકાયદે બાંધકામોના ડિમોલિશન થયા તેની વિગતો માંગી હતી. જેમાં તંત્ર દ્વારા લેખિતમાં તેવી કબુલાત કરવામાં આવી છે કે ૨૬૦(૧) હેઠળ ૨૧૩૧ નોટિસ અપાય છે.જ્યારે ૨૬૦(૨) બેઠક ૨૨૮ નોટિસ આપવામાં આવી છે. જે પૈકી માત્ર ૧૧ ગેરકાયદે બાંધકામનું ડિમોલિશન કરવામાં આવ્યું છે.

> **૨૬૦ (૧)હેઠળ ૨૧૩૧ જ્યારે ૨૬૦(૨)હેઠળ ચાર વર્ષમાં માત્ર ૨૨૮ નોટિસ ફટકારાઈ**

સામાન્ય રીતે કોર્પોરેશનની ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા ગેરકાયદે બાંધકામ સંદર્ભે ૨૬૦ (૧) અને ત્યારબાદ ૨૬૦ (૨) નોટિસ આસામીઓને આપવામાં આવે છે. આ નોટિસની અવધી પૂર્ણ થયા બાદ ગેરકાયદે ખડકાયેલા બાંધકામો તોડી પાડવામાં આવતા હોય છે.ઝોન વાઈસ જોવામાં આવે તો વેસ્ટ ઝોનમાં ૧૨૮૭ આસામીઓને ૨૬૦ (૧) હેઠળ અને ૭૪ આસામીઓને ૨૬૦ (૨)ની નોટિસ આપવામાં આવી છે સેન્ટ્રલ ઝોનમાં ૮૪૪ આસામીઓને ૨૬૦ (૧) અને ૧૪૮ આસામીઓને ૨૬૦ (૨) હેઠળ નોટીસ આપવામાં આવી છે. જ્યારે ઈસ્ટ ઝોનમાં ૧૧૩૨ આસામીઓને ૨૬૦ (૧) મુજબ અને ૧૩૫ આસામીઓને ૨૬૦ (૨) મુજબ નોટિસ આપવામાં આવી છે. શહેરના ત્રણેય ઝોનમાં કુલ ૨૧૩૧ આસામીઓને ૨૬૦ (૧)હેઠળ અને ૨૨૮ આસામીઓને ૨૬૦ (૨) મુજબ નોટિસ આપવામાં આવી છે.જે પૈકી

જ્યારે માત્ર ૧૧ મિલકતોનું જ ડિમોલિશન કરવામાં આવ્યું છે.આ વાત પ્રસ્થાપિત કરે છે કે પ્રથમ નોટિસ આપ્યા બાદ ટીપી શાખાના કર્મચારીઓ અને અધિકારીઓ ગેરકાયદે બાંધકામ ખડકનારાઓ સાથે નાણાકીય વહીવટ કરી લેતા હોય છે.જેના કારણે મિલકતનો ડિમોલિશન કરતા નથી. જો નોટિસ આપવામાં ન આવી હોય તો શું કરવાનું રહે છે. આ પ્રશ્નના જવાબ માં કોર્પોરેશન જણાવ્યું છે કે

> **ગેરકાયદે બાંધકામ અંગે કોર્પોરેટરની ૧૨૦ ફરિયાદો પણ કચરા ટોપલીમાં નાખી દેવાય**

ગેરકાયદે બાંધકામ અટકાવવા દૂર કરવા બિલ્ડીંગ પ્લાન મંજૂર કરવા રેગ્યુલરાઈઝ કરવાએ વહીવટી પ્રક્રિયાનો ભાગ છે. ગુજરાત રેગ્યુલરાઈઝેશન અનથોરાઇઝ ડેવલપમેન્ટ એકટ ૨૦૨૨ અંતર્ગત ઉપરોક્ત પૈકી મંજૂરીની પાત્ર મિલકતોને નિયમિત કરવાની થાય છે. આ માટે અરજી રજૂ કરી હોય જે પ્રક્રિયા ચાલુ છે.જો ગેરકાયદે ખડકાયેલું બાંધકામ નિયમિત ન થાય તો તેને તબક્કાવાર દૂર કરવામાં આવે છે.

મહાપાલિકાના કોર્પોરેટર દ્વારા ટીપી શાખામાં કેટલી ફરિયાદો કરવામાં આવી છે. તેમાંથી કેટલી ફરિયાદોનું નિકાલ નથી થયો તેની માહિતી પણ કોમલબેન ભારાઈએ માંગી હતી.જેમાં કોર્પોરેટ ૨ દ્વારા અત્યાર સુધીમાં ગેરકાયદે બાંધકામો અંગે ૧૨૦ ફરિયાદ કરાય છે. જે પૈકી વેસ્ટ ઝોનમાં ૧૭ સેન્ટ્રલ ઝોનમાં ૨૨ તથા ઈસ્ટ ઝોનમાં ૮૧ ફરિયાદો મળી છે.

# વાયરલ એનકેફેલાઈટીસ (ચાંદીપુરા) સંદર્ભે કોર્પોરેશને જાહેર કરી ગાઈડ લાઈન

## ૯ માસથી લઈ ૧૪ વર્ષના બાળક પર સૌથી વધુ જોખમ:લક્ષણો દેખાય તો તાત્કાલિક ડોકટરનો સંપર્ક કરવો

**અબતક, રાજકોટ**

વાયરલ એનકેફેલાઈટીસ જેને ચાંદીપુરા તરીકે ઓળખવામાં આવે છે. આ રોગ અંગે જનજાગૃતિ તેમજ આ રોગની વિસ્તુત માહિતી દ્વારા તેના લક્ષણો અને રોગથી બથવા શું-શું તકેદારીઓ રાખવી જોઈએ અને સારવાર અર્થે આરોગ્ય વિભાગ દ્વારા ગાઈડ લાઈન જાહેર કરવામાં આવી છે.

**રોગચાળા વિષે માહિતી**

આ વાયરલ ઈન્ફેક્શન નો પ્રથમ કિસ્સો ૧૯૬૫ માં મહારાષ્ટ્ર ના નાગપુર જિલ્લાના ચંદીપુરા ગામે નોંધાયો ત્તો જેથી તે ચંદીપુરા વાયરસ તરીકે ઓળખાય છે.ગુજરાતમાં મુખ્યત્વે મદય ગુજરાતના જિલ્લાઓ વડોદરા, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ અને મહિસાગર જિલ્લાઓમા ચંદીપુરા વાયરસના કેસો નોંધાયા છે.ચાંદીપુરા વાયરસના ફેલાવા માટે સેન્ડ ફ્લાય (એક પ્રકારની માખી) માટે જવાબદાર છે.સેન્ડ ફ્લાય કાચા મકાનોની દિવાલની તીરાડોમાં અથવા માટીથી બનેલા ભાગોમાં રહેવાનુ પસંદ કરે છે. મુખ્યત્વે ગ્રામ્ય વિસ્તારોમા અસર જોવા મળે છે.

આ રોગના કેસો જથ્થામા જોવા ન મળતા છુટા છવાયા જોવા મળે છે.

૯ માસથી લઈ ને ૧૪ વર્ષના બાળકોને વધુ જોખમ રહે છે. સારવાર થયેલ બાળકોમા ગયીજ્ઞિ-હજ્ઞલશભફહ જ્યીયિહફય ભાગ્યે જ જોવા મળે છે.

**રોગચાળાના લક્ષણો**

સખત તાવ, માથાનો દુખાવો,થાક લાગવો,ખેંચ આવવી,અર્ધભાન અવસ્થા,સામાન્ય અસ્વસ્થતા, પેટમાં દુખવો, ઝાડા - ઉલટી, વ્યક્તિત્વમાં ફેરફાર (યાદશક્તિ ઓછી થવી, ચહેરાના ભાગમાં પક્ષપાત (પેરાલાયલીસ))

લક્ષણોની શરૂઆત થયા બાદ ૪૮ થી ૭૨ કલાકમા મૃત્યુની સંભાવના રહે છે. આવા લક્ષણો જણાય તો તાત્કાલીક સરકારી હોસ્પિટલનો સંપર્ક કરવો.

**રોગની સારવાર તેમજ અટકાવા માટેના સામાન્ય ઉપાયો**

આરામ કરવો.પોષ્ટીક આહાર અને વધુ માત્રામા પાણી પીવું .

ઘરની દીવાલોમાં અંદરના તેમજ બહારના ભાગમાં રહેલ છિદ્રો તેમજ તિરાડોને પુરી દેવી જોઈએ.

ઘરની અંદરના ભાગે શક્ય હોય ત્યાં સુધી હવા ઉજાસ રહે (સુર્ય પ્રકાશ આવે) તેવી વ્યવસ્થા કરવી.

૧૪ વર્ષ સુધીના બાળકોને જંતુનાશક દવાયુક્ત મચ્છરદાનીમાં સુવડાવવાનો આગ્રહ રાખો. બાળકોને શક્ય હોય ત્યાં સુધી ખુલ્લા શરીરે ઘરની બહાર આંગણામાં (ધુળમાં) રમવા દેવા નહિ.ઉપર જણાવેલ લક્ષણો દેખાતા સરકારી દવાખાને દર્દીને તાત્કાલિક સારવાર માટે દાખલ કરવા.

# સ્માર્ટ સિટી, વાવડી અને પરસાણા ચોકમાં ફાયર સ્ટેશન બનાવાશે

## વાવડી અને સ્માર્ટ સિટીનું લોકેશન ફાઈનલ જ્યારે પરસાણા ચોકમાં ફાયર સ્ટેશન માટે ટૂંકમાં ટેન્ડર પ્રસિદ્ધ કરાશે: સ્ટાફ ક્વાર્ટર સાથે કુલ ૧૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ

**અબતક, રાજકોટ**

રાજકોટની વસ્તી અને વિસ્તારમાં સતત વધારો થઈ રહ્યો છે.લોકોની સલામતી પણ જળવાઈ રહે તે માટે કોર્પોરેશન વધુ સતર્ક બની ગયું છે.હાલ શહેરમાં અલગ અલગ વિસ્તારોમાં ઈઆરસી સેન્ટર સહિત કુલ આઠ ફાયર સ્ટેશન આવેલા છે.ચાલુ નાણાકીય વર્ષના બજેટમાં કરવામાં આવેલી જાહેરાત મુજબ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં ત્રણ ફાયર સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં લોકેશન ફાઈનલ થઈ ગયા છે.પરસાણા ચોકમાં બનનારા ફાયર સ્ટેશનની પ્રક્રિયા ટેન્ડર લેવલ પણ પહોંચી હોવાનું જાણવા મળી રહ્યો છે. સ્ટાફ ક્વાર્ટર સાથે નિર્માણ પામનારા આ ત્રણેય ફાયર સ્ટેશન બનાવવા માટે ૧૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

શહેરના વસ્તી અને વિસ્તારમાં પ્રમાણમાં ફાયર સ્ટેશનની સંખ્યા ઓછી છે. જ્યારે છેવાડાના વિસ્તારોમાં આગ લાગે ત્યારે ત્યાં ફાયર ફાઈટરોને પહોંચતા ખૂબ જ સમય લાગે છે. આસપાસના ગામો રાજકોટ મહાનગરપાલિકામાં ભળી રહ્યા છે. શહેરીજનો પણ સલામતી આપવા માટે તંત્ર સતત રહે છે બજેટમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે નવા ફાયર સ્ટેશન બનાવવામાં આવશે. જે અંતર્ગત ત્રણ ફાયર સ્ટેશન માટે લોકેશન ફાઈનલ થઈ ગયા છે.જેમાં વોર્ડ નં ૧૨માં પરસાણા ચોક પાસે ફાયર સ્ટેશન ઉભો કરવામાં આવશે તેના માટે ટૂંક સમયમાં ટેન્ડર પ્રસિદ્ધ કરાશે.આ ઉપરાંત વોર્ડ નં.૧માં સ્માર્ટ સિટી વિસ્તારમાં લાઈટ હાઉસ પાસે ફાયર સ્ટેશન બનાવવા માટેનું લોકેશન નક્કી કરવામાં આવ્યું છે.જ્યારે વોર્ડ નં. ૧૧માં વાવડી વિસ્તારમાં ફાયર સ્ટેશન બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તમામ ફાયર સ્ટેશન સ્ટાફ ક્વાર્ટર સાથે બનાવવાના હોય ૧૦ કરોડનો ખર્ચ થવાનો અંદાજ છે.

ટીઆરપી ગેમ ઝોનમાં સર્જાયેલા અગ્નિકાંડ બાદ કોર્પોરેશન ભવિષ્યમાં કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે વધુ સતર્ક થઈ ગયું છે શહેરીજનોની સુરક્ષાને વધુ પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. હાલ આઠ ફાયર સ્ટેશન છે. જેમાં વધારા ત્રણ ઉમેરાશે. આ ઉપરાંત ભવિષ્યમાં પણ જ્યાં જરૂરિયાત દેખાશે ત્યાં ફાયર સ્ટેશન બનાવવાની કોર્પોરેશનની તૈયારી છે.

બીજી તરફ ફાયર એનઓસી અને બીયુ પરમિશન વિનાની મિલકતો સીલ કરવામાં આવી રહી છે.આશરે ૭૦૦ મિલકતો સીલ કરાયા બાદ સોગંદનામાના આધારે ૬૯૦ જેટલી મિલકતોના શિલ ખોલી દેવામાં આવ્યા છે. હવે માત્ર ૧૦ મિલકત એવી છે કે જે જોખમી જણાય છે તેના સીલ ખોલવામાં આવ્યા નથી.

# ભ્રષ્ટાચારથી ખદબદતા કોર્પોરેશનમાં “કેગ” દ્વારા ઓડિટ કરવવા કોગ્રેસની માંગ

## કેગના વડા ગિરીશચંદ્ર મૂર્મુને રૂબરૂ મળી કરી રજૂઆત

**અબતક, રાજકોટ**

ભ્રષ્ટાચારની ગંગોત્રી બની ગયેલી રાજકોટ મહાનગરપાલિકામાં કેગ દ્વારા ઓડિટ કરાવવાની માંગણી શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા કેગના વડા ગીરીશચંદ્ર મૂર્મુ સમક્ષ કરવામાં આવી હતી.આ રજૂઆતમાં તેઓએ જણાવ્યું હતું કે જ્યારથી રાજકોટ મહાનગરપાલિકા અસ્તિત્વમાં આવી છે ત્યારથી એકપણ વાર એજી દ્વારા ઓડિટ કરવામાં આવ્યું નથી. તેના કારણોની પણ તપાસ કરી નિયમ અનુસાર કાર્યવાહી કરવી જોઈએ. કોર્પોરેશનએ લોકલ બોડી સ્વાયત સંસ્થા હોય તેમાં ફરજ બજાવતા કર્મચારીઓને માત્ર મહાપાલિકામાં જ ફરજ બજાવાની હોય છે અન્યત્ર તેની ટ્રાન્સફર થઈ શકતી નથી. જેથી વ્યાપક પ્રમાણમાં અધિકારીઓ અને પદાધિકારીઓ ભેગા મળી ભ્રષ્ટાચાર આચરતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. ત્યારે એજી દ્વારા ઓડિટ કરવું ખૂબ જ મહત્વનું છે.મહાપાલિકામાં વ્યાપક ભ્રષ્ટાચાર બાબુશાહીના કારણે ગેરકાયદે રીતે મંજૂર થયેલા ટીઆરપી ગેમ ઝોનમાં અગ્નિકાંડ સર્જાયો હતો. જેમાં ૨૭ લોકોના મોત થયા છે. આ ગંભીર ઘટનાના પગલે કોર્પોરેશનના અને અધિકારીઓ અને કર્મચારીઓ સામે ગુના દાખલ થયા છે હાલ તેઓ જેલવાસ ભોગવી રહ્યા છે. ગુજરાત હાઈકોર્ટના આદેશને પગલે વિવિધ સીટ, લોકલ ક્રાઈમ બ્રાન્ચ, એસીબી સહિતની સરકારીએ એજન્સી તપાસ ચલાવી રહી છે. એજી દ્વારા બંધારણીય જવાબદારી સમજી રાજકોટ મહાનગરપાલિકાનું ઓડિટ કરવું ખૂબ જ જરૂરી છે. આ બાબતે નિયમ અનુસાર કાર્યવાહી કરવી જોઈએ. તેવી માંગણી પણ કેગના વડાને મળી કોંગ્રેસ દ્વારા કરવામાં આવી હતી.

# સીઝલિંગ લાઈવ કિચન, મોવિયા આઈસ્ક્રીમ અને રામ વડાપાંઉને નોટિસ

## ગિરિરાજ રેસ્ટોરન્ટમાંથી પનીર ટીકા મસાલા અને બાલાજી ઘુઘરામાંથી મીઠી ચટણીનો નમુનો લેવાયો

**અબતક રાજકોટ**



કોર્પોરેશનની આરોગ્ય શાખા સંલગ્ન ફૂડ વિભાગની ટીમ દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન આજે શહેરના ટાગોર રોડ પર વિરાણી ગ્રાઉન્ડમાં આવેલા હોકર્સ ઝોનમાં ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ૨૩ સ્થળે ચકાસણી દરમિયાન સ્થળ પર ૩૦ નમૂનાની ચકાસણી કરવામાં આવી હતી. ત્રણ ધંધાર્થીઓને ફૂડ લાઈસન્સ સંદર્ભે નોટિસ આપવામાં આવી છે. સીઝલિંગ ધ લાઈવ કિચન,મોવિયા આઈસ્ક્રીમ અને શ્રીરામ વડા પાઉંને ફૂડ લાઈસન્સ મેળવી લેવા માટે નોટિસ અપાય છે.

આ ઉપરાંત પટેલ વડાપાઉં, મુંબઈ સ્નેકસ, લોફ એન્ડ લેટ, ટાકોબાઈટ ઈટ , અગડબમ,ધ સાઉથ એક્સપ્રેસ, વહી રાજા પાવભાજી, ફ્રેન્કી ફિલ, પાસ્તા મેગી,જ્યુસી બાર, શેક એન્ડ જેક,જીબી સોરમા,ધ સેન્ડવીચ અડ્ડા,ક્રેવ યાર્ડ મોમોસ, રેડ બ્રીક પીઝા, વેહરા પાણીપુરી, પાવભાજીવાલા,સંતોષ ભેળ ફ્રેન્કી કિંગ અને સ્વીચ ફ્રાઈઝમાં ચકાસણી હાથ ધરવામાં આવી હતી.

આ ઉપરાંત જુના મોરબી રોડ પર ગિરિરાજ પાર્ટી પ્લોટની પાસે ખોડીયાર પાર્ક-૨માં ગિરિરાજ રેસ્ટોરન્ટ એન્ડ ફુડ ઝોનમાંથી પ્રીપેડ લુઝ પનીર ટીકા મસાલા સબ્જી અને સરદાર નગર મેઈન રોડ પર પૂજારા ટેલિકોમની સામે પાયલ નીલદીપ બિલ્ડીંગના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા મોર્ડન ફુટ્સ બાલાજી ઘુઘરા માંથી મીઠી ચટણીનો નમુનો લઈ પરીક્ષણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યો છે.

# ભારે કરી....પાર્ટી પ્લોટના સીલ ખોલવાનું કોકડું કાયદાઓ ગુંચમાં ગુંચવાયું

## ફાયર એનઓસી આપો તો પ્લાન મંજુર થાય પરંતુ ફાયર એનઓસી માટે પ્લાન મંજુર હોવાનો આગ્રહ રખાતા સરકાર પાસે જવાની સંચાલકોની તૈયારી

**અબતક, રાજકોટ**

અગ્નિકાંડ બાદ ફાયર એનઓસી અને બાંધકામ પરમીશન અંતર્ગત કોર્પોરેશન દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી.૬૦૦થી વધુ શાળા-હોસ્પિટલ, કોમર્શીયલ બિલ્ડીંગ, લગ્ન હોલ, પાર્ટીપ્લોટ સહિતના એકમો સીલ કરી દીધા છે. જે હાલ શરતોને આધિન ખોલવામાં આવ્યા છે. જેમાં ફાયર એનઓસી અને બીયુ પરમિશન લીધા બાદ પરમનન્ટ ખોલી આપવામાં આવશે. પરંતુ આ તમામ એકમો પૈકી પાર્ટી પ્લોટના સંચાલકો સીલ ખોલવા મુદ્દે મુંઝાઈ ગયા છે. કારણ કે, બીયુ સર્ટી માટે ફાયર એનઓસી માંગવામાં આવી રહી છે. જ્યારે ફાયર એનઓસી લેવા જાય ત્યારે બીયુ સર્ટી માંગવામાં આવતું હોય બેમાંથી એક પણ સર્ટી નિકળી ન શકવાથી સીલ ખુલી શકે તેમ ન હોવાથી ૭૦થી વધુ પાર્ટી પ્લોટના સંચાલકો આ મુદ્દે સરકારમાં રજૂઆત કરવાના હોવાનું જાણવા મળેલ છે.

કોર્પોરેશન દ્વારા બીયુ પરમિશન અને ફાયર એનઓસી મુદ્દે ચેકીંગ ઝુંબેશ હાથ ધરી એકમો સીલ કરવામાં આવ્યા હતાં. જે તમામ હાલમાં શરતોને આધિન ખોલી નાખવામાં આવ્યા છે. પરંતુ ૭૦થી વધુ પાર્ટી પ્લોટના સીલ ખુલી શકે તેમ ન હોવાનું જાણવા મળેલ છે. કારણ કે, વર્ષો પહેલા પાર્ટીપ્લોટ બનાવવામાં આવેલ ત્યારે મોટાભાગનો વિસ્તાર રૂડામાં આવતો હતો. તેવી જ રીતે પાર્ટી પ્લોટમાં પણ ૮૦% જમીન ખાલી રાખવામાં આવતી હોય છે. ખુલ્લો પ્લોટ રખાતો હોય છે. અને મોટાભાગના પાર્ટી પ્લોટમાં બે-ચાર રૂમ અથવા શેડ બનાવી પાર્ટી પ્લોટ ભાડેથી અપાતો હોય છે. આથી તેના માટે બાંધકામ પરમીશન લેવામાં આવતી નથી. અને લીધેલ પણ નથી. આથી હવે મહાનગરપાલિકાએ સીલીંગ કામગીરી ચાલુ કરી જૂના રૂડાના વિસ્તારો કે જે હાલમાં કોર્પોરેશનની હદમાં ભળી ગયા છે. તેવા વિસ્તારોમાં પાર્ટીપ્લોટ સીલ કરી દીધા છે. આથી પાર્ટીપ્લોટના સંચાલકો બીયુ પરમીશન માટે ટાઉન પ્લાનીંગ વિભાગમાં અરજી કરે તો તેઓને ફાયર એનઓસી રજૂ કરો તેમ જણાવવામાં આવે છે. જેથીસંચાલકો ફાયર એનઓસી માટે ફાયર વિભાગમાં અરજી કરે તો ફાયર વિભાગ દ્વારા બીયુ સર્ટી રજૂ કરો તેમ જણાવાતા કોકડું ગુંચવાઈ ગયું છે. અને સંચાલકો દ્વારા આ બાબતે સરકારમાં રજૂઆત કરવાની તૈયારી કરેલ છે. જ્યારે બીજી તરફ ફાયર વિભાગના જણાવ્યા મુજબ ઈમ્પેક્ટ ફી અંતર્ગત જે મિલ્કતો કાયદેસર થઈ હોય તો તેનું સર્ટી રજૂ કરવું ફરજિયાત છે. અને સરકાર દ્વારા પણ આ મુદ્દે કોઈ જાતની સુચના આપવામાં આવેલ ન હોય હાલ ફાયર વિભાગ એસઓપી મુજબ કામગીરી કરી રહ્યું છે. જો સરકાર સુચના આપશે તો બીયુ સર્ટી વગર ફાયર એનઓસી આપી શકશું અથવા ફાયર એનઓસી વગર બીયુ સર્ટી મળી શકશે હાલ આ મુદ્દે મહાનગરપાલિકા દ્વારા સત્તા ન હોવાથી કોઈ જાતની કાર્યવાહી થઈ શકે તેમ નથી આથી ૭૦થી વધુ પાર્ટી પ્લોટના સંચાલકો દ્વિધામાં મુકાઈ ગયા છે અને સરકારમાં રજૂઆત કરવાના હોવાનું જાણવા મળેલ છે.

# દૂષિત પાણી પ્રશ્ને વોર્ડ નં.૧૩ના લોકોએ કૃષ્ણનગર મેઈન રોડ પર કર્યુ ચક્કાજામ

## છેલ્લા ૨૨ દિવસથી ખોડીયારપરા અને ગીતાનગર વિસ્તારમાં થઈ રહ્યું છે દૂષિત પાણીનું વિતરણ:અનેકવાર ફરિયાદ છતાં સમસ્યા યથાવત

**અબતક, રાજકોટ**

શહેરના વોર્ડ નં. ૧૩ માં ખોડીયારપરા અને ગીતાનગર સહિતના વિસ્તારોમાં છેલ્લા ૨૨ દિવસથી દૂષિત પાણીનું વિતરણ થઈ રહ્યું છે.ડ્રેનેજ અને પાણીની પાઈપલાઈન એક થઈ જવાના કારણે ખૂબ જ ખરાબ પાણી નળ વાટે આવી રહ્યું છે. આ અંગે વોર્ડ ઓફિસરને રજૂઆત કરવા છતાં ફરિયાદનો નીવેડો ન આવતા આજે અસરગ્રસ્ત લોકોએ કોંગ્રેસના પૂર્વ કોર્પોરેટર જાગૃતિબેન પ્રભાતભાઈ ડાંગરની આગેવાનીમાં કૃષ્ણનગર મેઈન રોડ પર સતત અડધા કલાક ચક્કાજામ કર્યું હતું. અધિકારીઓ દોડી ગયા હતા અને તાત્કાલિક સમસ્યાનું નિરાકરણ આવશે તેવી ખાતરી આપી હતી.



આ અંગે વધુ માહિતી આપતા કોંગ્રેસ અગ્રણી પ્રભાતભાઈ ડાંગરે જણાવ્યું હતું કે, વોર્ડ નં. ૧૩માં ખોડીયારપરા અને ગીતાનગર વિસ્તારમાં છેલ્લા ૨૨ દિવસથી ડ્રેનેજની લાઈન ચોકઅપ થઈ ગઈ છે.જેના કારણે ખરાબ પાણી આવે છે. અનેકવાર લતાવાસીઓ દ્વારા કોલ સેન્ટરમાં ફરિયાદ કરવામાં આવી હોવા છતાં હજી સુધી કોર્પોરેશન દ્વારા કોઈપણ જાતના પગલાં લેવામાં આવ્યા નથી. આજે આ વિસ્તારના લોકોને સાથે રાખી વોર્ડ ઓફિસરને રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ વોર્ડ ઓફિસર દ્વારા યોગ્ય જવાબ ન આપતા લોકોની ધીરજ ખોટી જવા પામી હતી. કૃષ્ણનગર મેઈન રોડ પર ચક્કાજામ કર્યું હતું.

જેના પગલે તમામ અધિકારીઓ દોડી આવ્યા હતા અને ઝડપી સમસ્યાનો નિકાલ કરી દેવામાં આવશે તેવી ખાતરી આપી હતી. જો આગામી દિવસોમાં વોર્ડ નં. ૧૩માં દૂષિત પાણીનો પ્રશ્ન હાલ નહીં થાય તો અધિકારીઓની ચેમ્બરમાં ધરણાં પર બેસી જવાની પણ ચીમકી આપવામાં આવી છે.

# ૮૬ સ્થળે ચેકીંગ: ૮ કિલો કીલો પ્રતિબંધિત પ્લાસ્ટિક પકડાયું

## ગંદકી કરનારાઓ પાસેથી રૂ. ૨૪,૪૦૦નો વહીવટી ચાર્જ વસુલ કરાયો

**અબતક ,રાજકોટ**




રાજકોટ મહાનગરપાલિકાની સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરવાનીતથા ગંદકી કરતા આસામી પાસેથી દંડ વસુલ કરવાની કામગીરી હાથ ધરવામાંઆવી હતી. જેમાં ત્રણેય ઝોનમાંથી કુલ ૮૬ આસામીઓ પાસેથી ૮.૧૬૦ કી.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટિક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૨૪,૪૦૦/-નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.સેન્ટ્રલ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૭ આસામીઓ પાસેથી ૨.૯૬૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૯,૩૫૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.વેસ્ટ ઝોનના વિવિધ મુખ્ય માર્ગો પર ઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૩૧ આસામીઓ પાસેથી ૩.૯૦૦ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરી તથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ ૮,૯૦૦/-નોવહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે.ઈસ્ટ ઝોનનાવિવિધ મુખ્ય માર્ગો પરઝુંબેશરૂપે પ્રતિબંધીત પ્લાસ્ટીકનું વેચાણ કરતા ૧૮ આસામીઓ પાસેથી ૧.૩૦૦ કિ.ગ્રા.પ્રતિબંધિત પ્લાસ્ટીકજપ્ત કરીતથા ગંદકી કરતા આસામી પાસેથી રૂ. ૬,૧૫૦/-નો વહીવટી ચાર્જ વસુલવામાં આવી છે.

(પહેલા પાનાનું ચાલું)

## પોરબંદર...

આવ્યા છે. શહેરમાં ૧૫થી વધુ વૃક્ષો બ્રિગેડ ટીમ દ્વારા દૂર કરી રસ્તા ખુલ્લા કરવામાં આવ્યા છે. પોરબંદર ભારે વરસાદના પગલે ખેતરો પાણીમાં ગરકાવ મકાનોમાં પાણી ઘૂસતા લોકો લાચાર બન્યા છે. પોરબંદરના ગ્રામ્ય પંથકમાંથી ૧૧ લોકોના કરાયા રેસ્કયુ કરાયા છે. ભારવાડા ગામના વાડી વિસ્તારમાંથી ૭ બગવદર કિંદરખેડા વચ્ચે વાડી વિસ્તાર માંથી ૨ , મહેર સમાજ રાણાવાવમાંથી ૨ સહિત ટોટલ ૧૧ લોકોનું રેસ્ક્યુ કરાયા છે. પોરબંદર ફાયર બ્રિગેડની ટીમ દ્વારા તમામ લોકોને રેસ્કયું કરવામાં આવ્યા છે.

## ટ્રેન...

વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

રાજકોટ-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન આજે પોરબંદરને બદલે જેતલસર સ્ટેશનથી દોડશે. આમ આ ટ્રેન પોરબંદર-જેતલસર વચ્ચે આંશિક રીતે રદ રહેશે.

ટ્રેન નંબર ૨૦૯૩૮ દિલ્હી સરાઈ રોહિલ્લા-પોરબંદર એક્સપ્રેસ ટ્રેન આજે ના રોજ ભાણવડ સ્ટેશન પર ટૂંકી થશે.

ટ્રેન નંબર ૦૯૫૫૦/ ૦૯૫૪૯ પોરબંદર-ભાણવડ-પોરબંદર ટ્રેન આજે સંપૂર્ણપણે રદ કરાય છે. ટ્રેન નંબર ૦૯૫૬૫/ ૦૯૫૬૮ પોરબંદર-ભાવનગર-પોરબંદર ટ્રેન આજે સંપૂર્ણપણે રદ રહેશે. ટ્રેન નંબર ૦૯૫૧૬/ ૦૯૫૧૫ પોરબંદર-કાનાલુસ-પોરબંદર ટ્રેન આજે સંપૂર્ણપણે રદ રહેશે.

રેલવે પ્રશાસન મુસાફરોને પડી રહેલી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કરે છે. આ ટ્રેનોના સ્ટોપેજ, રચના અને સમય વિશે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને વેબસાઈટ **www.enquiry.indianrail.gov.in** ની મુલાકાત લઈ શકે છે.

## તંત્રના પાપે...

ઘરવખરીને નુકસાન થયું છે ખાસ કરીને આ વિસ્તારમાં કામ ચાલી રહ્યું છે જેમાં કુંવર બેદરકારી દાખવામાં આવતી હોવાથી ગટરો બ્લોક થઈ છે અને તેના કારણે જ આ વિસ્તારમાં પાણી ભરાઈ આવવાના સ્થાને કોઈ આક્ષેપ કર્યા છે તો બીજી તરફ આવા કપડાં સમયે કંટ્રોલ રૂમનો લેન્ડલાઈન ફોન નંબર ૨૨ ૨૦ ૮૦૦ પણ સતત બંધ આવતો હતો ત્યારે લોકો મુશ્કેલીમાં મુકાયા હતા આ વિસ્તારોમાં લોકોના ઘરમાં ત્રણથી ચાર ફૂટ જેટલા પાણી ઘૂસી ગયા છે જેના કારણે લાખો રૂપિયાની કિંમતની ઘરવખરીઓ ને નુકસાન થયું છે તો બીજી તરફ વહીવટી તંત્ર કે સ્થાનિક

સુધારી સભ્યો પણ લોકોના જવાબ ના આપતા હોવાના અને ફોન પણ ન ઉપાડતા હોવાની ફરિયાદો ઉઠી હતી ત્યારે ખાસ કરીને અબ તક ના પોરબંદરના બ્યુરો ચીફ અશોક શાંતિ સહિતની અમારી ચાલુ વર્ષ સાથે અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ લોકો માટે શક્ય મદદ કરી હતી ખાસ કરીને વિસ્તારમાં બીમાર માણસો ફસાયા હતા તેમને કાઢવા માટે પણ અમારી ટીમ મદદ રૂપ બની હતી જોકે નગરપાલિકાના મહિલા પ્રમુખ ડોક્ટર ચેતનાબેન તિવારી સમગ્ર રાત્રે દરમિયાન સતત જાગતા રહ્યા હતા અને લોકોની મુશ્કેલી હળવી થાય તે માટે પ્રયત્નશીલ રહ્યા હતા જેમાં વહેલી સવારે રાજીવ નગર અને પરેશ નગર સહિતના વિસ્તારોમાં ભરાયેલા વરસાદી પાણીના નિકાલ માટે ત્યાં નજીકમાં આવેલ એક પારો તોડવા સહિતની વ્યવસ્થાઓ ડોક્ટર ચેતનાબેન તિવારીએ કરી આપી હતી.

(ત્રીજા પાનાનું ચાલું)

## જળાશયો...

સોડવદરમાં ૩.૯૪ ફુટ, સુરવો ડેમમાં ૦.૯૮ ફુટ, ન્યારી-૧ ડેમમાં ૦.૧૬ ફુટ, ન્યારી-૨ ડેમમાં ૧.૧૫ ફુટ, અને કર્ણકી ડેમમાં નવું ૪.૯૨ ફુટ પાણીની આવક થવા પામી છે. જીલ્લાના ૨૭ ડેમમાં ૪૧.૮૨ ટકા પાણી સંગ્રહિત છે.

આ ઉપરાંત મોરબી જીલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૨૬ ફુટ, ડેમી-૧ ડેમમાં ૧.૩૧ ફુટ, ડેમી-૨ ડેમમાં ૦.૬૬ ફુટ, અને ડેમી-૩ ડેમમાં ૧.૪૮ ફુટ પાણીની આવક થવા પામી છે. જીલ્લાના ૧૦ ડેમમાં ૨૬.૭૫ ટકા પાણી સંગ્રહિત છે. જામનગર જીલ્લાના ફુલઝર-૨ ડેમમાં ૪.૯૨ ફુટ, ડાઈ મીણસાર ડેમમાં ૭.૫૫ ફુટ, ફોફળ-૨ ડેમમાં ૦.૯૮ ફુટ, ઉંડ-૩ ડેમમાં ૧.૯૭ ફુટ, ઉંડ-૧ ડેમમાં ૩.૦૨ ફુટ, વાડીસંગમાં ૧.૪૪ ફુટ અને રૂપારેલમાં ૦.૧૬ ફુટ પાણીની આવક થવા પામી છે. જીલ્લાના ૨૧ ડેમમાં ૩૯.૬૧ ફુટ પાણી સંગ્રહિત છે. દેવભૂમિ દ્વારકા જીલ્લાના ઘી ડેમમાં ૨.૭૯ ફુટ, વર્તુ-૧ ડેમમાં ૭.૨૨ ફુટ, ગઢડીમા ૩.૬૧ ફુટ, વર્તુ-૨ ડેમમાં ૨.૧૩ ફુટ, સોનમતિમાં ૪.૧૦ ફુટ, શેઢા ભાડથરીમાં ૫.૦૯ ફુટ, વેરાડી-૧ ડેમમાં ૧૩.૬૨ ફુટ, સિંધણી ડેમમાં ૬.૨૩ ફુટ, કાબરકા ડેમમાં ૩.૭૭ ફુટ, વેરાડી-૨ ડેમમાં ૪.૭૬ ફુટ અને મીણસાર (વાનાવડ)માં ૧૧.૫૫ ફુટ પાણીની આવક થવા પામી છે. જીલ્લાના ૧૨ ડેમોમાં ૩૨.૧૬ ફુટ પાણી સંગ્રહિત છે.

જયારે પોરબંદરના સોરડી ડેમમા ૭.૧૫ ફુટ જયારે અમરેલી જિલ્લાના સાકરોલી ડેમમાં ૦.૧૦ ફુટ પાણીની આવક થવા પામી છે.

## મેઘરાજા...

બે વાગ્યાથી ધીમીધારે શરૂ થયેલ વરસાદ ચાર વાગ્યા સુધીમાં ભારે વરસાદમાં ફેરવાયો હતો. જેને લીધે સ્કૂલ બે વાગ્યાથી છ વાગ્યા સુધીમાં સવા બે ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો. આ વરસાદને પગલે શહેરના અને સોસાયટી વિસ્તારો જેમ કે ગાયત્રી નગર સોસાયટી, વિવેકાનંદ નગર સોસાયટી, અમરપરા, નદીપરા, કુકાવાવ નાકા, સહિતના વિસ્તારમાં પાણી ભરાવા લાગ્યા હતા. તેમજ પોલીસ સ્ટેશનથી નદી પરા મુખ્ય માર્ગ પર પાણી ખૂબ આવી જતા વાહન વ્યવહાર પણ અટકી પડ્યો હતો. ધોધમાર વરસાદને પગલે અનેક શાળાઓ કોલેજોમાં વિદ્યાર્થીઓને રજા આપી દેવામાં આવી હતી. છ વાગ્યા પછી વરસાદ બંધ થતાં જનજીવન સામાન્ય બન્યું હતું.

**રાજુ રામોલિયા, કાલાવડ**

કાલાવડ શહેર અને તાલુકા ના નીકાવા, આણંદપર,નાનાવડાલા, જાલાસણ, જામવાળી, સણોસરા, પાતામેઘપર, શિશાંગ, મોટા વડાલા, ખરેડી સહિત ના ગામોમાં જોરદાર વરસાદ પડ્યો હતો. સમગ્ર વિસ્તાર માં બે કલાક મા ચાર ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. વાવણી ઉપર વરસાદ પડતાં ખેડૂતો મા ખુશીનો માહોલ જોવા મળી રહ્યો હતો.એક કલાક માં તોફાની ૨ ઈંચ જેટલો વરસાદ પડ્યો અને બે કલાક દરમિયાન ચાર ઈંચ વરસાદ ખાબકતા પાણી પાણી બીજી વાત નહિ તેવી સ્થિતિ સર્જાવા પામી હતી.

**જીજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદરમાં ધોધમાર ચાર ઈંચ વરસાદ ખાબકતા નદીનાળા છલકાયા હતા અને રસ્તાઓ પર ગોઠણ ડૂબ પાણી ભરાયા હતા. આ વિસ્તારના ખેતરોમાં પણ પાણી ભરાતા બેટમાં ફેરવાયા છે તેમજ ખેતીની જમીન પર નદીના વહેણ ફરીવળતા નુકસાની થવા પામી છે. માણાવદરમાં ખાબકેલા ધોધમાર ચાર ઈંચ વરસાદથી માણાવદર શહેરનો રાજાશાહી વખતનો રસલા ડેમ ચોથી વખત ઓવરફ્લો થયો હતો.

(ચોથા પાનાનું ચાલુ)

## બ્રજેશ ઝા.....

મહામંત્રી સૈયદ એઝાઝબાપુ બુખારી, ફારૂક બાવાણી, રજાકભાઈ કારીયાણીયા, યુનુસભાઈ કટારીયાની દ્વારા સન્માન કરેલ હતું. આ પ્રસંગે પોલીસ કમીશ્નરએ મુસ્લીમોને ગમગીન મહોરમ પર્વની ભલી શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે બેનમુન સુંદર કલાત્મક તમામ તાજીયા સંચાલકોનું તથા વિવિધ કમિટીઓના સંચાલકોનું રાજકોટના પોલીસ કમીશ્નરના હસ્તે સન્માન કરાયુ હતું.

આ પ્રસંગે એડીશ્નલ પોલીસ કમીશ્નર મહેન્દ્ર બગડીયા, ઝોન-૧ ડીસીપી સજ્જનસિંહ પરમાર, ઝોન-૨ ડીસીપી જગદીશ બંગરવા, ડીસીપી ક્રાઈમ ડો.પાર્થરાજસિંહ ગોહેલ, ડીસીપી ટ્રાફીક પુજા યાદવ, એસીપી રાધીકા ભારાઈ, પ્ર.નગર પી.આઈ. ભાર્ગવ જનકાંત, ક્રાઈમ પી.આઈ મેહુલ ગોંડલીયા, સદર પોલીસ ચોકીના પી.એસ.આઈ. ઈકબાલ બેલીમ તથા ટ્રાફીકના પી.એસ.આઈ. સુમેરા વિગેરેનુ પણ સન્માન સદર તાજીયા કમીટી વતી કરવામાં આવ્યા હતા.

પ્રાસંગીક ઉદબોધન તાજીયા કમીટીના પ્રમુખ જ. હબીબભાઈ કટારીયાએ અને આભારવિધી મહામંત્રી સૈયદ એઝાઝબાપુ બુખારીએ કરેલ હતી.

## ભાજપ અગ્રણી .....

આ આત્માઓ માટે સબીલમાં પાણીની વ્યવસ્થા ગોઠવવામાં આવે છે અને તેમને યાદ કરીને ખાણીપીણીની અલગ અલગ ચીજવસ્તુઓ દ્વારા નાસ્તો કરાવવામાં આવે છે. મહોર્રમમાં કલાત્મક તાજીયા બનાવીને શહેરના માર્ગો પર ઝુલુસ કાઢવામાં આવે છે, આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, કાર્યાલય મંત્રી હરેશ જોષી તેમજ પોલીસ અધિકારીઓ, હિન્દુ સમાજના આગેવાનોનું મુસ્લિમ આગેવાનો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ તકે શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી, મહેશભાઈ રાઠોડ, હરેશભાઈ જોષી, સહદેવભાઈ ડોડીયા, અજયભાઈ પરમાર, સંદિપભાઈ ડોડીયા, કાળુભાઈ ઓડ, પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડિ. પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા, પોલીસ અધિકારી ડીસીપી ઝોન-૧ સજ્જનસિંહ પરમાર, ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવા, ડીસીપી ક્રાઈમ બ્રાન્ચના પાર્થરાજસિંહ ગોહિલ, ટ્રાફિક ડીસીપી પુજા યાદવ, એસીપી બી.વી. જાદવ, રાધિકા ભારાઈ, બી.જે. ચૌધરી, બી.બી. બસીયા, પીઆઈ આર.જી. બારોટ વિગેરે સહિતના બહોળી સંખ્યામાં પોલીસ અધિકારીઓ, સામાજીક આગેવાન, સરકારી અધિકારીઓ સ્વાગતમાં હાજર રહ્યા હતા.

## મહમદ રફી...

ચાવડા, મહેશભાઈ ચાવડા, પારૂલબેન કડેચા, કમલેશભાઈ ભારદીયા, શૈલેશભાઈ કડેચા પોતાના કંઠે રફી સાહેબના ગીતો રજુ કરશે. જયેશભાઈ ગજ્જર એન્કરીંગ કરશે. શુભેચ્છક તરીકે રાજકોટ ગુર્જર સુથાર જ્ઞાતિ પ્રમુખ રસિકભાઈ બદ્રકિયા જયેશભાઈ ઉપાધ્યાય, સુરેશભાઈ મારૂ અને મેહુલભાઈ રવાણી ઉપસ્થિત રહેશે.

રોયલ એકેડેમીના પોતાના સેન્ટ્રલ એ.સી. હોલમાં આ ભવ્ય કાર્યક્રમ તા.૨૧ને રવિવારે રાત્રે ૮:૦૦ થી ૧૧:૦૦ આ ભવ્ય કાર્યક્રમ યોજવામાં આવેલ છે.

રોયલ એકેડેમીના સિંગર્સને પ્રોત્સાહન મળે તે માટે નિઃશુલ્ક સંગીત સેવા આપે છે. અઠવાડિયામાં ૪ દિવસ પ્રેક્ટીસ કાર્યક્રમ રાખી અને ઉભરતા નવા કલાકારોને સ્ટેજ આપવામાં નિમિત બને છે.

તા.૨૧ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા માટે અનુરોધ કરવામાં આવેલ છે.

વધુ વિગત માટે મનિષભાઈ પેશાવરીયા, ફાલ્ગુનીબેન મહેતા, સોનલબેન ચાવડા, કમલેશભાઈ ભારદીયા, શૈલેષભાઈ કડેચા અને જયેશભાઈ ગજ્જરએ 'અબતક' મીડીયા હાઉસની મુલાકાત લીધી હતી.

આ તકે મનિષભાઈ પેશાવરીયાએ જણાવ્યું હતું કે ૩૧મી જુલાઈએ સ્વ.મહોમદ રફી સાહેબની પુણ્યતિથિ છે. દર વર્ષે તેમની પુણ્યતિથીએ ભાવાંજલી કાર્યક્રમનું આયોજન કરીએ છીએ. આગામી રવિવારે અમારા ગ્રુપના ૮ સભ્યો દ્વારા મહોમદ રફી સાહેબના સદાબહાર ગીતો પ્રસ્તુત કરવામાં આવશે. ૨૦૦થી વધુ સંગીતપ્રેમીઓ આ કાર્યક્રમમાં જોડાશે.

## ૬૦% સુધીનું ડિસ્કાઉન્ટ.....

અવનવી વિવિધ ડિઝાઈનમાં ફૂટવેરના વિશાળ રેન્જ જોવા મળે છે. સેલમાં લેડીસ, મેન્સ અને કિડ્સ વેરમાં, એથનીક, સ્પોર્ટ્સ, કેઝ્યુઅલ, પાર્ટીવેર ફૂટવેર કલેકશનની મેટ્રો સેલના માનવંતા ગ્રાહકો ખરીદી કરી રહ્યાં છે. હાલ ફૂટવેરમાં મેટ્રો બ્રાન્ડના ફૂટવેરમાં ૬૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે તથા ફિલા, એડીડાસ, સ્કેચર્સ સહિતની અધર બ્રાન્ડમાં અપટુ ૪૦% ડિસ્કાઉન્ટ આપવામાં આવી રહ્યું છે. મેટ્રો બ્રાન્ડના લેડીસ, કિડ્સ અને મેન્સવેરના ફૂટવેરમાં ૨૨ જુલાઈ સુધીમાં ૬૦% ડિસ્કાઉન્ટનો ગ્રાહકો લાભ લઈ શકે છે. મેટ્રો શુઝમાં ડિસ્કાઉન્ટનો લાભ લેવા લોકોનો ધસારો જોવા મળી રહ્યો છે. મેટ્રો ઘણી જૂની બ્રાન્ડ છે. દર વખતે મેટ્રો શુઝ પોતાના ગ્રાહકો માટે ફૂટવેરમાં અવનવું ટ્રેન્ડીંગ કલેકશન લઈને આવે છે. જેથી લોકોને મનગમતા ફૂટવેર મેટ્રો શુઝમાંથી મળી રહે છે. મેટ્રો શુઝમાં વિવિધ લક્ઝુરીયસ બ્રાન્ડના ફૂટવેરમાં વિશાળ ખજાનો ઉપલબ્ધ છે.

## મેટ્રો બ્રાન્ડ....

મેટ્રો શુઝની ખાસીયતએ છે કે અમે અમારા ગ્રાહકોને બેસ્ટ સર્વિસ આપીએ છીએ અને આફ્ટર સર્વિસ પણ પૂરી પાડીએ છીએ. હાલ સેલમાં ફૂટવેર કલેકશનમાં મેન્સ, લેડીસ અને કિડ્સવેરમાં એથનીક, સ્પોર્ટ્સ, પાર્ટીવેરમાં વિશાળ કલેકશન ઉપલબ્ધ છે અને જ્યારથી સેલ શરૂ થયો છે. ત્યારથી અમારા રેગ્યુલર ગ્રાહકો સેલનો ભરપૂર લાભ લઈ રહ્યા છે. આગામી ૨૨ જુલાઈ સુધી મેટ્રો બ્રાન્ડ પર ૬૦% સુધીના ડિસ્કાઉન્ટનો લાભ લેવા ગ્રાહકોને અમારો અનુરોધ છે. ગ્રાહકોને પસંદ પડે તેવી અવનવી યુનિક ડિઝાઈનના ફૂટવેર કલેકશન ઉપલબ્ધ છે તો જલ્દીથી તમારા મનપસંદ ફૂટવેરની ખરીદી કરો.

(તેરમા પાનાનું ચાલું)

## એઈમ્સ...

ગુજરાત રાજ્ય માટે નોંધપાત્ર સિદ્ધિ દર્શાવે છે, કારણ કે તે આ ગુજરાત પ્રથમ બીએસએલ-૩ પ્રયોગશાળા તરીકે સ્થાન મેળવશે. આ અત્યાધુનિક સુવિધાની સ્થાપના માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ છે અને એઈમ્સ રાજકોટના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર, પ્રો. ડો.કર્નલ સી.ડી.એસ કટોચના નેતૃત્વને પ્રતિબિંબિત કરે છે.પ્રો.ડો. કર્નલ સી.ડી.એસ કટોચ એક માર્ગદર્શક નેતા અને તબીબી સમુદાયમાં એક પ્રતિષ્ઠિત વ્યક્તિ છે.

વધુમાં પ્રાપ્ત માહિતી મુજબ ભારતીયસેનામાં મજબૂત પૃષ્ઠભૂમિ અને વ્યાપક વહીવટી અનુભવ સાથે, ડો.કટોચ એઈમ્સ રાજકોટને અભૂતપૂર્વ વૃદ્ધિ અને ઉત્કૃષ્ટતા તરફ દોરવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યા છે.આગામી બીએસએલ-૩ લેબોરેટરી સહિત અદ્યતન મેડિકલ ઈન્ફ્રાસ્ટ્રકચર અને સંશોધન સુવિધાઓની સ્થાપનામાં તેમનું નેતૃત્વ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. તેમના માર્ગદર્શન હેઠળ, એઈમ્સ રાજકોટ આરોગ્ય સંભાળ અને તબીબી સંશોધન માટે એક અગ્રણી સંસ્થા બનવાની તૈયારીમાં છે, જે જાહેર આરોગ્યમાં સુધારો કરવા અને તબીબી ક્ષેત્રે નવીનતાને પ્રોત્સાહન આપવા માટેની તેમની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે. બીએસએલ-૩ લેબ ડિસેમ્બર ૨૦૨૫ના અંત સુધીમાં કાર્યરત થવાની અપેક્ષા છે અને તે ગુજરાતમાં પ્રવર્તતા જીવલેણ વાયરસ,જેમ કે ક્રિમિઅન-કોંગો હેમરેજિક ફીવર (સી.સી.એચ.એફ.) અને ચાંદીપુરા વાયરસના નિદાનના સંશોધનની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે.

બીએસએલ-૩ સુવિધાની હાજરી આ ઉચ્ચ-જોખમ પેથોજેન્સની ઝડપી અને સચોટ ઓળખને સક્ષમ કરશે, સમયસર જાહેર આરોગ્ય પ્રતિસાદની સુવિધા આપશે અને ચેપી રોગોમાં સંશોધનને આગળ વધારશે. આ લેબ પ્રકોપને નિયંત્રિત કરવા અને રાજ્યની અંદર અને તેની બહાર આ ખતરનાક વાયરસની અસરને ઘટાડવામાં નિર્ણાયક સાબિતરૂપ થશે.વચગાળામાં એઈમ્સ રાજકોટ ખાતે વાયરસ સંશોધન અને નિદાન પ્રયોગશાળા (વીઆરડીએલ) ખૂબ જ ટૂંક સમયમાં કાર્યરત થવાની તૈયારીમાં છે.જે ડેન્ગ્યુ, ચિકનગુનિયા, જાપાનીઝ એન્સેફાલીટીસ, ઓરી, હેપેટાઈટીસ, ઈન્ફ્લ્યુએન્ઝા, સીઓવીઆઈડી સહિતના વાયરસની વિશાળ શ્રેણી માટે અદ્યતન ડાયગ્નોસ્ટિક ક્ષમતાઓ પ્રદાન કરે છે. કોવિડ -૧૯, વગેરે આ અત્યાધુનિક સુવિધા વાઈરલ ઈન્ફેક્શનની વહેલાસર તપાસ અને વ્યવસ્થાપનમાં મહત્ત્વપૂર્ણ સહાય પૂરી પાડશે, જાહેર આરોગ્ય પરિણામોમાં નોંધપાત્ર સુધારો કરશે. વધુમાં, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાયરોલોજી (એનઆઈવી) એ પરવાનગી આપી છે. એઈમ્સ રાજકોટ ખાતે વીડીઆરએલ ઝીકા વાયરસ માટે પરીક્ષણ શરૂ કરવા, પ્રયોગશાળાના ડાયગ્નોસ્ટિક ભંડારને વધુ વિસ્તરણ કરવા અને ઉભરતા વાયરલ જોખમોનો સામનો કરવામાં તેની ભૂમિકાને વધારશે.

## પુષ્પાંજલી...

ગામડાઓમાં ખેતીની સ્થિતિ સારી ન હતી. ખેડૂતો પર કરનો બોજ એટલો હતો કે તેની સામે ખેતીની મોટાભાગની આવક કરબોજ ભરપાઈ કરવામાં વપરાઈ જતી હતી. આવી વિષમ પરિસ્થિતિમાં સેનામાં જોડાઈ રોજગારી મેળવવા માટેનો એક વિકલ્પ હતો. તે સમયે બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપનીની બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીમાં બ્રાહ્મણોની વધુ ભરતી કરવામાં આવતી હતી. તેથી મંગલ પાંડે પણ ૨૨વર્ષની વયે બંગાળ નેટિવ ઈન્ફન્ટ્રીની ૩૪મી બટાલિયનમાં જોડાયા હતા.

ક્રાંતિવીર શ્રીમંગલ પાંડે શૂરવીર અને દેશદાઝ ધરાવતા ભારતીય સૈનિક હતા. ૧૮૫૭ની ભારતીય ક્રાંતિના સમયની ઘટનામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. તે સમયનો બ્રિટિશ ઈતિહાસ તેમને રાજદ્રોહી કે બળવાખોર ગણે છે પણ વર્તમાન સમયમાં ભારતીયો તેમને એક નાયક ગણે છે. ૧૯૮૪માં ભારત સરકારે તેમની યાદમાં ટપાલ ટિકિટ બહાર પાડી હતી. દેશભરના સિનેમાઘરોમાં તેમના જીવન અને કાર્યોને ઉજાગર કરતા ચલચિત્રો પણ દર્શાવવામાં આવેલ છે.

આ પુષ્પાંજલિ કાર્યક્રમમાં મેયર નયનાબેન પેઢડીયા, ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસકપક્ષ દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ ઉપપ્રમુખ મહેશભાઈ રાઠોડ, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા,વોટર વર્કસ સમિતિ ચેરમેન અશ્વિનભાઈ પાંભર, એસ્ટેટ સમિતિ ચેરમેન મગનભાઈ સોરઠીયા, કાયદો અને નિયમોની સમિતિના ચેરમેન કંકુબેન ઉઘરેજા, કોર્પોરેટર જ્યોત્સનાબેન ટીલાળા, દુર્ગાબા જાડેજા, દર્શનાબેન પંડ્યા, દક્ષાબેન વાઘેલા, પ્રીતિબેન દોશી, બીપીનભાઈ બેરા, વિનુભાઈ સોરઠીયા, શિક્ષણ સમિતિના સદસ્ય મનસુખભાઈ વેકરીયા, મહામંત્રી વોર્ડ નં.૧૨ જયેશભાઈ પંડ્યા જયેશભાઈ પંડ્યા, વોર્ડ નં.૯ના મહામંત્રી વિરેન્દ્ર ભટ્ટ, વોર્ડ નં.૧૦ના મહામંત્રી રત્નદીપસિંહ જાડેજા, કિસાન મોરચાના પ્રમુખ વોર્ડ નં.૧૨નાદિલીપભાઈ કોટડીયા, સાંસ્કૃતિક વિભાગના મેનેજર કૌશિક ઉનાવા, સાંસ્કૃતિક વિભાગના કર્મચારીઓવગેરે ઉપસ્થિત રહી, પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

## અદાણી...

એક જ દિવસમાં સૌથી વધુ સંખ્યામાં આઉટવર્ડ (આયાત)નું હેન્ડલિંગ પણ સામેલ છે.

અદાણી પોર્ટ્સની મરીન ટીમે એક જ દિવસમાં ૪૫ જહાજોનું સંચાલન કરીને એક નોંધપાત્ર સીમાચિહ્ન હાંસલ કર્યું છે. મુંદ્રા પોર્ટ દ્વારા એક જ દિવસમાં હેન્ડલ કરાયેલા જહાજોની આ સૌથી વધુ સંખ્યા છે. પોર્ટના મરીન ઓપરેન્શે અગાઉ ૧૭-૧૮ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ ૪૩ જહાજ હેન્ડલિંગનો વિક્રમ સર્જ્યોહતો. ૨૪-કલાકના સમયગાળામાં બંદરે જટિલ દરિયાઈ કામગીરીનું સુરક્ષિત સંકલન કરી કાર્યક્ષમતાને ઉજાગર કરી છે.

અદાણીના પ્રવક્તાએ આ સીમાચિહ્નો હાંસલ કરવા અંગે જણાવ્યું હતું કે ''આ સિદ્ધિઓ અમારી ટીમના અવિરત સમર્પણ, નવીન અભિગમ અને પોર્ટ ઓપરેશનમાં નવા માપદંડો સ્થાપિત કરવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. ભારતની લોજિસ્ટિક્સ ક્ષમતાઓમાં નોંધપાત્ર યોગદાન આપવા બદલ અમને ગર્વ છે. અમારા તમામ પ્રયાસોમાં વૃદ્ધિ અને શ્રેષ્ઠતા બરકરાર રાખવા અમે પ્રતિબદ્ધ છીએ.''

ભારતની સૌથી મોટી પોર્ટ ઓપરેટર કંપની અદાણી પોર્ટ્સ અને સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ વ્યૂહાત્મક પહેલ, અદ્યતન ઈન્ફ્રાસ્ટ્રકચર અને ઓપરેશનલ એક્સેલન્સમાં ઉદ્યોગનું નેતૃત્વ કરી રહી છે. બ્લૂમબર્ગમાં પ્રકાશિત અહેવાલ અનુસાર,અદાણી ગ્રુપ વિયેતનામમાં ચોથું આંતરરાષ્ટ્રીય પોર્ટ બનાવશે.

(૧૪માં પાનાનું ચાલુ)

## ચાંદીપુરા વાયરસ....

અટકાયત માટે સઘન પગલાંઓ લેવાના શરૂ કર્યા છે તેની વિગતો પણ આ સમીક્ષા બેઠકમાં આપવામાં આવી હતી.

તદઅનુસાર ૨૬૦ ટીમો દ્વારા ૧૧,૦૫૦ ઘરોમાં કુલ ૫૬,૬૫૧ વ્યક્તિઓનું સર્વેલન્સ કરવામાં આવ્યું. ૪૮૩૮ કાચા મકાનો અને ઢોર-કોઠાર એરિયામાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવ્યું છે.

એટલું જ નહિં ૪,૮૩૮ કાચા મકાનો અને ઢોર-કોઠાર એરિયામાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવ્યું

મેલેથિયન પાવડર જિલ્લાઓમાં પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ કરાવવામાં આવ્યો છે. આમ છતાં જરૂરિયાત મુજબ વ્યવસ્થા કરવા તેમણે આરોગ્ય તંત્રને સૂચન કર્યું હતું.

રાજ્યની દરેક જિલ્લા હોસ્પિટલો અને મેડિકલ કોલેજોમાં દાખલ થતાં વાયરલ એન્કેફેલાઈટીસ વાઈરસના શંકાસ્પદ દર્દીના સેમ્પલ લઈને તાત્કાલિક પુના ખાતેની નેશનલ ઈન્સ્ટિટયૂટ ઓફ વાઈરોલોજીમાં તપાસણી માટે મોકલવાની વ્યવસ્થા સુનિશ્ચિત કરવા બેઠકમાં તાકીદ કરી હતી.

એટલું જ નહિં, આવા શંકાસ્પદ દર્દીઓને સંબંધિત હોસ્પિટલોમાં તાત્કાલિક યોગ્ય સારવારની વ્યવસ્થા માટે પણ સૂચનો કર્યા હતા.

આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીઓને દરેક કેસોનું રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા ઈન્વેસ્ટિગેશન કરવા આ વિડીયો કોન્ફરન્સ સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે, રાજ્યકક્ષાની રેપિડ રિસ્પોન્સ ટીમ દ્વારા અરવલ્લી અને સાબરકાંઠાના કેસો રૂબરૂ વિઝિટ કરીને તપાસવામાં આવ્યા છે. અન્ય જિલ્લાઓમાં પણ જરૂર જણાયે આ સ્ટેટ લેવલ ટીમ મોકલવા તેમણે તૈયારી દર્શાવી હતી.

વાયરલ એન્કેફેલાઈટીસના તમામ કેસોમાં સારવાર સંબંધી માહિતી માટે ૧૦૪ નંબરની હેલ્પલાઈનની કામગીરી પણ આરોગ્ય વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી રહી છે તેમ આરોગ્ય મંત્રીએ ઉમેર્યું હતું.

તબીબોના નિદાન મુજબ પ્રવર્તમાન જોવા મળતા કેસમાં વાયરલ એન્કેફેલાઈટીસના કેસ હોવાનું પ્રાથમિક તારણ જોવા મળ્યું છે જેના લક્ષણો ચાંદીપુરને મળતા આવે છે. માટે આ વાયરલના પ્રાથમિક લક્ષણો જણાતા દર્દીને સઘન સારવાર માટે મેડિકલ કોલેજ અથવા જિલ્લા કક્ષાની હોસ્પિટલમાં દાખલ કરાવવા મંત્રીએ અનુરોધ કર્યો હતો.

રાજ્યના તમામ તાલુકા અને અસરગ્રસ્ત સંભવિત વિસ્તારમાં જંતુનાશક અને મેલિથન દવાઓના છંટકાવ કરવા માટે પણ સૂચન કર્યા હતા.

વધુમાં આ રોગની જાગૃકતા કેળવવા માટે આશાવર્કરો બહેનો, સ્થાનિક સ્તરે આરોગ્ય ટીમને પ્રયાસો હાથ ધરવા કહ્યું હતુ.

આ રોગથી સંક્રમિત દર્દીઓ માટે ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલથી લઈ તમામ હોસ્પિટલમાં વેન્ટીલેટર, ઓકિસજન સહિતની તમામ વ્યવસ્થાઓ પુરતા પ્રમાણમાં હોવાનું પણ તેમણે ઉમેર્યુ હતું.

(છેલ્લા પાનાનું ચાલુ)

## મેઘો ઓળઘોળ....

પોણા છ ઈંચ વરસાદ વરસ્યો હતો. ઉપરાંત જૂનાગઢના વિસાવદરમાં પોણા પાંચ ઈંચ, જૂનાગઢના માંગરોળમાં પોણા પાંચ ઈંચ, રાજકોટના ઉપલેટામાં પોણા પાંચ ઈંચ, જૂનાગઢના માળીયાહાટીનામાં સાડા ચાર ઈંચ, રાજકોટના ધોરાજીમાં સવા ચાર ઈંચ, ગીર સોમનાથના તાલાલામાં ચાર ઈંચ, જામનગરના કાલાવડમાં પોણા ચાર ઈંચ વરસાદ ખાબક્યો હતો. જૂનાગઢ શહેર, તાલુકામાં સાડા ત્રણ ઈંચ, અમરેલીના ખાંભામાં સવા ત્રણ ઈંચ, ગીર ગઢડામાં ત્રણ ઈંચ, અમરેલીના કુકાવાવમાં ત્રણ ઈંચ, ગીર સોમનાથના કોડીનારમાં ત્રણ ઈંચ, જૂનાગઢના મેંદરડામાં ત્રણ ઈંચ, દ્વારકાના ભાણવડમાં અઢી ઈંચ, વલસાડ તાલુકામાં અઢી ઈંચ, ભાવનગરના શિહોરમાં અઢી ઈંચ, અમરેલીના બગસરામાં સવા બે ઈંચ, ગીર સોમનાથના ઉનામાં સવા બે ઈંચ, જામનગરના ધ્રોલમાં સવા બે ઈંચ, દ્વારકાના ખંભાળીયામાં બે ઈંચ, વલસાડના ઉમરગામમાં બે ઈંચ, દ્વારકા તાલુકામાં પોણા બે ઈંચ, જૂનાગઢના ભેંસાણમાં પોણા બે ઈંચ, નવસારીના જલાલપોરમાં દોઢ ઈંચ, મોરબી તાલુકામાં દોઢ ઈંચ, રાજકોટના જેતપુરમાં દોઢ ઈંચ, મોરબીના ટંકારામાં દોઢ ઈંચ, કચ્છના ભૂજમાં દોઢ ઈંચ, નવસારી, જામકંડોરણા, ગણદેવી, જાફરાબાદમાં સવા ઈંચ ધારી, ગોંડલ, સાવરકુંડલા, એક એક ઈંચ વરસાદ વરસ્યો હતો.

કલ્યાણપુર તાલુકામાં ૧૨ ઈંચથી આભા ફાટ્યા જેવી સ્થિતિ

બીજી તરફ દ્વારકા કલ્યાણપુર તાલુકામાં આભા ફાટ્યા જેવી સ્થિતિ સર્જાઈ છે. ધોધમાર વરસાદે જન જીવન પ્રભાવિત કર્યું છે. કલ્યાણપુર તાલુકામાં વરસાદે કહેર વર્તાવ્યો છે. ભાટિયામાં ધોધમાર વરસાદના કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ફરી વળ્યા છે. ભાટિયા આસપાસ વિસ્તારોમાં બારે મેઘ ખાંગા છે. ૨૪ કલાકમાં કલ્યાણપુર પંથકના ખાબકેલા ૧૨ ઈંચ વરસાદથી ચારે તરફ પાણી પાણી થઈ ગયું છે.

# ગોંડલનાં જુની પેઢીનાં કર્મનિષ્ઠ આગેવાન પી.આર.જાડેજાનું નિધનઃ સોમવારે બેસણું

ગોંડલનાં જુના જનસંઘી અને જુની પેઢીનાં આગેવાન પ્રભાતસિંહ રાયસિહ જાડેજાનું ગત સવારે ૮૨ વર્ષ ની જૈફ વયે નિધન થતા શોક ફેલાયો હતો.સૌરાષ્ટ્રભર માં પી.આર.બાપુનાં નામથી જાણીતા પી.આર.જાડેજા ની સાંજે પાંચ કલાકે તેમનાં નિવાસસ્થાને થી નીકળેલી અંતિમયાત્રા માં શહેર નાં આગેવાનો,પ્રબુધ્ધ જનો વિશાળ સંખ્યામાં જોડાઈ ગોંડલ નાં કર્મઠ આગેવાનને અંતિમ વિદાય આપી હતી.

પી.આર.જાડેજાએ ૧૯૭૨ થી જાહેરજીવન નો પ્રારંભ



જનસંઘ માં જોડાઈ ને કર્યો હતો.તેઓ સતત પાંચ ટર્મ સુધી એટલે કે પચ્ચીસ વર્ષ સુધી નગરપાલિકાનાં સભ્યપદે રહ્યા હતા. અને લાગલગાટ ૧૭ વર્ષ સુધી નગરપાલિકામાં ઉપપ્રમુખ પદે રહ્યા હતા.એ સમય ગોંડલ ની રાજનીતી માં સ્વ.ગોવિંદભાઈ દેશાઈ અને પી.આર.બાપુનો યુગ ગણાતો હતો.પી.આર.જાડેજા ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડ નાં ડીરેક્ટર પણ રહી ચુક્યા છે.તેઓ સૌરાષ્ટ્રભર માં બહોળો મિત્ર વર્ગ ધરાવતા હતા. પી.આર.જાડેજાએ લોકસેવાનાં માધ્યમ થી ગોંડલ માં બહોળી લોકચાહના મેળવી હતી.

તેઓ ગોંડલ નાં જાહેર જીવન માં અજાતશત્રુ હતા.તેમની વિદાય થી રાજનિતિ નાં એક યુગ નો અંત આવ્યો છે.સદગતનું બેસણુ તા.૨૨ સોમવાર સાંજે ચાર થી છ દરમિયાન કડવા પાટીદાર સમાજની વાડી ગુંદાળા રોડ ખાતે રાખેલ છે.

# દુઃખદ અવસાન

## સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના



**રાજકોટઃ** દયાબેન રામજીભાઈ માખેલા (ઉ.વ.૭૫) નું તા. ૧૮ ને ગુરુવારના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ ને શનિવારે બપોરે ૪ થી ૬ દરમિયાન ગીરનારા સોની સમાજ વાડી લક્ષ્મીવાડી રોડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**સુરેન્દ્રનગરઃ** જયોત્સનાબેન ઠાકોરભાઈ રાવલ (ઉ.વ.૮૬) તે પરેશભાઈ, મહેશભાઈ (એડવોકેટ), જતિનભાઈના માતાનું તા. ૧૮ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ ના રોજ બપોરે ૩ થી ૬ એન.ડી. રાવલ ન્યુ ઈંગ્લીશ હાઈસ્કુલ, ગાયત્રી કૃપા સોસાયટી પાછળ, ડેમ રોડ ખાતે રાખવામાં આવ્યું છે.

**રાજકોટઃ** દમયંતિબેન પ્રવિણભાઈ આહયા તે ભુતપૂર્વ ડે. કમિશ્નર આરએમસી સ્વ. પ્રવિણભાઈ જ. આહયાના પત્નિ, ખાદી કાર્યકર જમનાદાસ આહયાના પુત્રવધુ, રાષ્ટ્રીયશાળાના ભૂતપૂર્વ વ્યવસ્થાપક સ્વ. વિઠલભાઈ આહયાના ભાભી, સ્વ. વિનોદભાઈ, મુકુંદરાય દુર્લભજી ચોટાઈના બહેન, જોયભાઈ ચતવાણીના સાસુનું તા. ૧૭ ના રોજ અવસાન થયેલ છે. સદગતનું બેસણું (બન્ને પક્ષ)નું તા. ૧૯ ને શુક્રવારે સાંજે ૪.૩૦ થી ૬ રાષ્ટ્રીય શાળા મધ્યસ્થ ખંડ, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** સ્વ. ઓધવજી અમરશી ચોલેરાના દીકરી કુસુમબેન મનસુખલાલ માણેક તેઓ સ્વ. ચંદુલાલ ઓધવજી ચોલેરા, સ્વ.વિનોદરાય ઓધવજી ચોલેરા (દીપ પેટ્રોલિયમ), ડો. નટવરલાલ ઓધવજી ચોલેરા (યુએસએ) ના બહેનનું તા. ૧૩ ના રોજ લંડન ખાતે અવસાન થયેલ છે.

**રાજકોટઃ** રાજકોટ નિવાસી ગુર્જર ક્ષત્રીય કડિયા સ્વ. અમૃતલાલ ભવાનભાઈ ટાંકના પુત્ર, અરવિંદભાઈ અમૃતલાલ ટાંક (મદદનીશ ઈજનેર સિંચાઈ નર્મદા વિભાગ), જે. પ્રિયંકા, પ્રણવના પિતા, સ્વ. રમેશભાઈ, વિનોદભાઈ, ભાનુબેન, હર્ષાબેનના ભાઈનું તા. ૧૮ ના રોજ અવસાન થયેલ છે. તેઓનું બેસણું તા. ૨૦ ના રોજ સાંજે ૪ થી ૫ અમરનાથ મહાદેવ મંદિર હસનવાડી શેરી નં.૪ ના છેડે રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટઃ** રમેશચંદ્ર નારણદાસ રાજાણી (ઉ.વ.૭૦) તે નારણદાસ રણછોડભાઈ રાજાણી (બાલાગામ ગાળા) ના પુત્ર, વર્ષાબેનના પતિ, જીગ્નેશભાઈ, અર્ચનાબેન, કોમલબેનના પિતા, વ્રજલાલભાઈ રાજાણી, અરવિંદભાઈ કારીયા (પરેલી વાળા) ના જમાઈનું તા. ૧૭ ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા તા. ૧૯ ને શુક્રવારે અમરનાથ મહાદેવ મંદિર, ત્રિશુકલ ચોક સર્કલ પાસે, રાજકોટ ખાતે સાંજે ચાર થી પાંચ વાગ્યા સુધી રાખેલ છે.

**રાજકોટઃ** મુળ પડધરી હાલ રાજકોટ સ્વ. હિરાલાલ દેવશીભાઈ પરમારના પત્ની સ્વ. મંછાબેન હિરાભાઈ પરમાર તથા સ્વ. કિશોરભાઈ, અશોકભાઈ, ગીરીશભાઈ, પ્રકાશભાઈ તથા મંજુબેન, સ્વ. જયશ્રીબેનના માતા, નરેન્દ્રભાઈ કાંતિભાઈ પરમાર, કૌશિકભાઈ રમેશભાઈ પરમાર, નરેશભાઈ રતિભાઈ પરમારના ભાભુ, સ્વ. હિતેશભાઈ પરમાર, રોહિત, નિરવ, જયદિપ, હિતેશ, ભાવેશના દાદીમાનું અવસાન થયેલ છે. તેમનું બેસણું તા. તા.૨૦ ને શનિવારે રામનગર મેઈન રોડ, રામમંદિર પી.ડી.એમ. કોલેજની બાજુમાં ગોંડલ રોડ ખાતે રાખવામાં આવેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.


# "બંગલામાં ફોજદારનું મધ્ય રાત્રિએ અગમ્ય વસ્તુ સાથે માનસિક યુદ્ધ"

## મધુર સુગંધ, બારીમાંથી દેખાતા અદ્ભૂત દ્રશ્યો અને હવે અગમ્ય વસ્તુ રૂમમાં ઘૂસતા ધમસાણ !

**ભૂત બંગલો ૪**

ફોજદાર જયદેવ પોતાની નવી નોકરી મસ્તીથી અને આનંદથી કરતો હતો, પરંતુ રાત્રે કવાર્ટર ઉપર સૂવા જવાનું થાય એટલે જૂની ભૂતકાળની વાતો અને પોતે અનુભવેલ અલૌકિક સુગંધ અને જોયેલ અદ્ભુત નજારાની બાબતો મગજમાં એક પછી એક ચલચિત્ર માફક ફરતી રહેતી તેથી થોડો અસ્વસ્થ થઈ જતો, પરંતુ તેને નિંદર તો આવી જ જતી.

પરંતુ હંમેશાં રાત્રે સૂતાં પહેલાં વચલા રૂમમાંથી પીવાનું પાણી લઈને તે રૂમનો દરવાજો અવશ્ય બંધ કરી દેતો અને જે રૂમમાં સુતો તે ઓસરી તરફનો દરવાજો ખુલ્લો રાખતો અને ઓસરીની બહારનો દરવાજો જે લાકડાની પટ્ટીઓવાળો હતો તે સાંકળ અંદરથી અંદરથી વાસી બંધ રાખતો, પલંગ રૂમમાં વચ્ચે રાખી ઓશીકું દરવાજાની વિરુદ્ધ દિશામાં રાખતો. જેથી સૂતાં-સૂતાં જ રૂમના દરવાજામાંથી ઑસરીનો દરવાજો, પોલીસ લાઈનની ઓસરી, પોલીસ સ્ટેશનની ઓસરી રીબડા ગોંડલ રોડ અને બસ સ્ટેન્ડ જોઈ શકાય. પાણીનો લોટો પલંગ નીચે અને લોડેડ રિવોલ્વર ઓશીકા નીચે રાખતો. રૂમમાં ફક્ત પાછળની દીવાલે એક ખુરશી અને એક ટેબલ રહેતું. ટેબલ ઉપર જયદેવ પોતાનાં વાંચવાનાં પુસ્તકો રાખતો. બાકી આખો રૂમ ખાલી જ હતો.




થોડા દિવસ પછી એક વખત જયદેવ વાળુપાણી કરીને રાત્રીના પથારીમાં સૂઈ ગયો. અડધી રાત્રીના તેણે ઓસરીના દરવાજાની સાંકળ ખૂલીને બંધ થવાનો અવાજ સાંભળ્યો અને એકદમ સફાળો જાગી ગયો. પરંતુ સામે ઓસરીમાં જોયું તો કોઈ જ ન હતું. પરંતુ ઓસરીમાં ગેલેરીમાં ડાબી બાજુ કોઈ ગયું હોય કે સંતાયું હોય તો પલંગ ઉપરથી દેખાય નહિ. નોકરીમાં જયદેવ અન્યાય કે કાયદાનો ભંગ કરનાર દાદાઓ માટે હાથનો છૂટો હતો અને કાયદાનો કડકાઈથી અમલ કરાવતો. તેથી સહજ રીતે ઓગણચાલીસ ગામના તાલુકામાં કેટલાક તો જયદેવથી નારાજ અને અસંતુષ્ટ હોય જ. જયદેવે અનુમાન કર્યું કે કોઈ નાલાયક વ્યકિતએ ચોક્કસ ઓસરીમાં આવવા સાંકળ ખોલી દરવાજો બંધ કરી તેની સાંકળ પાછી બંધ કરી દીધી છે. કેમ કે જયદેવે તેવો ખૂલવા બંધ થવાનો સાંકાળનો અવાજ સાંભળેલ તે નક્કર હકીકત હતી.

જયદેવે માથા નીચે ઓશીકા તળે રાખેલી ભરેલી રિવોલ્વર હાથમાં લીધી અને પલંગ ઉપરથી અવાજ ન આવે તે રીતે ઊતરીને રૂમના દરવાજા પાછળ આવી ને ઊભો રહી ગયો. પાંચેક મિનિટ દરવાજા પાછળ ઊભો રહ્યો અને આવનારને રૂમમાં દાખલ થાય એટલે જોઈ લેવાની તૈયારી કરી. પરંતુ રૂમમાં કોઈ આવ્યું નહીં કે ઓસરીમાંથી કાંઈ અવાજ પણ સંભળાયો નહિ. આમ આમ થોડો સમય થયો અને જયદેવના મગજમાં પેલું જૂનું ચલચિત્ર ચાલુ થયું. ફોજદાર રાવ, ચૌધરી, રિટાયર્ડ ફોજદાર વલીચાચા, અલૌકિક સુગંધ અને અદ્ભુત નજારો... એ યાદ આવતાં જ જયદેવને પરસેવો વળી ગયો. પાછું મન મનાવ્યું કે જાળીમાં હાથ નાખીને દરવાજો ખોલી શકાય? પરંતુ સાંકળ આસપાસ લાકડાની પટ્ટીઓ એવી રીતે લગાવેલી હતી કે લગભગ માણસના હાથનો પંજો અંદર જઈ શકે નહિ. અંદર તરફથી બંધ કરેલ સાંકળ ખોલી જ ન શકાય. એટલે કોઈ માણસ તો અંદર આવી જ ન શકે. તો? જયદેવ ચમક્યો. તો અંદર કોઈ આવ્યું? હવે જયદેવ બરાબર મૂંઝાયો. હવે શું કરવું? પરંતુ તેણે નક્કી કર્યું કે હવે પોલીસ સ્ટેશન તો જવું જ નથી અને જૂના લિસ્ટમાં પોતાના નામનો ઉમેરો કરવો જ નથી.

ઓસરીમાં અને રૂમમાં બંને બાજુ અંધારું હતું. જો જયદેવ રૂમની લાઈટ કરે તો બહારની વ્યક્તિ જયદેવને જોઈ શકે પરંતુ જયદેવ બહારની વ્યક્તિને જોઈ શકે નહિ. ઓસરીની લાઈટની સ્વીચ ઓસરીમાં જ હતી અને ત્યાં તો જવાનો પ્રશ્ન હતો! કેવી રીતે જવું ? જેથી બંધ લાઈટે જ જયદેવ દસ પંદર મિનિટ રૂમના દરવાજા પાછળ ઊભો રહ્યો અને પોતાની જાત સાથે જ મગજમારી કરતો રહ્યો. જયદેવ ખૂબ મૂંઝાયો. ભરેલી રિવોલ્વર હાથમાં હોવા છતાં કયાંક કાચું ન કપાય તે માટે, ખોટો ધજાગરો ન થાય તે માટે પણ મૂંઝાઈને ધીરજ રાખી ઊભો રહ્યો. શરીર ઉપર વળેલ પરસેવો રેલો બની રૂમની લાદી ઉપર આવી ગયો હતો.

આખરે કંટાળીને અને મૂંઝાઈને નિર્ણય કર્યો કે જે થવું હોય તે થાય; પહેલાં ઓસરીમાં જાઉં અને પછી જોઈને જે કરવાનું (રિવોલ્વર ફાયરિંગ) હોય તે કરીશું. એમ નક્કી કરી હિંમત એકઠી કરી જમણા હાથમાંની રિવોલ્વરની પકડ મજબૂત કરી ટ્રિગર ઉપર તર્જની આંગળી રાખી ઓસરીમાં આવવા જેવો ઓરડાનો ઉમરો વટાવીને એક પગ ઓસરીમાં મૂક્યો અને એક પગ હજુ રૂમમાં હતો. ત્યાં જ ઓસરીમાં ઉપર આવેલ લાકડાની નાટ ઉપરથી કાંઈક જયદેવ તરફ આવ્યું અને જયદેવના ડાબા ખંભે એવું જોરદાર અથડાયું કે જયદેવ આખો રિવોલ્વર સાથે ગોળ આંટો મારી ગયો અને તે અદ્રશ્ય વસ્તુ રૂમમાં જતી રહી. જયદેવ હબકાઈ ગયોઃ શું થયું! શું આવ્યું ? શું થઈ રહ્યું છે ? જયદેવનાં ગાત્રો ધ્રૂજી ગયાં. પરસેવો તો ચાલુ જ હતો અને શ્વાસ પણ વધી ગયા. પણ તે શું હતું? જયદેવ તે નક્કી કરી શક્યો નહિ. હવે જયદેવની ધીરજનો અંત આવી ગયો હતો.

હવે આખું દૃશ્ય ફરી ગયું હતું. જયદેવ ઓસરીમાં અને પેલી 'વસ્તુ' રૂમમાં અને બંને જગ્યાએ અંધારું, જયદેવ ધ્રૂજી ગયો હતો. હાથમાં રિવોલ્વર ભરેલી જ હતી. પરંતુ રૂમમાં અંધારું હતું. ક્યાં ફાયરિંગ કરવું ? વળી જયદેવે વિચાર કર્યો કે માનો કે કાંઈ ન હોય તો પોલીસ અને પ્રજા બંને વાતો કરવાના કે આ ફોજદાર જયદેવ પણ ડરી ગયો અને હવામાં ખોટું ફાયરિંગ કરી નાખ્યું. વળી આ અરધી રાત્રે પોલીસ સ્ટેશને જાય તો પણ પોતાનું નામ ફોજદાર ચૌધરી સાથે લખાઈ જાય કે રાત્રીના ડરીને પોલીસ સ્ટેશને આવી ગયા. આવા તરંગો સાથે જયદેવે મરણિયો જંગ ખેલી નાખવાનો વિચાર કર્યો.



**એસ. બી. ગોહિલ**
મદદનીશ પોલીસ અધિક્ષક (નિવૃત્ત)
મો.9925500067

પરંતુ જેની સાથે જંગ ખેલવાનો હતો તેને એક વખત જોવું અનિવાર્ય હતું અને તે માટે રૂમમાં અંદર દરવાજા પાછળ આવેલા સ્વીચ બોર્ડમાંથી લાઇટ ચાલુ કરવાની હતી. જયદેવે આખરી પગલા રૂપે હિંમત એકઠી કરી. જમણા હાથેથી રિવોલ્વરની ફરીથી પકકડ મજબૂત કરી. તર્જનીથી ટ્રિગરને લગભગ માનો કે દબાવી જ દીધી હોય એ રીતે પોઝિશન લઈ રૂમમાં દાખલ થઈ સ્વીચઓન કરતાં જ લાઇટ લો વોલ્ટેજ હોઈ ટ્યૂબલાઈટ ઝબકારા આંચકા ખાતી અજવાળું ફેંકતાં તેમાં જોયું કે ઓહો! આતો ડાઘિયો કૂતરો! પરંતુ ટ્યુબ લાઇટનું અજવાળુ સ્થિર થતાં જોયું તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એક વિશાળ કદનો, તદ્દન ઘેરા કાળા રંગનો મોટા કાન અને પીળા રંગની આગ ફેંકતી આંખો, મોટી મોટી નમેલી મૂછો અને માણસની જેમ ડરાવતી અને કતરાતી આંખે જયદેવ સામે તાકી રહેલો મોટો ઘોઘર બિલાડો ટેબલ ઉપર હુમલો કરવાની પોઝિશનમાં પંજા પ્રસરાવી આક્રમક સ્થિતિમાં બેઠો હતો.


જયદેવને થોડી રાહત થઈ. પરંતુ બિલાડાનું કદ એવું વિશાળ હતું કે આવા બિલાડાની વાત તો કયારેય સાંભળેલ તો નહિ પરંતુ કયાંય વાંચેલ પણ નહિ. વળી તેની વર્તણૂક, હાવભાવ અને પોઝિશન કોઈ માણસની હોય તેમ લાગ્યું અને વટ તથા મગરૂરીથી બેઠો હતો. કોઈ જ ડર કે ભય છે કે આવી ભરાણા જેવી ગભરાટની લાગણી સામાન્ય રીતે પશુમાં હોય તેવી કોઈ જ અસર હતી નહિ અને જાણે જયદેવને ચેલેન્જ કરતો હોય કે હું જરા પણ ડરતો નથી, પહેલો ચાન્સ તારો જે કરવું હોય તે કર. જયદેવે કોઈ આક્રમક કાર્યવાહી કરવાને બદલે ઓસરીમાં જઈ લાઈટ કરી ઓસરીના દરવાજાની સાંકળ ખોલી દરવાજો જ ખોલી નાખ્યો. જયદેવે જોયું તો બિલાડો હજુ તે જ પોઝિશનમાં જયદેવને કાંઈક કહેવા કે ડરાવવા માગતો હોય તેમ બેઠો હતો. સામાન્ય રીતે આવાં પશુપ્રાણી દરવાજો ખૂલે એટલે માર્ગ મોકળો થતાં ચાલતી પકડતાં હોય છે. પરંતુ આ બિલાડાને ઊભો થવા કે આડો અવળો થવાની કોઈ જ તૈયારી ન હતી.

આ સ્થિતિ જોઈ જયદેવે વિચાર્યું કે બિલાડાને બહારથી ઓસરીમાં આવવા માટે દરવાજો કે ઓસરીમાં એવું કોઈ તેના માપનું કાણું ન હતુ કે તે અંદર આવી શકે અને સાંકળ ખૂલવા અને બંધ થવાનો અવાજ તો જયદેવે સ્પષ્ટ રીતે સાંભળ્યો હતો તેથી તો તે જાગી ગયો હતો. તો આ અવાજ આ બિલાડાએ કર્યો હોય? તે વિચારે જયદેવને આ બિલાડો પ્રાણી હોવા અંગે પણ શંકા ગઈ. જયદેવને હવે ખરેખર ભય લાગ્યો અને મનમાં બોલી ઊઠ્યો, ભુત પિશાચ નિકટ નહિ આવે મહાવીર જબ નામ સુનાવે'' આમ ને આમ થોડી મિનિટ ઊભા રહ્યા પછી જયદેવે જેમ માણસને રસ્તો બતાવવા આંગળીથી ઈશારો કરે તે રીતે બિલાડાને રૂમ બહાર ઓસરી અને ઓસરીથી દરવાજા બહાર જતો આંગળી અને હાથથી ઈશારો કરતું સૂચન કર્યું અને બિલાડો જાણે જયદેવ ઉપર ઉપકાર કરતો હોય અને કોઈથી ડરતો ન હોય તેમ આરામથી ઊભો થઈ ટેબલથી જમીન ઉપર આવી કોઈ ઉતાવળ ન હોય તેમ ધીમી અને મકકમ અને મગરૂર ચાલે જયદેવ સામે તાકતો તાકતો બહાર ચાલતો ગયો. જયદેવે તુરંત દરવાજો બંધ કરી સાંકળ મારી તાળું મારી દીધું કે જે કરવાની કોઈ જરૂરત ન હતી. સાંકળ બહારથી અંદર હાથ નાખી ખૂલે તેમ જ ન હતી અને આવડો મોટો બિલાડો જાળીમાંથી આવી શકે જ નહિ તો તે અંદર આવ્યો કઈ રીતે ? માનો કે સાંકળ ખોલી નાખી તો તેણે માણસની અદાથી ઝડપથી બંધ પણ કરી દીધી? આ પ્રશ્ન પ્રશ્ન જ રહ્યો. જયદેવ ત્યાર બાદ ટીવી ચેનલો એનિમલ પ્લેનેટ અને ડિસ્કવરી ચેનલમાં આવા બિલાડા અંગે જોતો રહ્યો, પરંતુ હજુ આવો બિલાડો જોવા મળ્યો નથી.

ત્યારબાદ જયદેવે પાછુ પલંગ ઉપર લંબાવ્યું પરંતુ લાઈટ ચાલુ રાખી અને સવાર સુધી જાગતો જ પથારીમાં પડયો રહ્યો. સવારના છ વાગ્યે જ વાયરલેસથી વરધી આવી ગઈ કે ધોરાજી ખાતે દસ દિવસ રોકાવાની તૈયારી અને પાંચ કોન્સ્ટેબલ સાથે કોમ્યુનલ રાયોટ બંદોબસ્તમાં તુરંત રવાના થવાનું છે અને જયદેવ પાંચ કોન્સ્ટેબલોને લઈને ધોરાજી જવા રવાના થઈ ગયો. પરંતુ રાત્રે નીંદર પૂરી થયેલ નહીં હોય તે રસ્તામાં જોકા ખાતો હતો, નવાગઢ આવતા ચા-પાણી પી ને જીપમાં ગોઠવાયા એટલે કોન્સ્ટેબલ ગઢવીએ ધીમેથી જયદેવને પુછ્યું સાહેબ રાત્રીના રૂમની લાઈટ બંધ કરવાનું ભલી ગયા હતા. કે શું? આથી નીંદર પુરી થઈ નથી લાગતી, ગઢવીને એવો ખ્યાલ આ લાઈટ ચાલુ હોવાથી આવી ગયો હતો.કે ગત રાત્રિ કતલની રાત હશે તેથી તેને રાત્રિની વાત જાણવી હતી. પરંતુ જયદેવે હા હા કરીને યુક્તિ પુર્વક વાત ફેરવી નાખી અને રાત્રિની વાત કાંઈ કરી જ નહી.

# ટ્રમ્પ નિશ્ચિત તો સામે ડેમોક્રેટને " ઉમેદવાર" એક અઠવાડિયામાં નક્કી કરવો પડશે

## બાઈડેન આ અઠવાડિયાની શરૂઆતમાં જ નામાંકન પાછું ખેંચે તેવી શક્યતા



**અબતક, નવીદિલ્હી**

ભૂતપૂર્વ યુએસ પ્રમુખ અને ડેમોક્રેટિક આઈકન બરાક ઓબામાએ નવેમ્બરની ચૂંટણી માટે જો બિડેનની સતત ઉમેદવારી અંગે પક્ષની ચાલી રહેલી ચર્ચા પર ભાર મૂક્યો હતો, અહેવાલ મુજબ પક્ષના અન્ય અગ્રણીઓ સાથે સંમત થયા હતા કે તેમનો વિજયનો માર્ગ હવે ખૂબ મુશ્કેલ છે. જો કે, ઓબામા ઈચ્છશે કે બિડેન, જે તેમના ઉપરાષ્ટ્રપતિ હતા, તેમની બહાર નીકળવા અંગે પોતાનો નિર્ણય લે.

બાયડેનને હાંકી કાઢવાની ઓબામાની સલાહ ગુરુવારે સમગ્ર વોશિંગ્ટનમાં ફેલાઈ ગઈ હતી, એવા અહેવાલો હતા કે નેન્સી પેલોસી, ચક શૂમર અને હાકિમ જાફરી જેવા વરિષ્ઠ ડેમોક્રેટિક નેતાઓએ પ્રમુખને પરાસ્ત કરી શકે તેવી વધતી જતી આશંકા વચ્ચે ધીમેધીમે મતદાનની સંખ્યા સામે નમન કરવા દબાણ કર્યું હતું. કોવિડથી સંક્રમિત અને ગુરુવારે વધુ નબળા દેખાતા નબળા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની હત્યાના નિષ્ફળ પ્રયાસને પગલે રિપબ્લિકન ઉછાળા પછી પહેલાથી જ પાછળના પગ પર રહેલી પાર્ટીને વધુ નિરાશ કરી છે.

રાજધાનીમાં એવી અટકળો વધી રહી છે કે બિડેન આ અઠવાડિયાની શરૂઆતમાં જ જાહેરાત કરી શકે છે કે તેઓ તેમનું નામાંકન પાછું ખેંચી રહ્યા છે, ડેમોક્રેટ્સને નવા નોમિની પસંદ કરવા માટે છ અઠવાડિયાનો સમય આપ્યો છે, જેમાં ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસ આગળ છે. હેરિસ ઓબામાની નજીક છે, પરંતુ બિડેનની બદલી અંગેનો કોઈપણ નિર્ણય ચૂંટણીની સંભાવનાઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.

### આ હોઈ શકે ડેમોક્રેટના સંભવિત ઉમેદવાર

જો બિડેન ૨૦૨૪ યુએસ પ્રમુખપદની રેસમાંથી બહાર નીકળી જાય, તો ત્યાં ઘણા સંભવિત ઉમેદવારો છે જેઓ ડેમોક્રેટિક નોમિની તરીકે તેમનું સ્થાન લઈ શકે છે

**-કમલા હેરિસ**

વર્તમાન વાઈસ પ્રેસિડેન્ટ તરીકે, કમલા હેરિસ બિડેનની જગ્યાએ ટોચ પર રહેશે. જો કે, તેમણે બિડેન વહીવટમાં તેમની વિશિષ્ટતાના અભાવ અને નબળા મતદાન મંજૂરી રેટિંગ્સ અંગે ટીકાનો સામનો કરવો પડ્યો છે. હેરિસ બિડેનના વફાદાર સાથી રહ્યા છે અને તેમના ચર્ચા પ્રદર્શનનો ઉગ્રતાથી બચાવ કર્યો છે, પરંતુ તેણીએ હજી પણ વિવાદાસ્પદ સંમેલનમાં પ્રતિનિધિઓને એકત્ર કરવાની જરૂર પડશે.

**- ગેવિન ન્યૂઝમ**

કેલિફોર્નિયાના ગવર્નરને સંભવિત બદલી તરીકે ગણવામાં આવે છે અને તેઓ રાષ્ટ્રીય સ્તરે ડેમોક્રેટ્સના સમર્થન માટે જાણીતા છે. ન્યૂઝમની રાજકીય મહત્વાકાંક્ષાઓ છે અને તે ઘણીવાર બિડેનની પ્રશંસા કરતા સરોગેટ તરીકે જોવામાં આવે છે, પરંતુ તે હાલમાં બિડેનને ચૂંટવા માટે કામ કરી રહ્યો છે.

**- ગ્રેચેન વ્હાઈટમર**

મિશિગનના ગવર્નર વધુને વધુ લોકપ્રિય મિડવેસ્ટ ડેમોક્રેટ છે જેમણે ભૂતકાળમાં બિડેન માટે ઝુંબેશ ચલાવી છે. વ્હીટમેરે ૨૦૨૨ માં એક સફળ ઝુંબેશનું નેતૃત્વ કર્યું જેણે મિશિગન ડેમોક્રેટ્સને રાજ્યની વિધાનસભા અને ગવર્નરશિપ પર નિયંત્રણ આપ્યું, તેમને પ્રગતિશીલ નીતિઓ ઘડવાની મંજૂરી આપી.

**- જે.બી. પ્રિટ્ઝકર**


ઈલિનોઈસના ગવર્નર ગર્ભપાત અધિકારો, બંદૂક નિયંત્રણ અને મારિજુઆના કાયદેસરકરણ જેવા મુખ્ય મુદ્દાઓ પર મજબૂત વલણ સાથે શ્રીમંત અને પ્રગતિશીલ ઉમેદવાર તરીકે ઉભરી આવ્યા છે. પ્રિટ્ઝકરને સંભવિત રિપ્લેસમેન્ટ તરીકે મૂકવામાં આવ્યા છે, પરંતુ હાલમાં તે બિડેનના સરોગેટ તરીકે સેવા આપી રહ્યા છે.

**- અન્ય સંભવિત ઉમેદવારો**

ઉલ્લેખિત અન્ય નામોમાં પેન્સિલવેનિયાના ગવર્નર જોશ શાપિરો, કેલિફોર્નિયાના પ્રતિનિધિ રો ખન્ના અને સેનેટર્સ બર્ની સેન્ડર્સ, એલિઝાબેથ વોરેન, એમી ક્લોબુચર અને ટ્રાન્સપોર્ટેશન સેક્રેટરી પીટ બટિગીગનો સમાવેશ થાય છે.

# શું ઉત્તરપ્રદેશ ભાજપ ગુમાવી રહ્યું છે ?

## યોગી - મોર્યના નિવેદનથી પાર્ટીના ટોચના નેતૃત્વમાં વિખવાદ હોવાનું બહાર આવ્યુ



**અબતક, નવીદિલ્હી**

ઉત્તર પ્રદેશમાં પાર્ટીની રાજ્ય કાર્યકારિણીની બેઠકને સંબોધતા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતાઉ કે ભાજપે તેના અતિવિશ્વાસની કિંમત ચૂકવી છે. વિરોધીઓ, જેઓ ચૂંટણી પહેલા નિરાશ થઈ ગયા હતા, તેઓ હવે એક અલગ રૂપમાં જોવા મળે છે તેઓએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપની મોટી હારનો ઉલ્લેખ કરી રહ્યા હતા, જ્યાં પાર્ટીની બેઠકો ૨૦૧૯માં ૬૪થી ઘટીને ૩૬ થઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે દર્શકોમાં બીજેપી અધ્યક્ષ જેપી નડ્ડા પણ હાજર હતા. તે જ જગ્યાએ, નાયબ મુખ્ય પ્રધાન કેશવ પ્રસાદ મૌર્ય, એક પ્રભાવશાળી ઓબીસી નેતા કે જેને આરએસએસનું સમર્થન હોવાનું માનવામાં આવે છે.

ભાજપની યોજનામાં, સંગઠન હંમેશા સરકારથી ઉપર હોય છે. તમામ મંત્રીઓ, ધારાસભ્યો અને જનપ્રતિનિધિઓની જવાબદારી છે કે તેઓ કામદારોનું સન્માન કરે અને તેમની ગરિમાનું ધ્યાન રાખે. હું પહેલા પાર્ટીનો કાર્યકર છું અને પછી નાયબ મુખ્યપ્રધાન. રાજકીય રીતે નિર્ણાયક રાજ્યમાં બીજેપીના ઘણા કાર્યકરો - હજુ પણ લોકસભાની ચૂંટણીમાં અણધારી હારમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છે - આ નિવેદનો કદાચ સમસ્યારૂપ ન જણાયા, પરંતુ તેમાંથી કોઈ ખુશ ન હતા. આ એટલા માટે છે કારણ કે બંને નિવેદનો દ્વારા આપવામાં આવેલા સંદેશે પાર્ટીના ટોચના નેતૃત્વમાં વિખવાદનો પર્દાફાશ કર્યો છે. સમાજવાદી પાર્ટી અને કોંગ્રેસના બનેલા ભારત બ્લોકે ઉત્તર પ્રદેશમાં ૮૦માંથી ૪૩ બેઠકો જીતી, તેને રાજ્ય અને રાષ્ટ્રીય મંચ પર નવો વિશ્વાસ અપાવ્યો. વર્તમાન તંગ સમયમાં, યોગીનો સંદેશ, જો કે હકીકતમાં સાચો છે, એવું માનવામાં આવે છે કે રાજ્ય એકમ અને મૌર્ય જેવા હતાશ સાથી પક્ષોને લક્ષ્યમાં રાખવામાં આવ્યા છે, જેમણે અણધારી હાર માટે મુખ્યમંત્રી પર દોષારોપણ કરવાનો પ્રયાસ કર્યો છે. તેણે સ્પષ્ટ કર્યું કે આધુનિક હિંદુત્વના પોસ્ટર બોયમાંથી ચાબુક મારનાર છોકરામાં ફેરવવાનો તેનો કોઈ ઈરાદો નથી.

### હવે પરિસ્થિતિ કેમ બગડી રહી છે?

મૌર્ય અને યુપી બીજેપીના વડા ભૂપેન્દ્ર સિંહ ચૌધરીએ ૧૬ જુલાઈના રોજ નડ્ડા સાથે મુલાકાત કરી અને તેમને યોગીની કાર્યશૈલી અંગે પક્ષના કાર્યકરોમાં ''વધતી નારાજગી'' વિશે જાણ કરી. નેતાઓએ એમ પણ કહ્યું હતું કે સરકારથી સ્થાનિક ભાજપ કાર્યકર્તાઓની વિમુખતા અને સ્થાનિક વહીવટીતંત્રના નિરંકુશ વલણને કારણે પાર્ટીને લોકસભા ચૂંટણીમાં ઘણી બેઠકો ગુમાવવી પડી હતી, અહેવાલમાં જણાવાયું છે.

### શું મૌર્યની નજર બીજેપી અધ્યક્ષ પદ પર છે?

૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહની શાનદાર જીત બાદથી યોગીએ તેમની અપીલના બળ પર સંગઠન પર પ્રભુત્વ જમાવ્યું છે. મૌર્ય, જેઓ વિધાનસભાની ચૂંટણી દરમિયાન પક્ષના પ્રદેશ અધ્યક્ષ હતા, અને પોતાને જીતના સ્વાભાવિક દાવેદાર માનતા હતા, તેઓ માટે બીજા દરજ્જાની ભૂમિકા ભજવવી હંમેશા મુશ્કેલ હતી, પરંતુ તેણે જુનિયર ભાગીદાર તરીકે પોતાનું અસ્તિત્વ સ્વીકારવું પડ્યું.

# કાશ્મીર તો ઠીક જમ્મુમાં પણ આતંકવાદનું જોખમ વધી રહ્યું છે !

**અબતક, નવીદિલ્હી**

છેલ્લા ત્રણ વર્ષમાં આતંકવાદીઓએ એકલા જમ્મુ ક્ષેત્રમાં ૫૦ થી વધુ લોકોની હત્યા કરી છે. તે ચિંતાનો વિષય છે . આતંકવાદીઓ મનસ્વી રીતે સુરક્ષા દળો અને યાત્રાળુઓ પર હુમલો જ નથી કરી રહ્યા પરંતુ ઘટનાને અંજામ આપી રહ્યા છે અને તેની જવાબદારી પણ લઈ રહ્યા છે. એવું માનવામાં આવે છે કે જમ્મુ ક્ષેત્રમાં ચાલીસથી વધુ હાર્ડકોર પાકિસ્તાની આતંકવાદીઓ ત્રણથી ચાર આતંકવાદીઓના એક ડઝનથી વધુ જૂથોમાં સક્રિય છે. હાલના હુમલાઓને ધ્યાનમાં રાખીને, એ સમજવું યોગ્ય છે કે શા માટે જમ્મુ ક્ષેત્ર તાજેતરના વર્ષોમાં આતંકવાદનું કેન્દ્ર બની ગયું છે. ચાલો તેને કેટલાક સરળ મુદ્દાઓમાં સમજીએ.

કાશ્મીર ખીણમાં ખૂબ જ ઉચ્ચ સ્તરની સુરક્ષા તૈનાત હોવાથી, ખાસ કરીને કલમ ૩૭૦ નાબૂદ થયા પછી, ત્યાં આવી કાર્યવાહી શક્ય ન હતી. બીજી તરફ, જમ્મુ ક્ષેત્ર છેલ્લા બે દાયકામાં પ્રમાણમાં શાંતિપૂર્ણ રહ્યો છે અને તેથી જ આ ક્ષેત્રમાં ભારતીય સુરક્ષા દળોની તૈનાતી ખીણની જેમ ગાઢ ન હતી. પાકિસ્તાન જાણતું હતું કે ત્રિસ્તરીય તૈનાતને કારણે તે એલઓસી પાર આતંકવાદીઓને મોકલી શકશે નહીં, પરંતુ તેને જમ્મુની નજીકની આંતરરાષ્ટ્રીય સરહદ પર ફાયદો છે, જ્યાં ભૂપ્રદેશ કઠોર છે અને ઘૂસણખોરી સરળ છે. તેથી, તેણે સુરક્ષા દળો પર હુમલો કરવા માટે આ ક્ષેત્રમાંથી ઉચ્ચ પ્રશિક્ષિત વિદેશી આતંકવાદીઓને મોકલવાનું શરૂ કર્યું. આ સરહદ પર હાલના નાર્કો-ટેરર નેટવર્કે પણ તેમને મદદ કરી હતી.

જમ્મુ પ્રદેશ કાશ્મીર ખીણની જેમ ગીચ વસ્તી ધરાવતો નથી અને તેથી તેના પોતાના પડકારો છે. આ પ્રદેશનો મોટાભાગનો વિસ્તાર ઊંચા પર્વતો, કોતરો, ગુફાઓ, નદીની ખીણો અને ઊંડી ખીણોથી ભરેલો છે. નેવુંના દાયકામાં, જ્યારે આ પ્રદેશમાં આતંકવાદ ચરમસીમાએ હતો, ત્યારે સુરક્ષા દળો માટે સૌથી મોટો પડકાર એ ભૂપ્રદેશ હતો, જે વિદેશી આતંકવાદીઓનો પ્રિય હતો. આ પડકાર આજે પણ યથાવત છે. આ કારણે સમગ્ર જમ્મુ ક્ષેત્રને આવરી લેવા માટે જરૂરી સુરક્ષા દળોની સંખ્યા ઘણી મોટી હશે. જો કે તાજેતરની ઘટનાઓને પગલે પ્રદેશમાં વધુ સૈનિકો મોકલવામાં આવી રહ્યા છે, કેન્દ્ર અને રાજ્ય એજન્સીઓ વચ્ચે સંકલિત પ્રયાસની જરૂર પડશે. અન્ય ઓપરેશનલ પડકારો પણ છે જે મુખ્યત્વે ભૂપ્રદેશને કારણે છે.

ખાલી જગ્યાઓ ભરવા અને ઘૂસણખોરીને રોકવા માટે, ભારતીય સુરક્ષા દળોએ નિયંત્રણ રેખા પર ત્રણ-સ્તરીય સુરક્ષા તૈનાતની વ્યવસ્થા કરી, જેણે વર્ષોથી ઘૂસણખોરીને મોટાભાગે અટકાવી છે. ખીણ પ્રદેશમાં ઓપરેશન ઓલ આઉટની શરૂઆત અને ભારતીય દળો દ્વારા મોટી સંખ્યામાં હાલના આતંકવાદીઓનો શિકાર કર્યા પછી, પાકિસ્તાન ત્રિ-પાંખીય અભિગમ સાથે આતંકવાદને પુનર્જીવિત કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પ્રથમ તેની હાલની કેડરના મનોબળને વધારવા અને નવા આતંકવાદીઓની ભરતીની સુવિધા આપવા માટે મોટા આતંકવાદી હુમલાઓ કરવાનો હતો. બીજું ભારત સરકારને કાઉન્ટર ઈન્ટેલિજન્સ ગ્રીડમાં વધુ સુરક્ષા દળો મોકલવા માટે દબાણ કરવાનું હતું, જેનાથી એલ.ઓ.સી ગ્રીડ નબળી પડી હતી. ત્રીજું કાશ્મીરનો મુદ્દો આંતરરાષ્ટ્રીય સ્તરે ગરમ રાખવાનો હતો.

### ભારતીય સૈન્યનું ઈન્ટેલિજન્સ પડી રહ્યું છે નબળું

હાલ સમૂહમાં જે રીતે આંતકી હુમલાઓ થઈ રહ્યા છે તેને રોકવામાં ક્યાંક ને ક્યાંક સૈન્ય નિષ્ફળ હોય તેવું સ્પષ્ટ ચિત્ર સામે આવી રહ્યું છે જેની પાછળનું સૌથી મહત્વનું કારણ એ છે કે ભારતીય સૈન્યનું જે ઈન્ટેલિજન્સ છે તે નબળું પુરવાર થઈ રહ્યું છે. કારણ કે જે રીતે સૈન્યને માહિતી મળવી જોઈએ તે મળી શકતી નથી જે ભારતીય સૈન્ય માટે હાલ સૌથી મોટો પડકાર છે. જ્યાં સુધી હ્યુમન ઈન્ટરવેન્શન કરવામાં સૈન્ય નિષ્ફળ નિવાર છે ત્યાં સુધી ધારી સફળતા મળશે નહીં. હાલ વધુને વધુ લોકો સુધી પહોંચવા અને ગુપ્તચરોને ઉભા કરવા એ ભારતીય સૈન્ય માટે ખૂબ જરૂરી છે.

# શ્રીલંકા પ્રવાસઃ સુર્યકુમાર ટી-૨૦નો સુકાન તો રોહિત વનડે નો

**અબતક, નવીદિલ્હી**

શ્રીલંકા પ્રવાસ માટે ભારતીય ટીમની જાહેરાત કરી દેવાઈ છે. કેપ્ટનશિપને લઈને વિવાદોના અહેવાલો વચ્ચે સુર્યકુમાર યાદવને ટી૨૦ ટીમની કેપ્ટનશિપ સોંપી દેવાઈ છે. ત્રણ વનડે અને ૩ ટી૨૦ મેચોની શ્રેણી માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. ભારતીય ટીમમાં વનડે શ્રેણી માટે રોહિત શર્મા, વિરાટ કોહલી જેવા દિગ્ગજ ખેલાડીઓનો સમાવેશ કરાયો છે.

બીજી તરફ ટી-૨૦ સિરીઝ માટે સૂર્યકુમાર યાદવને કેપ્ટન બનાવવામાં આવ્યો છે. ટી૨૦ ટીમમાં હાર્દિક પંડ્યાનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. રસપ્રદ વાત એ છે કે શુભમન ગીલને ટી૨૦ વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. શ્રેયસ ઐયરની વાપસી થઈ છે અને રિયાન પરાગનો વનડેમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ ટીમમાં શુભમન ગિલને ટી૨૦ અને વનડે બંને માટે વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ગીલને ભવિષ્યની યોજનાઓમાં કેપ્ટનશિપ માટે તૈયાર કરવામાં આવી રહ્યોં છે. હાર્દિક પંડ્યાનો વનડે ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો નથી.




**શુભમન ગીલને ટી૨૦ વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યોઃ રિયાન પરાગનો વનડેમાં સમાવેશ**

## હાર્દિક પંડ્યા માટે સંકટના વાદળો ઘેરાયા, પત્નીએ પણ "છુટકારો" દીધો

ગુજરાતના ક્રિકેટ ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા તથા નતાશા સ્ટેન્કોવિકે પરસ્પર સહમતિથી છૂટાછેડા લેવાની જાહેરાત કરી છે. બંનેએ બહાર પાડેલા સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે બંનેએ સંબંધને ટકાવી રાખવા 'પૂરતા અને શક્ય' પ્રયાસ કર્યા હતા, પરંતુ સાથે રહેવું શક્ય બન્યું ન હતું. આ પહેલાં એવી ચર્ચા હતી કે નતાશાની સોશિયલ મીડિયા



પોસ્ટ્સથી બંને વચ્ચે સુમેળભર્યા સંબંધ ન હોવાના અણસાર ફોલોઅર્સને મળ્યા હતા. હાર્દિક અને નતાશાએ ડાયવોર્સની જાહેરાત કરી તેના અમુક કલાકો પહેલાં નતાશા મુંબઈના ઍરપોર્ટ પર દીકરા અગસ્ત્ય અને સામાનની સાથે જોવા મળ્યાં હતાં, જેના કારણે આ અટકળોને વેગ મળ્યો હતો. એટલું જ નહીં હાલ એ વાત સ્પષ્ટ છે કે હાર્દિક પંડ્યા માટે સંકટના વાદળો ઘેરાયા છે કારણકે તેને વન-ડેમાં તો સ્થાન ન મળ્યું સાથોસાથ પત્નીએ પણ તેને છુટકારો આપી દીધો.

## ભારતની ટી-૨૦ અને વન-ડે ટીમ

| ટી-૨૦ ટીમ | વન-ડે ટીમ |
|---|---|
| સૂર્યકુમાર યાદવ (કેપ્ટન), શુભમન ગિલ (વાઈસ-કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, રિંકુ સિંહ, રિયાન પરાગ, ઋષભ પંત (વિકેટકીપર), સંજુ સેમસન (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, વોશિંગ્ટન સુંદર, રવિ બિશ્નોઈ, અર્શદીપ સિંહ, ખલીલ અહેમદ, મોહમ્મદ સિરાજ. | રોહિત શર્મા (કેપ્ટન), શુભમન ગીલ (વાઈસ-કેપ્ટન), વિરાટ કોહલી, કેએલ રાહુલ (વિકેટકીપર), રિષભ પંત (વિકેટકીપર), શ્રેયસ અય્યર, શિવમ દુબે, કુલદીપ યાદવ, મોહમ્મદ સિરાજ, વોશિંગ્ટન સુંદર, અર્શદીપ સિંહ, રાયન પરાગ, અક્ષર પટેલ, ખલીલ અહેમદ, હર્ષિત રાણા. |

# ભારતની સૌથી મોટી ક્રીપ્ટો એક્સચેન્જ "વઝીર એક્સ" હેક : અધધ રૂ. ૧૮૪૦ કરોડ ગુમાવ્યા

### હેકિંગ પાછળ ઉત્તર કોરિયા સાથે સંકળાયેલા હેકર્સનો હોવાનું આવ્યું સામે

**અબતક, નવીદિલ્હી**

ભારતનું સૌથી મોટું ક્રિપ્ટોકરન્સી એક્સચેન્જ, વઝીર એક્સ, ડોલર ૨૩૦ મિલિયનથી વધુ મૂલ્યની એટલે આશરે રૂપિયા ૧૮૪૦ કરોડના ડિજિટલ અસ્કયામતોની ચોરીમાં પરિણમે છે. વઝીર એક્સ એ ગુરુવારે યુરોપીયન કલાકોના પ્રારંભિક કલાકોમાં ઉપાડ જોયો કારણ કે સુરક્ષામાં ખામીને કારણે તેના એક વોલેટને અસર થઈ હતી, જેના કારણે વપરાશકર્તાના ભંડોળની ખોટ થઈ હતી. વઝીરએક્સ, જે લોકપ્રિય રીતે પોતાને 'ઈન્ડિયાઝ બિટકોઈન એક્સચેન્જ' તરીકે ઓળખાવે છે, તેણે એક્સ પરની એક પોસ્ટમાં ભૂલની પુષ્ટિ કરી, જે અગાઉ ટ્વિટર તરીકે ઓળખાતી હતી. વઝીર એક્સ મુખ્યત્વે ભારતીય બજારને લક્ષ્ય બનાવે છે. તે દેશના કેટલાક ફાઈનાન્શિયલ ઈન્ટેલિજન્સ યુનિટ રજિસ્ટર્ડ એક્સચેન્જોમાંનું એક હોવાનું કહેવાય છે, જે તેને ભારતીય નાગરિકોને ક્રિપ્ટો એક્સચેન્જ સેવાઓ પ્રદાન કરવાની મંજૂરી આપે છે.



અમને ખબર છે કે અમારા મલ્ટિસિગ વોલેટમાંથી એકમાં સુરક્ષા ભંગ થયો છે. અમારી ટીમ આ ઘટનાની સક્રિય તપાસ કરી રહી છે. તમારી સંપત્તિની સલામતીની ખાતરી કરવા માટે, રૂપિયા અને ક્રિપ્ટો ઉપાડ અસ્થાયી રૂપે અટકાવવામાં આવશે. આ હુમલા પાછળ ઉત્તર કોરિયા સાથે સંકળાયેલા હેકર્સનો હાથ હોવાનું જણાય છે. અહેવાલ જણાવે છે કે, "વ્યવહારિક ડેટા દર્શાવે છે કે શોષણકર્તાએ ઓનચેન એક્સચેન્જ યુનિસ્વેપનો ઉપયોગ કરીને ચોરાયેલી હોલ્ડિંગ્સને સક્રિયપણે વેચી છે, અને શોષણકર્તાએ હજુ સુધી તેની ઈ.ટી.એચ હોલ્ડિંગ્સ વેચી નથી અને તેની પાસે ફ્લોકી ટોકન્સમાં ડોલર ૪.૨ મિલિયનથી વધુ છે."

પ્રારંભિક અહેવાલો સૂચવે છે કે હેકર્સે શિબા ઈનુ ટોકન્સનો નોંધપાત્ર ભાગ સહિત મોટી માત્રામાં ક્રિપ્ટોકરન્સીની ચોરી કરવા માટે વઝીર એક્સ ની સિસ્ટમમાં નબળાઈનો ઉપયોગ કર્યો હતો. ચોરાયેલા ભંડોળને કારણે વઝીર એક્સ ના મૂળ ટોકન, ડબલ્યુઆરએક્સ ના મૂલ્યમાં મોટા પાયે ઘટાડો થયો છે.

### યુપીમાં ગોંડામાં ટ્રેન દુર્ઘટના

# ચંદીગઢ એક્સપ્રેસના ૧૦-૧૨ ડબ્બા પાટા પરથી ઉતરી ગયાઃ ૫ લોકોના મોત

### ટ્રેન દુર્ઘટના માં અનેક લોકો ઘવાતા હોસ્પિટલ માં સારવાર અર્થે દાખલ કરાયા

**અબતક, રાજકોટ**

ઉતર પ્રદેશના ગોંડા જિલ્લામાંથ ટ્રેન અકસ્માતની ઘટના સામે આવી છે. ગઈ કાલે બપોરે ૩ વાગ્યાની આસપાસ ચંદીગઢ-ડિબ્રુગઢ એક્સપ્રેસની ૩ એસી સહિત ૧૫ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. આ એક્સપ્રેસ ટ્રેન ચંદીગઢથી ડિબ્રુગઢ જઈ રહી હતી ત્યારે આ અકસ્માત થયો હતો. આ દુર્ઘટના જિલ્લાના ઝિલાહી અને મોતીગંજ રેલ્વે સ્ટેશનના ત્રણ કિલોમીટરની વચ્ચે થઈ હતી. હાલ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. આ અકસ્માતમાં ૫ મુસાફરોના મોત થયા ના અહેવાલ મળી રહ્યા છે. આ ઘટના માં લગભગ ૨૭ મુસાફરો ગંભીર રીતે ઘાયલ થયા છે.

માહિતી મળ્યા બાદ અકસ્માત સહાયક ટ્રેન પણ ઘટનાસ્થળે રવાના કરવામાં આવી હતી. રેલવેના તમામ વરિષ્ઠ અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.


મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પણ ગોંડામાં ડિબ્રુગઢ ટ્રેન દુર્ઘટનાની નોંધ લીધી છે. તેમણે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને ઘટનાસ્થળે પહોંચીને રાહત કાર્ય ઝડપી બનાવવા સૂચના આપી છે. સીએમ યોગીએ અધિકારીઓને ઈજાગ્રસ્તોને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવા અને યોગ્ય સારવાર આપવાનો નિર્દેશ પણ આપ્યો છે. આ સાથે જ તેમણે ઘાયલોના જલદી સાજા થવાની કામના પણ કરી હતી.

# ઉત્તર કાશ્મીરમાં થયેલા મુઠભેડમાં બે આતંકીઓને ઠાર કરતું સૈન્ય

### સરહદ પર આતંકવાદીઓની ગતિવિધિની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કર્યું

**અબતક, નવીદિલ્હી**

અધિકારીઓએ જણાવ્યું હતું કે ઉત્તર કાશ્મીરના કુપવાડા જિલ્લાના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા નજીક ગુરુવારે બે શંકાસ્પદ પાકિસ્તાની આતંકવાદીઓ માર્યા ગયા હતા. સરહદ પર આતંકવાદીઓની ગતિવિધિની બાતમી મળ્યા બાદ સુરક્ષા દળોએ ઓપરેશન શરૂ કર્યું હતું, જેના કારણે ફાયરિંગ થયું હતું. અધિકારીઓએ જણાવ્યું કે માર્યા ગયેલા આતંકવાદીઓના મૃતદેહ સ્થળ પરથી મળી શક્યા નથી કારણ કે ઓપરેશન હજુ ચાલુ છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન સતત આતંકવાદીઓને સરહદ પાર મોકલી રહ્યું છે, જેના કારણે ભારતીય સેના વધુ સતર્ક થઈ ગઈ છે. ગુરુવારે વહેલી સવારે, ફોરવર્ડ પોસ્ટ પર તૈનાત બીએસએફના જવાનોએ જમ્મુ ક્ષેત્રના રાજૌરી જિલ્લાના સુંદરબની વિસ્તારમાં નિયંત્રણ રેખા નજીક શંકાસ્પદ રીતે ફરતા બે લોકો પર ગોળીબાર કર્યો હતો. તેઓ પાછળ હટી ગયા અને વિસ્તારમાં શોધખોળ શરૂ કરવામાં આવી. અધિકારીઓના જણાવ્યા અનુસાર ઉત્તર કાશ્મીર જિલ્લાના કેરન સેક્ટરમાં નિયંત્રણ રેખા પર ગોળીબાર શરૂ થયો હતો. ગોળીબાર ચાલુ છે અને વધુ વિગતોની રાહ જોવાઈ રહી છે. આ પહેલા જમ્મુ અને કાશ્મીરના ડોડા જિલ્લામાં આતંકીઓ સાથેની અથડામણમાં સેનાનો એક જવાન ઘાયલ થયો હતો.



# ગુજરાત ટાઈટન્સને લઈ અદાણી ટોરન્ટ સાથે હાથ મિલાવી શકે છે

### પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિવિસી કેપિટલ આઈપીએલમાં હિસ્સો વેચવા માટે તૈયાર

**અબતક, નવીદિલ્હી**

પ્રાઈવેટ ઈક્વિટી ફર્મ સિવિસી કેપિટલ પાર્ટનર્સ ઈન્ડિયન પ્રીમિયર લીગ ફ્રેન્ચાઈઝી ગુજરાત ટાઈટન્સમાં નિયંત્રિત હિસ્સો વેચવા માટે અદાણી ગ્રૂપ અને ટોરેન્ટ ગ્રૂપ સાથે વાટાઘાટો કરી રહી છે. સિવિસી લઘુમતી હિસ્સો જાળવી રાખીને, આઈપીએલ ફ્રેન્ચાઈઝીમાં બહુમતી હિસ્સો વેચવા તૈયાર છે, એમ એક વ્યક્તિએ જણાવ્યું હતું. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડનો લોક-ઈન સમયગાળો, જે નવી ટીમોને હિસ્સો વેચવાથી અટકાવે છે, તે ફેબ્રુઆરી ૨૦૨૫ માં સમાપ્ત થશે. ત્રણ વર્ષ જૂની ફ્રેન્ચાઈઝીની કિંમત ૧ બિલિયન અને ડોલર ૧.૫ બિલિયનની વચ્ચે હોઈ શકે છે, એમ લોકોએ જણાવ્યું હતું. સિવિસીએ ૨૦૨૧માં રૂપિયા ૫,૬૨૫ કરોડમાં ફ્રેન્ચાઈઝી ખરીદી હતી.



યુએસ ઈન્વેસ્ટમેન્ટ બેંક હૌલિહાન લોકીએ આઈપીએલનું મૂલ્ય ડોલર ૧૬.૪ બિલિયન રાખ્યું છે, જે ડોલર ૬ બિલિયનના વિક્રમજનક મીડિયા રાઈટ્સ સોદાને આભારી છે. બીસીસીઆઈના ૨૦૨૨માં ડિઝની સ્ટાર અને વાયકોમ ૧૮ સાથે મીડિયા રાઈટ્સ ડીલ પર હસ્તાક્ષર કર્યા. "૨૦૨૧ માં આઈપીએલની અમદાવાદ ફ્રેન્ચાઈઝીની માલિકીની તક ગુમાવ્યા પછી, અદાણી અને ટોરેન્ટ બંને ગુજરાત ટાઈટન્સનો બહુમતી હિસ્સો ખરીદવા માટે આક્રમક છે," સીવીસી માટે આ ફ્રેન્ચાઈઝી માટે આ એક શ્રેષ્ઠ તક છે તમારા હિસ્સાનું મુદ્રીકરણ કરો." અદાણી અને ટોરેન્ટ બંને અમદાવાદ સ્થિત છે, જ્યારે સિવિસી કેપિટલનું મુખ્ય મથક લક્ઝમબર્ગમાં છે.

આઈપીએલ ફ્રેન્ચાઈઝીસ રોકાણકારોનું ઘણું ધ્યાન આકર્ષિત કરી રહી છે, કારણ કે લીગએ પોતાને નક્કર રોકડ પ્રવાહ સાથે આકર્ષક સંપત્તિ તરીકે સ્થાપિત કરી છે," બીજા અધિકારીએ જણાવ્યું હતું. ટોરેન્ટથી વિપરીત, અદાણીએ પહેલેથી જ વુમન્સ પ્રીમિયર લીગ માં રોકાણ કર્યું છે. અને ૨૦૨૩ માં યુ.એ.ઈ-આધારિત આંતરરાષ્ટ્રીય લીગ ટી૨૦ માં ટીમો હસ્તગત કરીને ક્રિકેટમાં રોકાણ કર્યું, અદાણીએ રૂપિયા ૧,૨૮૯ કરોડની ટોચની બિડ સાથે વુમન્સ પ્રીમિયર લીગની અમદાવાદ ફ્રેન્ચાઈઝી હસ્તગત કરી.

### સોનલમાં એજ્યુકેશનલ એવોર્ડ દ્વારા

# ચારણ-ગઢવીના તેજસ્વી તારલાઓને અપાશે રૂા.૧૧,૦૦૦નો રોકડ પુરસ્કાર

**અબતક, રાજકોટ**

આઈમાના આદેશ અનુસારની ઘણી રચનાત્મક અને પરિણામ લક્ષી પ્રવૃત્તિઓ આઈ સોનલમા એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ કરી રહ્યું છે. અગાઉના વર્ષની જેમ આ વર્ષે પણ એજ્યુકેશન ક્ષેત્રે 'સોનલમા એજ્યુકેશનલ એવોર્ડ' આપવાનું નક્કી કરેલ છે. જેમાં આ વર્ષે જે વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડની ધો.૧૦ તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ પીઆર પ્રાપ્ત કરનાર સૌરાષ્ટ્ર-કચ્છના કોઈપણ ચારણ ગઢવી વિદ્યાર્થીને સોનલમા એજ્યુકેશન એવોર્ડ તથા રૂા.૧૧,૦૦૦/- રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આ માટે તા.૩૧/૦૭ સુધીમાં છેલ્લી ૨૦૨૪ની પરીક્ષાની (૯૫ પીઆર ઉપર માર્કસ હોય) તેવા વિદ્યાર્થીઓ માર્કશીટની ઝેરોક્ષ સાથે



ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ, ૩૦૯ સુર્યા આર્કેટ, હેડ પોસ્ટ ઓફિસ પાસે, બેંક ઓફ બરોડા પાસે, જ્યુબેલી ચોક, રાજકોટ - ઓફિસના સરનામે સાદા કાગળમાં પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર સાથે અરજી કરવી. ટ્રસ્ટીઓની વ્યસ્તતાના કારણે કૃપા કરી ફોન પર સંપર્ક નહીં કરવા વિનંતી કરવામાં આવે છે. ખાસ પુછપરછ હોય તો (૧) મહેશદાન મોડ (૯૯૭૮૭ ૦૯૩૬૫) (૨) પ્રવીણભાઈ સોયા (૯૪૨૬૯ ૭૭૮૦૧) પર કોન્ટેક કરવો.

ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરિયલ ટ્રસ્ટ, રાજકોટમાં જે વિદ્યાર્થીએ સ્કોલરશીપ માટે અરજી કરેલ હોય તેમણે ફરીથી અરજી કરવાની રહેતી નથી. તે ફોર્મની વિગત ધ્યાને લેવામાં આવશે.

### કોઠારીયા નાકા મિત્ર મંડળ આયોજીત

# સિવણ હરીફાઈના વિજેતા બહેનોને સન્માનીત કરાયા

**ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા સહિતના મહાનુભાવો રહ્યાં હાજર**

**અબતક, રાજકોટ**

કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા બહેનોની ઓપન રાજકોટ સિવણ હરીફાઈમાં ઉતિર્ણ થયેલ બહેનોનો સત્કાર સમારંભ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાના અધ્યક્ષ સ્થાને તેમજ મુખ્ય મહેમાન એવાન્સ બ્લીસ ફાઉન્ડેશનના ટ્રસ્ટી ખ્યાતિબેન મહેતા અને પ્રિયંકાબેન મહેતા તેમજ ડો.સારંભગીબેન ભટ્ટ કોસ્ચુમ ડીઝાઈન ખાતાના વડા એવીપીટી અને ગીરીશભાઈ પરસાણા, કિશોરભાઈ પરસાણા, વર્ષાબેન પાંધી, જયશ્રીબેન ચાવડા, કિરીટભાઈ પાંધી, પ્રવિણભાઈ ચાવડા, હરેશભાઈ પારેખના અતિથી વિશેષ પદે યોજવામાં આવેલ.



આ હરીફાઈમાં જરૂરીયાતમંદ પરીવારની બહેનોને ૧૧ (અગીયાર) સિલાઈ મશીનો શ્રી એવાન્સ બ્લીચ ફાઉન્ડેશનના ડો. જી.યુ. મહેતા પરિવાર દ્વારા આપવામાં આવેલ.

આ સિવણ હરીફાઈમાં ૧૩૫ બહેનોએ ઉમંગભેર ભાગ લીધેલ પ્રમથ નંબરે છોરીયા મીજબીન, બીજા નંબરે ઘીયા રીટા, ત્રીજા નંબરે છૈયા વર્ષા તથા આશ્વાસન ઈનામ વાઘેલા ભાવનાને આપવામાં આવેલ. વિજેતા થયેલ બહેનોને ઉપસ્થિત મહેમાનો હસ્તે સીલાઈ મશીન- ૧૧ તેમજ પ્રમાણપત્ર આપવામાં આવેલ. તેમજ હરીફાઈમાં ભાગ લીધેલ તમામ વિદ્યાર્થીનીઓને ગીફ્ટ આપવામાં આવેલ. કાર્યક્રમના અધ્યક્ષ તથા ઉપસ્થિત મહાનુભાવોએ જણાવેલ કે મંડળ છેલ્લા ૫૧ વર્ષથી સમાજલક્ષી પ્રવૃતિઓ આ મંડળ કરે છે તેમજ મહિલાઓના ઉત્કર્ષ માટે શિબિર સેમીનાર તથા સિવણની તાલિમ દ્વારા સ્વાવલંબી સ્વમાનભેર જીવન વ્યતિત કરી શકે તેમજ જીવનમાં પ્રગતિ સાધવા માટે તેવી વૃતિ જરૂરી છે. સ્પર્ધામાં ભાગ લીધેલ તમામ બહેનોને અભિનંદન આપેલ મંડળની આવી સમાજલક્ષી પ્રવૃતિઓને બિરદાવેલ ઉપસ્થિત મહાનુભાવોએ એવાન્સ બ્લીચ ફાઉન્ડેશનના ડાયરેકટરના અનુદાન બદલ તેમની સેવાને બિરદાવેલ ઉપસ્થિત મહાનુભાવોએ પ્રસંગને અનુરૂપ ઉદબોધન કર્યું હતું.

### આર.કે. જૈન ફાઉન્ડેશન દ્વારા ચશ્મા વિતરણ કેન્દ્ર

**અબતક, રાજકોટ**

આર.કે. જૈન ફાઉન્ડેશન તરફથી સેવા અર્થ સીનીયર સિટીઝન માટે નજીકના ચશ્મા રૂ.૧૦ ના ટોકન દરે આપવામાં આવે છે તો સર્વ વડીલો લાભ લેવા વિનંતી. ગૌતમ કોર્મશિયલ સેન્ટર ઓફીસ નં. ૨૦૮ બોમ્બે હોટલની સામે ગોંડલ રોડ રાજકોટ ખાતે સાંજે ૪ થી ૬ વાગ્યા સુધી કેન્દ્ર શરુ રહેશે. આધાર કાર્ડ સાથે લાવવું જરુરી છે. બુધવારે રજા રહેશે.

# પરશુરામ શરાફી સહકારી મંડળી લીમિ. દ્વારા તેજસ્વી છાત્રોનું કરાશે સન્માન

### ૩૧મી સુધી ખરી નકલ સાથે અરજી કરવા અનુરોધ

**અબતક, રાજકોટ**

પરશુરામ શરાફી સહકારી મંડળી લી. દ્વારા ફકત સભાસદોના બાળકો માટે સ્વ. શશીકાંતભાઈ નર્મદાશંકર ત્રિવેદી પારિતોષિક યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪ માં ધો. ૮ થી ૧૨ જેઓએ ૭૦ ટકા તથા સ્નાતક, અનુસ્નાતક તેમજ અન્ય ડિગ્રી તથા માસ્ટર ડિગ્રી ફાઈનલ પરીક્ષા ૬૦ ટકા એ પાસ કરનાર તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંકે આવેલ અરજીમાંથી પસંદ કરીને પારિતોષિક આપવામાં આવનાર છે. આ માટે ૨૦૧, ઓરબીટ પ્લાઝા, બીજા માળે, ડો. યાજ્ઞીક રોડ, સ્વામી વિવેકાનંદના સ્ટેચ્યુ પાસે મંડળીના ઓફીસે સાંજે ૪ થી ૫ માં માર્કશીટની ખરી નકોલ સાથે અરજી ની છેલ્લી તારીખ ૩૧/૭/૨૪ સુધી સ્વીકારવામાં આવશે.

## કવિ મહેન્દ્ર જોશીની અછાંદસ કવિતાઓનું પુસ્તક ''ખીંટીઓ''

# પુસ્તક ''ખીંટીઓ'' કવિના મનની ભીંતે લાગેલી ખીંટીઓ

### 'તંદ્રા' કાવ્ય સંગ્રહમાં ૨૩ અને 'ઈથરના સમુદ્ર'માં ૧૪ અછાંદસ કવિતાઓ આપીને 'ખીંટીઓમાં' કુલ ૬૦ રચનાઓ અછાંદસ, સ્વરૂપમાં જોવા મળે છે


**અબતક, રાજકોટ**

વીસમી સદીના ઉતરાર્ધમાં ગુજરાતી કવિતાના મુખ્યત્વે ત્રણ સ્વરૂપમાં સર્જન કરીને પોતીકો અવાજ પ્રગટાવનારા કવિઓમાં કવિ મહેન્દ્ર જોશીનું સ્થાન પણ અગ્રીમ હરોળમાં મુકાય છે. કારણકે પોતાના સર્જનકર્મને એકવીસમી સદીના અઢી દાયકા દરમ્યાન પણ આગળ ધપાવતા રહીને કવિએ કુલ પાંચ કાવ્યસંગ્રહો ગુજરાતી સાહિત્યને ભેટ ધર્યા છે. 'તંદ્રા' (૧૯૮૫), 'અગ્નિપૂંજ' (૨૦૦૦), ઈથરના સમુદ્ર' (૨૦૧૩), 'કોઈ જાગે છે' (૨૦૧૬) અને છેલ્લે તાજેતરમાં 'ખીંટીઓ (૨૦૨૪) દ્વારા પૂરવાર કર્યું છે કે દરેક કાવ્યસંગ્રહ પછી કવિની સરળ કથનરીતિ, ભાષાકર્મ, ભાવ અને સંવેદનોનું વિશ્વ કંઈક અલગ રીતે નિરૂપણ પામતું રહ્યું છે અને વિસ્તરતું રહ્યું છે.

કવિ મહેન્દ્ર જોશીએ બહુધા કવિતાના ગઝલસ્વરૂપમાં સર્જન કર્યું છે. કવિના અગાઉના ચાર કાવ્યસંગ્રહોમાંથી એ જાણી શકાય છે.પરંતુ અગાઉ બે સંગ્રહોમાં થોડા અછાંદસ કાવ્યો આપ્યા પછી છેલ્લે અછાંદસ કવિતામાં રહેલી વિપુલ સર્જનની શક્યતાઓ તાગીને કવિએ બેશક જુદી ભાત ઉપસાવતી કવિતાઓનો પૂર્ણપણે અછાંદસ કાવ્યસંગ્રહ 'ખીંટીઓ' આપીને ભાવકને ફરીથી એક નવો રણકાર માણવા અને પ્રમાણવા પ્રેરે છે.

પોતાની અછાંદસ રચનાઓ વિશે મહેન્દ્ર જોશીએ અગાઉ પણ કહ્યું છેઃ અછાંદસ રચના મારા સહજ આવેગોનું પણ પરિણામ બની છે. ક્યાંક વિદ્રોહથી, પ્રકોપથી પણ લખાયું છે, તો ક્યાંક સંવેદનોની વ્યાપક ભૂમિએ યાત્રા કરવાનું બન્યું છે. ('તંદ્રા'-૧૯૮૫) તો આજે પણ 'ખીંટીઓ'માં એમનો અછાંદસ કવિતા પ્રત્યેનો લગાવ પ્રગટ થાય છે. પોતાની કેફિયતમાં લખે છેઃ ગીતોમાં સતત વહેતું ઊર્મિઝરણ મારી પ્રકૃતિને બહુ માફક નથી આવ્યું. ગઝલ મને પ્રિય છે. ગઝલના શેર ભાવ-ભાષાની દૃષ્ટિએ ભલે ગહન અને ચમત્કૃતિસભર હોય તો પણ આ પટ જાણે ટૂંકો પડે છે એવી પ્રતીતિ થઈ!

'તંદ્રા' કાવ્યસંગ્રહમાં ૨૩ અને 'ઈથરના સમુદ્ર' માં ૧૪ અછાંદસ કવિતાઓ આપીને 'ખીંટીઓ'માં કુલ ૬૦ રચનાઓ અછાંદસ સ્વરૂપમાં મળે છે. આ ૬૦ કવિતાઓ તેના વિષય, ભાવ અને વિભાવના મુજબ કુલ ૭ ખંડોમાં વિભાજીત કરીને મૂકી છે તેથી ભાવકને અલગ અલગ સંવેદનરેખા પર ગતિ કરવાની તક મળે છે અને ભાવસાતત્ય જળવાઈ રહે છે. આ પ્રવાહીગતિને કવિ પોતાની સર્જનપ્રક્રિયામાં ઓગાળીને




કેલિડોસ્કોપમાં રચાતા અવનવા, રંગબેરંગી ચિત્રોની માફક આપણી સમક્ષ એક પછી એક કવિતા પ્રસ્તુત કરે છે જેમાં મધુર કે પીડાદાયક સ્મૃતિઓ, માનવજીવનના અંગત સંબંધોનું કાવ્યાત્મક રૂપાંતર પામી શકાય છે. પછી તે પત્ની, મા-દીકરી- પૌત્રી,પડોશણ કે વિશ્વની કોઈપણ સ્ત્રી હોય. પુત્ર, પિતાજી કે દાદાજી હોય. કવિની આસપાસ વસતા સમાજના પાત્રો હોય. એની સંવેદનાને કવિ આત્મસાત કરીને સરળ ભાષાશૈલી થકી માત્ર અભિધાના સ્તરે વિહરવાને સ્થાને વ્યંજનાત્મક રીતે કવિતાના ઊંડાણને તાગે છે એ આ અછાંદસ કવિતાઓની વિશેષતા છે. 'ખીંટીઓ' કાવ્યસંગ્રહની પ્રસ્તાવનામાં કવિ-લેખક શ્રી યોગેશ વૈદ્ય યોગ્ય રીતે નોંધે છેઃ કાવ્યસંગ્રહનું નામ ઘણું સૂચક છે. 'ખીંટીઓ', કવિના મનની ભીંતે લાગેલી ખીંટીઓ !

### એ ખીંટીઓ પર જે જે વળગ્યું છે તેનાં આછા રેખાચિત્રો અહીં ઠેર ઠેર આપણને પ્રાપ્ત થાય છે

પેન્સિલો
આ જાંબલી
માનું મીઠું મુખ દોરવા
નીલી બાપુ માટે
ૐ નમઃ શિવાય લખવા
અને વાદળી
મોર ટહુકે ત્યારે નાની બહેન માટે.
લીલી પડોશની રાધા માટે
પીળી મારા 'ટીચર' માટે.
હવે બે જ બચી
નારંગી અને લાલ
નક્કી કરી શકાતું નથી
આ કોના માટે!
બાકી
પેન્સિલોનો પણ એક સંસાર હોય છે
ખાસ કરીને
જ્યારે મનમાં પહેલી વાર
મેઘધનુષ પ્રગટતું હોય છે!

# જિલ્લા પ્રભારી, પ્રમુખ અને મહામંત્રીઓને પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલનું તેડું

### કેન્દ્રીય મંત્રી બન્યા બાદ પ્રથમ વખત પ્રમુખ તરીકે સી.આર. પાટીલે કરી સંગઠાત્મક સમીક્ષાઃસવારથી બેઠકોનો ધમધમાટ

**અબતક રાજકોટ**

કેન્દ્રીય કેબિનેટ મંત્રી પદ સંભાળ્યા બાદ આજે ગુજરાતની મુલાકાતે આવેલા પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર પાટીલે પ્રથમ સંગઠાથત્મક બેઠક યોજી હતી.સવારથી કમલમ ખાતે બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.દરમિયાન તમામ ૩૩ જિલ્લા અને આઠ મહાનગરોના પ્રભારી પ્રમુખ અને મહામંત્રીઓ સાથે પણ બપોરે બેઠક યોજશે.જેમાં પક્ષના આગામી કાર્યક્રમો અંગે માહિતી આપવામાં આવશે.સંગઠાત્મક બેઠકમાં લોકસભાની ચૂંટણીના પરિણામનું સમીક્ષા પણ કરવામાં આવે તેવી સંભાવના હાલ દેખાય રહી છે.

પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી આર.પાટીલને કેન્દ્ર સરકારમાં જળશક્તિ મંત્રી બનાવવામાં આવ્યા છે.આ જવાબદારી મળ્યા બાદ તેઓ સાળંગપુર ખાતે પ્રદેશ ભાજપની કારોબારી બેઠકમાં ઉપસ્થિત રહ્યા હતા.દરમ્યાન આજે તેઓએ કેન્દ્રીય મંત્રી બન્યા પ્રથમવાર પ્રદેશ ભાજપ અધ્યક્ષ તરીકે સંગઠાત્મક બેઠકો બોલાવી હતી.સવારથી કમલમ ખાતે સતત બેઠકોનો ધમધમાટ ચાલી રહ્યો છે.

તમામ મોરચાના હોદ્દેદારો સાથે વન ટુ વન બેઠક કરવામાં આવી રહી છે. આ ઉપરાંત



બપોરે ૨:૩૦ કલાકે રાજ્યના તમામ ૩૩ જિલ્લાના અને આઠે મહાનગરપાલિકાઓના પ્રભારી પ્રમુખ અને મહામંત્રી સાથે બેઠક યોજશે. રાજકોટ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ દોશી,મહામંત્રી અશ્વિન મોલીયા, વિરેન્દ્રસિંહ ઝાલા માધવ દવે અને પ્રભારી ગાંધીનગર પહોંચી ગયા છે. જ્યારે રાજકોટ જિલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, હરેશભાઈ. હેરમાં અને રવિ માંકડીયા પણ ગાંધીનગર પહોંચી ગયા છે. તેઓની સાથે જિલ્લા પ્રભારી ધવલ દવે પણ હાજર છે.

ભાજપ દ્વારા આગામી દિવસોમાં સંગઠાત્મક કાર્યક્રમોની વણઝાર આવી રહી છે. સંગઠન પર્વની પણ ઉજવણી કરવામાં આવનાર છે જેના સંદર્ભ તૈયારીઓ અંગે આજે બેઠક બોલાવવામાં આવી હોવાનું મનાઈ રહ્યું છે.

# ગુજરાત વિદ્યાપીઠનો ૭૦મો પદવીદાન સમારોહ ગુરૂપૂર્ણિમાના દિવસે યોજાશે

### પદવીદાન સમારંભમાં ૯૭૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશેઃ વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાનારા પદવીદાન સમારંભમાં વિદ્યાપીઠના ટ્રસ્ટી રાજશ્રીબેન બિરલા મુખ્ય અતિથિ અને યુજીસીના સભ્ય અલ્હાબાદ યુનિવર્સિટીના કુલાધિપતિ આશિષ ચૌહાણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે



**અબતક, અમદાવાદ**

ગુજરાત વિદ્યાપીઠનો ૭૦મો પદવીદાન સમારંભ આગામી ૨૧મી જુલાઈ, રવિવારે ગુરુપૂર્ણિમાના દિવસે સાંજે ૫ વાગે યોજાશે. આ પદવીદાન સમારંભમાં ૯૭૨ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાશે. વિદ્યાપીઠના કુલાધિપતિ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને યોજાનારા પદવીદાન સમારંભમાં વિદ્યાપીઠના ટ્રસ્ટી રાજશ્રીબેન બિરલા મુખ્ય અતિથિ અને યુજીસીના સભ્ય અલ્હાબાદ યુનિવર્સિટીના કુલાધિપતિ આશિષ ચૌહાણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે. વિદ્યાપીઠનો પદવીદાન સમારંભ સામાન્ય રીતે સ્થાપના દિન ૧૮મી ઓક્ટોબરના રોજ યોજવામાં આવતો હોય છે. વિદ્યાપીઠમાં ટ્રસ્ટીમંડળ અને કુલપતિ બદલાયા બાદ હવે પદવીદાન સમારંભના આયોજનમાં પણ મહત્વના ફેરફારો કરાયા છે. વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે વિદ્યાપીઠના સ્થાપનાદિને જ પદવીદાન સમારંભનું આયોજન કરી દેવામાં આવતું હોય છે. જેના કારણે વિદ્યાપીઠના સ્થાપના દિન માટે વિશેષ કોઈ આયોજન કરવાની જરૂર રહેતી નહોતી. પદવીદાનનું આયોજન સવારના સમયે કરવામાં આવતું હોવાથી સમારંભ પહેલા ધ્વજ ફરકાવીને સ્થાપનાદિનની ઉજવણી કર્યાનો સંતોષ માની લેવામાં આવતો હતો. સમારંભ પુરો થયા બાદ કોઈ વિશેષ કાર્યક્રમનું આયોજન થતું નહોતુ. વિદ્યાપીઠમાં ટ્રસ્ટીમંડળ અને હોદ્દેદારો પણ બદલાયા બાદ હવે વર્ષોની પરંપરામાં પણ ધરમૂળથી ફેરફાર કરવામાં આવ્યા છે. ચાલુવર્ષે ગુરુપૂર્ણિમાના દિવસે એટલે કે ૨૧મીને રવિવારે પદવીદાન યોજવામાં આવશે. પદવીદાનના સમયમાં પણ ફેરફાર કરીને સવારના બદલે સાંજે ૫ વાગે સમારંભ યોજાશે. મુખ્ય અતિથિ તરીકે પદ્મવિભૂષણ અને વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રીમતી રાજશ્રીબેન બિરલા મુખ્ય અતિથિ અને યુજીસીના ચેરમેન અને અલ્હાબાદ યુનિવર્સિટીના કુલાધિપતિ અને નેશનલ સ્ટોક એક્સચેન્જના સીઈઓ આશિષ ચૌહાણ પણ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહીને પ્રવચન કરશે. ચાલુવર્ષે વિદ્યાર્થીઓને પહેલા ડિગ્રી એનાયત કર્યા બાદ તેઓ મુખ્ય અતિથિ પાસે જઈને ફોટા સેશન કરાવે તેવું આયોજન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે દરવર્ષે ડિગ્રી અદલા-બદલી થઈ જતી હોવાથી ચાલુવર્ષે અગાઉથી જ વિદ્યાર્થીઓને પોતાના નામની ડિગ્રી કવરમાં નાંખીને આપી દીધા બાદ તેઓ સ્ટેજ પર જઈને મુખ્ય અતિથિ સાથે ફોટોસેશન કરાવશે.

# શિક્ષકોની જૂની પેન્શન યોજના મુદ્દે શૈક્ષિક મહાસંઘ આંદોલન છેડશે

### ૧૬ ઓગસ્ટે ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતેથી મહાઆંદોલન શરૂ કરવાની જાહેરાત કરાઈ

**અબતક, રાજકોટ**

જૂની પેન્શન યોજના મુદ્દે શૈક્ષિક મહાસંઘ દ્વારા ૧૬ ઓગસ્ટના રોજ મહાઆંદોલનની જાહેરાત કરવામાં આવી છે. આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે રાજ્યના શિક્ષણમંત્રીની હાજરીમાં યોજાયેલી મહાસંઘની કારોબારીમાં આંદોલન કરવાનું નક્કી કરાયું છે. ગાંધીનગર સ્થિત સત્યાગ્રહ છાવણી ખાતે યોજાનારા આ મહાઆંદોલનના દિવસે જ આગળના આંદોલનની રણનીતિ પણ ઘડવાનું નક્કી કરાયું છે. રાજ્ય સરકાર દ્વારા થયેલા સમાધાન અનુસાર અત્યાર સુધી જૂની પેન્શન યોજનાને લઈને ઠરાવ બહાર પાડવામાં આવ્યો ન હોવાથી શિક્ષકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. જેને લઈને શૈક્ષિક મહાસંઘ દ્વારા આંદોલનની જાહેરાત કરવામાં આવી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની કારોબારી બેઠક ૪૦૦થી વધુ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં સદસ્યતા અભિયાન, રાજ્ય સરકાર દ્વારા શ્રીમદ્ ભગવત ગીતાને ધોરણ-૬થી ૧૨ના અભ્યાસક્રમમાં સમાવવાના નિર્ણયને સમર્થન તથા તેનો વિરોધ કરતા વિવિધ પરિબળોને વખોડવા આગામી ૨૦ જુલાઈના રોજ સમગ્ર ગુજરાતના જિલ્લા મથકે આ અંગેનું આવેદન પત્ર આપવાનું ઠરાવવામાં આવ્યું હતું. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ દ્વારા તમામ શિક્ષક તથા કર્મચારીઓને જૂની પેન્શન યોજના લાગુ કરવા, તારીખ ૧-૪-૨૦૦૫ પહેલાં નિમણૂક પામેલા તથા સમાધાન મુજબ ઠરાવ બહાર પાડવા, એન.પી.એસ. વાળા કર્મચારીઓને ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર, એચટાટના બદલીના નિયમો સંગઠનની માગ અનુસાર બહાર પાડવા, વિદ્યાર્થી હિતમાં શિક્ષકોની પૂરા મંજૂર મહેકમ અનુસાર કાયમી ભરતી, ગ્રાન્ટેડ માધ્યમિક શાળાઓમાં જૂના શિક્ષકની ભરતીના સરળ નિયમો, ભરતીનો રેશિયો ૧:૨ કરવો, ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં ૪૨૦૦ ગ્રેડ-પે, ફાજલનું કાયમી રક્ષણ, સરકારી માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક શાળાના પડતર પ્રશ્નો તથા તમામ સંવર્ગના વિવિધ પડતર પ્રશ્નોની ચર્ચા કરી ઉકેલ લાવવા રજૂઆત કરી યોગ્ય કરવા બાંહેધરી આપવામાં આવી હતી.


## માર્કેટ અપડેટ્સ

ચંદ્રેશ કોઠારી મો.98250 77269 | પલક કોઠારી મો.94295 77269



## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર


- કેઈસી ઈન્ટરનેશનલ લિ.એ જણાવ્યું છે કે કંપનીને ભારત, મધ્ય પૂર્વ, ઓસ્ટ્રેલિયા અને અમેરિકામાં ટ્રાન્સમીશન એન્ડ ડિસ્ટ્રીબ્યુશન (ટીએન્ડી) પ્રોજેક્ટ માટે રૂ.૧,૧૦૦ કરોડના ઓર્ડર મળ્યા છે.

- જસ્ટ ડાયલ લિ.ને ૩૦ જૂન, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળામાં રૂ.૧૪૧.૨૨ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૮૩.૪૦ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૩૬૭.૪૪ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩૨૮.૩૮ થઈ હતી.

- મહાનગર ગેસ લિ.ની ૨૫ જુલાઈ, ૨૦૨૪ ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન લિ.એ જણાવ્યું છે કે કંપનીએ બોકારો, ઝારખંડમાં કોલ બેડ મિથેન (સીબીએમ) બ્લોકમાંથી તેનું ઉત્પાદન શરૂ કર્યું છે.

- ઈન્ફોસિસ લિ.એ ૩૦ જૂન, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા સ્ટેન્ડએલોન ત્રિમાસિક પરિણામમાં રૂ.૫,૭૬૮ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૫,૯૫૬ કરોડ થયો હતો. કુલ આવક રૂ.૩૪,૦૦૪ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩૨,૮૧૨ કરોડ થઈ હતી. કોન્સોલિડેટેડ ત્રિમાસિક પરિણામ ગ્રુપને રૂ.૬,૩૭૪ કરોડનો ચોખ્ખો નફો થયો છે, જે ગત વર્ષના સમાન ગાળાના અંતે રૂ.૫,૯૪૫ કરોડ થયો હતો. ગ્રુપની કુલ આવક રૂ.૪૦,૧૫૩ કરોડ થઈ છે, જે ગત વર્ષના સમાનગાળાના અંતે રૂ.૩૮,૪૯૪ કરોડ થઈ હતી.

- આઈટીસી લિ.ની ૧ ઓગસ્ટ, ૨૦૨૪ ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- ઈન્ડિયન એનર્જી એક્સચેન્જ લિ.ની ૨૪ જુલાઈ, ૨૦૨૪ ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- સંવર્ધન મધરસન ઈન્ટરનેશનલ લિ.ની ૧૩ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ યોજાનારી બોર્ડ મીટિંગમાં ૩૦ જૂન, ૨૦૨૪ના અંતે પૂરા થયેલા ત્રિમાસિક ગાળાના અનઓડિટેડ નાણાકીય પરિણામની સમીક્ષા કરવામાં આવશે.

- ડીએલએફ લિ.ની ૭ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ યોજાનારી વાર્ષિક સામાન્ય સભા (એજીએમ)માં અન્ય પ્રસ્તાવો સહિત ૩૧ માર્ચ, ૨૦૨૪ અંતે પૂરા થયેલા વર્ષના નાણાકીય પરિણામની સમીક્ષા કરવા અને ડિવિડંડ જાહેર કરવાના પ્રસ્તાવો સભ્યોની મંજૂરી માટે રજૂ કરવામાં આવશે.

IPO UPDATES વિશે માહિતી?

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | SHARES | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| SANSTAR LIMITED | 19/7 | 23/7 | CURRENT | 90/95 | 150 | 14,250 |

SME UPDATES વિશે માહિતી?

| COMPANY NAME | OPEN | CLOSE | STATUS | OFFER PRICE | LOT | AMOUNT |
|---|---|---|---|---|---|---|
| KATARIA INDUSTRIES LIMITED | 16/7 | 19/7 | CURRENT | 91/96 | 1200 | 1,15,200 |
| MACOBS TECHNOLOGIES LIMITED | 16/7 | 19/7 | CURRENT | 71/75 | 1600 | 1,20,000 |
| SAR TELEVENTURE LIMITED | 22/7 | 24/7 | UPCOMING | 200/210 | 500 | 1,05,000 |
| RNFI SERVICES LIMITED | 22/7 | 24/7 | UPCOMING | 98/105 | 1200 | 1,26,000 |
| V.L.INFRAPROJECTS LIMITED | 23/7 | 25/7 | UPCOMING | 39/42 | 3000 | 1,26,000 |
| VVIP INFRATECH LIMITED | 23/7 | 25/7 | UPCOMING | 91/93 | 1200 | 1,11,600 |
| CLINITECH LABORATORY LIMITED | 25/7 | 29/7 | UPCOMING | 96 | 1200 | 1,15,200 |

NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?

| | |
|---|---|
| NIFTY | RANGE – 24725 - 24950<br>SUPPORT – 24575 - 24675<br>REGISTANCE – 24950 |

BANK NIFTY નું આજ નું અનુમાન શું રહેશે?

| | |
|---|---|
| BANK NIFTY | RANGE – 52475 - 52775<br>SUPPORT – 52125 - 52300<br>REGISTANCE – 52775 |

આજ ના શેર માર્કેટ ને અસર કરતાં પરિબળો

US MARKET – NEUTRAL TO POSITIVE ZONE
$ – 84.64 USD
INDIAN MARKET TREND – NEUTRAL TO POSITIVE ZONE

સુચનાઃ અમે સેબીના રજિસ્ટર્ડ ઇન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે- વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પૂરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.

# રાજ્યની ગ્રાન્ટેડ સ્કૂલોમાં તાકીદે જ્ઞાન સહાયકની ભરતી કરવા માંગ

### એક-બે દિવસમાં જિલ્લાઓમાં જ્ઞાન સહાયકોની ફાળવણી કરવા સંચાલક મંડળ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી

**અબતક, અમદાવાદ**

રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્કૂલોમાં ૯ હજાર શિક્ષકોની જગ્યા ખાલી છે ત્યારે વિદ્યાર્થીઓના શિક્ષણ પર અસર ન થાય તે માટે વહેલી તકે જ્ઞાન સહાયકોની ફાળવણી કરવા સંચાલક મંડળ દ્વારા ભલામણ કરાઈ છે. આગામી એક-બે દિવસમાં જિલ્લાઓમાં જ્ઞાન સહાયકોની ફાળવણી કરવા સંચાલક મંડળ દ્વારા રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી હોવાનું જાણવા મળે છે. રાજ્યમાં દર વર્ષે માર્ચમાં લેવામાં આવતી ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષા આ વખતે ફેબ્રુઆરી માસમાં જ લેવાનું આયોજન કરાયું છે. જોકે, એક બાજુ બોર્ડની પરીક્ષા વહેલી શરૂ કરવાનું નક્કી કરાયું છે ત્યારે બીજી બાજુ રાજ્યની અનેક સ્કૂલોમાં વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સત્ર શિક્ષકો વગર જ પૂર્ણ થઈ જાય તેવી સ્થિતિ સર્જાઈ છે. રાજ્યની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અંદાજે ૯ હજારથી વધુ શિક્ષકોની જગ્યા ખાલી હોવાનો દાવો સંચાલક મંડળ દ્વારા કરાયો છે. શિક્ષકોની ખાલી પડેલી જગ્યામાં જ્ઞાન સહાયકની નવી ભરતી કરવાની પ્રક્રિયા જ આખી ખોરંભે ચઢી છે. હજુ સુધી જ્ઞાન સહાયકની ભરતી અંગે કોઈ જાહેરાત અપાઈ નથી. રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા ગત વર્ષે પ્રવાસી શિક્ષક યોજના રદ કરી બે ગણા પગાર સાથે જ્ઞાન સહાયક યોજના લાગુ કરવામાં આવી હતી. જ્ઞાન સહાયકની ભરતી કાયમી શિક્ષકની જેમ જ કેન્દ્રીયકૃત રીતે હાથ ધરાઈ હતી. જેમાં મેરિટના આધારે ઉમેદવારોને સ્કૂલોની ફાળવણી કરાઈ હતી. આ વખતે સત્ર શરૂ થતા જ જે જ્ઞાન સહાયક ફરજ બજાવતા હતા તેઓને રિન્યુ કરી દેવાયા હતા, પરંતુ રાજ્યની ઘણી સ્કૂલોમાં જ્ઞાન સહાયકો હાજર થયા નહોતા અથવા તો થયા બાદ પણ જતા રહ્યાં છે. આ સિવાય ગ્રાન્ટેડ હાઈસ્કૂલોમાં અંદાજે ૭ હજાર શિક્ષકોની જગ્યા ખાલી હોવાનું ખુદ શિક્ષણ વિભાગ સ્વીકારી રહ્યું છે. એ સિવાય વય નિવૃત્તિના આધારે પણ ચાલુ વર્ષે અંદાજે ૨ હજાર જગ્યા ખાલી પડશે. આમ, કુલ ૯ હજાર જગ્યા ખાલી હોવાનું સંચાલક મંડળનું માનવું છે. જોકે, આ ખાલી જગ્યામાં વિદ્યાર્થીઓનું શિક્ષણકાર્ય ન ખોરવાય એ માટે હજુ સુધી કોઈ જ વ્યવસ્થા કરાઈ ન હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. જેથી સંચાલક મંડળના અધ્યક્ષ ભાસ્કર પટેલે રાજ્યના શિક્ષણમંત્રીને પત્ર લખીને આગામી એક-બે દિવસમાં સ્કૂલોમાં જ્ઞાન સહાયકોની ફાળવણી કરવામાં આવે તેવી માગ કરી છે.

## રાજકોટમાં ધોળા દિવસે મકાનના તાળા તોડી ચોરી

# કોઠારીયા સોલવન્ટના બે મકાનમાંથી સોનાના દાગીના સહિત રૂ.૪.૮૧ લાખની મત્તા ઉઠાવી તસ્કરો ફરાર

### દિવસના અજવાળામાં ચોરી કરી પોલીસને પડકાર ફેંકનાર તસ્કર ટોળકીનો શંકાસ્પદ સભ્ય સીસીટીવીમાં કેદ

**અબતક, રાજકોટ**

શહેરક્ષફ કોઠારીયા સોલ્વન્ટ વિસ્તારમાં ધોળા દિવસે બે મકાનના તાળા તોડી તસ્કરો સોના-ચાંદીના દાગીના સહીત કુલ રૂ. ૪.૮૧ લાખની મતા ઉઠાવી જઈ પોલીસને પડકાર ફેંકી નાસી છૂટ્યા છે. હાલ તસ્કર ટોળકી પૈકીનો એક શંકાસ્પદ શખ્સ સીસીટીવી કેમેરામાં કેદ થયાનું પોલીસ સૂત્રો જણાવી રહ્યા છે. બનાવને પગલે ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને આજીડેમ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

મંગુબેન લાખાભાઈ ખાટરીયા નામની ૪૫ વર્ષીય મહિલાએ આજીડેમ પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદ અનુસાર તેઓ તેમના પતિ તેમજ પુત્ર અને પુત્રવધુ સાથે કોઠારીયા સોલ્વન્ટના શીવશક્તિ સોસાયટી શેરી નં.૧માં રહે છે અને પરિવાર મના તમામ સભ્યો અલગ અલગ કારખાનામાં મજૂરી કામ કરે છે. ગઈકાલે સવારના સાડા સાતેક વાગ્યાની આસપાસ ફરિયાદી તેમના પતિ, પુત્ર અને પુત્રવધુ બધા પોત પોતાના કામ પર ચાલ્યા ગયા હતા.

જે બાદ આશરે સાડા ચારેક વાગ્યની આસપાસ અમારા પડોશી મયુરભાઈનો ફોન આવેલ હતો. તેમણે એવી વાત કરેલ હતી કે, મારા ઘરે ચોરી થયેલ છે અને તમારા ઘરના પણ તાળા તુટેલ છે. જેથી ફરિયાદી તાત્કાલીક ઘરે પહોંચ્યા હતા. જ્યાં ઘરની ડેલી ખુલી હતી અને અંદર જઈ રૂમમા જોતા રુમનુ તાળુ તુટેલ હતુ. અંદર જઈ જોતા રૂમમા સામાન વેર-વિખેર પડેલ હતો અને રૂમમા રાખેલ લાકડાના કબાટના દરવાજા ખુલા હતા અને કબાટના લોક તુટેલ જોવા મળ્યા હતા. જેથી ફરિયાદીએ કબાટમા રાખેલ સોના ચાંદીના ઘરેણા જેમા સોનાનો હાર આશરે ૫ તોલાનો જેની કિંમત આશરે રૂ.૨૦૦૦૦૦, બે સોનાની મરઘલી આશરે ૨ તોલાની જેની કિંમત રૂ. ૮૦૦૦૦, એક સોનાની અડધા તોલાની બુટી જેની કીંમત આશરે રુ.૨૦૦૦૦, સોનાની કાનની નખલી ૧ જોડી જેની કિંમત આશરે રૂ.૩૦૦૦, સોનાના નાકના દાણા ૨ જેની કિંમત આશરે રૂ. ૧૦૦૦, ચાંદીની લક્કી ૨ જેની કિંમત આશરે રૂ. ૧૦૦૦૦, ૧ ચાંદીનુ કડુ જેની કિંમત રૂ.૯૦૦૦, ચાંદીના સાંકળા ૨ જોડી જેની કિંમત આશરે રૂ.૧૨૦૦૦ મળી આવેલ ન હતા.

ઉપરાંત તેમના પાડોશમા રહેતા મયુરભાઈ કનુભાઈ લખલાણીના મકાનમાંથી પણ ચોરી થયેલ હોય અને તેમના મકાનમાંથી પણ ૧ જોડી સોનાની કાનની સરી આશરે ૮ ગ્રામની જેની કિંમત આશરે રૂ. ૩૫૦૦૦, ત્રણ જોડી સોનાની કાનની બુટી આશરે દોઢ તોલાની જેની કિંમત આશરે રૂ.૬૦૦૦૦, ત્રણ સોનાના નાકના દાણા જેની કિંમત આશરે રૂ.૧૫૦૦, બે સોનાની નાકની નથડી જેની કિંમત આશરે રૂ. ૧૫૦૦, ૧ સોનાનો ઓમકાર જેની કિંમત આશરે રૂ.૩૦૦૦, ચાંદીના પગના સાંકળા ૩ જોડી જેની કિંમત આશરે રૂ.૨૦૦૦૦, ૧ ચાંદીનો કડનો જુડો જેની કિંમત આશરે રૂ.૫૦૦૦, રોકડા રૂ.૨૦૦૦૦ની ચોરી થયાનું જાણવા મળ્યું હતું. જેથી ફરિયાદીના મકાનમાંથી સોના ચાંદીના ઘરેણા કીમત આશરે રૂ.૩,૩૫,૦૦૦ની તથા પડોશમા રહેતા મયુરભાઈ કનુભાઈ લખલાણીના મકાનમાંથી સોના ચાંદીના ઘરેણા ફૂલ કિંમત રૂ. ૧,૨૬,૦૦૦ તથા રોકડ રકમ આશરે ૨૦,૦૦૦એમ કુલ કિંમત રૂ.૧,૪૬,૦૦૦ આમ બંને મકાનમાંથી રૂ. ૪,૮૧,૦૦૦ની ચોરી થયાની જાણ થઈ હતી.

બનાવને પગલે એલસીબી ઝોન-૧ પીએસઆઈ બી વી બોરીસાગર, આજીડેમ પોલીસની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી. દરમિયાન પોલીસે આસપાસના સીસીટીવી ફૂટેજની ચકાસણી શરૂ કરતા એકાદ શંકાસ્પદ શખ્સ દેખાયો હતો પરંતુ આ શખ્સ તસ્કર ટોળકીનો છે કે પછી અન્ય કોઈ તે દિશામાં હાલ તપાસ શરૂ કરવામાં આવી છે.

# યુવતીને કિઓસ્ક બોર્ડના વાયરને કારણે શોક લાગ્યાનું મનપાનું તારણ

### નાનામવા રોડ પરની ઘટનામાં પોલીસે માગ્યો અહેવાલઃ મૃતકના પરિવારનું નિવેદન નોંધાશે

**અબતક,રાજકોટ**

શહેરના નાનામવા રોડ પર હરિદ્વાર હાઈટ્સમાં રહેતી નિરાલી વિનોદભાઈ કુકડિયા નામની ૨૨ વર્ષીય યુવતી બુધવારે સ્કૂટર લઈને નીકળી હતી આ દરમિયાન રોડ પર ચાલુ વાહને શોક લાગતાં તે બેભાન થઈ હતી. લોકોએ તેને હોસ્પિટલ ખસેડી હતી પણ સારવાર મળે તે પહેલાં જ તેનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં પીજીવીસીએલનો વીજવાયર કે પછી મનપાની સ્ટ્રીટલાઈટનો વાયર જવાબદાર છે કે કેમ તે પ્રશ્ન સર્જાતા પોલીસે બંને તંત્રને પત્ર લખ્યો છે તેમજ મૃતકના પરિવારજનોને પણ જાણ કરીને ફરિયાદ કરવા માટે નિવેદન માટે બોલાવ્યા છે. આ મામલે મનપાની રોશની શાખાનો સંપર્ક સાધતા જાણવા મળ્યું હતું કે, રોડ પરના ડિવાઈડર પર સ્ટ્રીટલાઈટના પોલ છે અને સાથે સાથે કિઓસ્ક બોર્ડ પણ છે જે જગ્યાઓ જાહેરાત માટેની એજન્સીને આપી દેવાઈ છે. આ કિઓસ્ક બોર્ડનું વીજ કનેક્શન એજન્સીએ અલગથી લેવાનું હોય છે અને તે વાયર ડિવાઈડર પરથી જ દોડાવે છે. આ પૈકી એક વાયર ખુલ્લો પડી જતા શોક લાગ્યાનું અનુમાન છે. રાજકોટ મનપાની મિલકત, વાયર કે પછી સ્ટ્રીટલાઈટ તો તેમાં કોઈ રોલ નથી તેમ જણાવ્યું છે. જોકે પોલીસે તો એફએસએલની પણ મદદ લીધી છે તેથી ખરેખર મનપાનો વાંક નથી કે પછી બીજા પર ઢોળવાનો પ્રયત્ન થઈ રહ્યો છે તે રિપોર્ટમાં સ્પષ્ટ થશે.

# મહાદેવ એન્ટરપ્રાઈઝના સંચાલક પૃથ્વી સોલંકીને બે વર્ષની જેલ

### કપડાની ખરીદી પેટે આપેલો ચેક પરત ફર્યો તોઃ બ્લુપેક પેઢીને રૂ.૧.૩૦ કરોડનું વળતર ચુકવવા હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર ની જાણીતી બ્લુ પેક નામની પેઢી પાસેથી ખરીદ કરેલા કપડાની ચુકવણી પેટે આપેલો ચેક પરત ફરવાના ગુનાનો કેસ ચાલી જતાં અદાલતે મહાદેવ એન્ટરપ્રાઈઝના સંચાલકને બે વર્ષની સજા અને રકમ રૂા.૧,૩૦ કરોડ દંડ પેટે જમા કરાવવાનો હુકમ અને ચેકની રકમ રૂા. ૧,૦૮,૭૬, ૩૫૭ ના ૬% ના વ્યાજ સહિત ફરીયાદીને ચુકવાવનો આદેશ ફરમાવેલ હતો.વધુ વિગત મુજબ શહેરની જાણીતી બ્લુ ટેક નામથી ચાલતી કપડાની પેઢી પાસેથી મહાદેવ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર પૃથ્વી સંજયભાઈ સોલંકી નામના વેપારીએ રેડીમેડ ગારમેન્ટ્સની ખરીદી કરી હતી તે રકમ ચૂકવવા ૧.૦૮.૭૬.૩૫૭ નો ચેક આપેલો હતો. જે ચેક બેંકમાંથી વગર વસુલાતે પરત ફરતા જે અંગે કાયદાકીય જોગવાઈ મુજબ નોટિસ પાઠવવા છતાં સમય મર્યાદામાં રકમ ન ચૂકવતા અંતે અદાલતમાં ફરિયાદ દાખલ કરી હતી. અદાલતે મહાદેવ એન્ટરપ્રાઈઝના નામથી ચાલતી પેઢીના પ્રોપરાઈટર પૃથ્વી સોલંકીને મુદત હરોળમાં હાજર થવાનો આદેશ ફરમાવેલો હતો. કોર્ટમાં હાજર થયા બાદ પૃથ્વી સોલંકીની સામેનો કેસ ચાલેલ નહી



તે માટે સતત નાસતા-ફરતા હોય કોર્ટ દ્વારા બીનજામીનલાયક વોરંટ ઈસ્યુ કરતાં કોર્ટ સમક્ષ હાજર થયેલો હતા અને ફરીયાદી દ્વારા જરૂરી દસ્તાવેજી પુરાવાઓ અંદાજે ૫૦ થી પણ વધુ પુરાવાઓ રાખેલ હતા અને આરોપી સામે કેસ આગળ ચાલુ કેસ દરમિયાન ફરીયાદપક્ષ દ્વારા આરોપીપક્ષ સંપૂર્ણ રકમ ભરપાઈ કરી આપવા બંધાયેલ છે અને સમયસર રકમ ન આપવા બદલ વધારાનો ખર્ચ તેમજ વ્યાજ આપવા પણ આરોપીપક્ષ બંધાયેલ છે.તે પ્રકારની ફરીયાદપક્ષ દ્વારા દલીલ કરવામાં આવેલી અને તે દલીલના સમર્થનમાં ફરીયાદપક્ષ દ્વારા વિવિધ હાઈકોર્ટના ચુકાદાઓ રજુ કરવામાં આવેલ હતા તે ધ્યાને રાખી મહાદેવ એન્ટરપ્રાઈઝના પ્રોપરાઈટર પૃથ્વી સોલંકીને કોર્ટ ને તકસીરવાન ઠરાવી ૨ વર્ષની સાદી કેદ અને રકમ રૂા.૧,૩૦ કરોડ દંડ પેટે જમા કરાવવાનો હુકમ અને ચેકની રકમ રૂા. ૧,૦૮,૭૬, ૩૫૭ ના ૬% ના વ્યાજસહિત ફરીયાદીને ચુકવાવનો આદેશ ફરમાવેલ હતો અને દંડની રકમ ન ચુકવી શકે તો વધુ પાંચ માસની સજાનો હુકમ કરવામાં આવેલ હતો. આ કેસમાં મુળ ફરીયાદી બ્લુ ટેકના નામથી ચાલતી પેઢીના પ્રોપરાઈટર ગૌતમભાઈ હેમેન્દ્રભાઈ મહેતા તરફે રાજકોટ શહેરના જાણીતા ધારાશાસ્ત્રી કમલેશ એન. શાહ, જીજ્ઞેશ એન. શાહ, ભરત એચ. સંઘવી, સુરેશ સી. દોશી, નાસીર એચ. હાલા, જતીન એન. પંડ્યા, ધવલ જે. પડીયા તથા જીગર બી. સંઘવી રોકાયેલા હતા.

# પતિ-પત્નીના છૂટાછેડા કરાવવા માંગતા સાસરિયાના ત્રાસથી યુવકે મોત વ્હાલું કર્યું

### સ્યુસાઈડ નોટમાં સાસરિયા વિરૂધ્ધ ગંભીર આક્ષેપ :પોલીસ તપાસનો ધમધમાટ

**અબતક ,રાજકોટ**

શહેરના રેલનગર પાસે શિવાજી પાર્કમાં એક યુવાને ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. હજુ તો ત્રણ મહિના પહેલા જ યુવાનના લગ્ન થયા હતાં. જે યુવતિ સાથે આ યુવાનના લગ્ન થયા હતાં તે સાથે રહેવા ઈચ્છતી હતી પણ તેણીના માતા-પિતા છુટાછેડા કરાવવા બાબતે હેરાન કરતાં હતાં. તેનાથી ત્રાસીને આ યુવાને પગલુ ભર્યાનો આક્ષેપ થતાં પોલીસે તપાસ શરૂ કરી છે. યુવાને આપઘાત પુર્વે ચિઠ્ઠી લખી છે તેમાં પણ સાસુ-સસરાના ત્રાસને કારણે પગલુ ભર્યાનો ઉલ્લેખ કર્યો છે.

જાણવા મળ્યા મુજબ રેલનગર શિવાજી પાર્કમાં કર્ણાવતિ સ્કૂલ પાછળ રહેતાં જીગરભાઈ અશોકભાઈ સોલંકી (ઉ.વ.૨૮) નામના યુવાને ગળાફાંસો ખાઈ લેતાં પરિવારમાં હાહાકાર મચી ગયો હતો. ૧૦૮ને જાણ કરવામાં આવતાં આવેલા ૧૦૮ના ઈએમટી તબિબ દિવ્યાબેને તેને મૃત જાહેર કરતાં પરિવારમાં ગમગીની વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં પ્ર.નગરના પોલીસ સ્ટાફે પહોંચી કાર્યવાહી કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડવા તજવીજ કરી હતી,આપઘાત કરનાર યુવાન જીગરભાઈ બે ભાઈમાં મોટો હતો. હજુ ત્રણ મહિના પહેલા જ લગ્ન થયા હતાં. તે બે ભાઈ અને ત્રણ બહેનમાં ત્રીજો હતો. તેની પત્નિનું નામ સોનમ છે. તેણીના માવતર ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહે છે. જીગરભાઈના ખિસ્સામાંથી એક સ્યુસાઈડ નોટ મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં તેણે લખ્યું છે કે-હું આત્મહત્યા કરુ છું તેનું કારણ મારો સસરો રમેશ પરમાર છે અને સાસુ છે. તે મને અને મારા પરિવારને હેરાન કરે છે અને મારી નાખવાની ધમકી આપે છે અને દહેજનો કેસ કરવાની ધમકી આપે છે અને મને મારા મા-બાપથી અલગ થવાનું કહે છે, તેથી હું આત્મહત્યા કરુ છું, આ બધુ પૈસા માટે કરે છે. મારા પૈસામાં કે મારી મિલ્કતમાં મારી પત્નિનો કોઈ હક્ક રહેશે નહિ, બધુય મારા મા-બાપનું છે. મારા - મોબાઈલમાં રેકોર્ડિંગ છે, મારા પરિવારનો - કોઈ વાંક નથી. તેવી ચીઠી મૃતક જીગરે લખી જિંદગીથી છેડો ફાડ્યો હતો.પોલીસે ચિઠ્ઠી કબ્જે કરી ચિઠ્ઠીમાં જે આક્ષેપો છે તે અંગે તપાસ યથાવત રાખી છે. આપઘાત કરનારના નાના ભાઈ મેહુલભાઈએ જણાવ્યું હતું કે મારા ભાઈ જીગરભાઈના લગ્ન સોનમ રમેશભાઈ પરમાર સાથે થયા હતાં. જીગરભાઈને સાસુ અને સસરા હેરાન કરતાં હતાં. તે છુટાછેડા કરાવડાવી મારા ભાઈ પાસેથી રૂપિયા પડાવા માંગતા હતાં. જો કે ભાભી સોનમબેને આ લગ્ન છુટા કરવા નહોતાં. જીગરના સાસુ-સસરા ગ્રીનલેન્ડ ચોકડી પાસે રહે છે. હાલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ચેક રિટર્ન કેસમાં દામજી ડોબરીયાને એક વર્ષની સજા

### મિત્રને ચેક મુજબનું ૭,૦૦,૦૦૦/- ચુકવવાનો હુકમ

**અબતક, ભાવનગર**

શહેરમાં મિત્રતાના દાવે ધંધાના વિકાસ માટે લીધેલા રૂ.૧૦ લાખની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરતા કોર્ટમાં ફરિયાદ નોંધાઈ હતી. જે કેસની ટ્રાયલ દરમિયાન આરોપીએ રૂ.૩ લાખની ચુકવણી કરી દીધી હતી. બાદમાં કેસ ચાલવા ઉપર આવતા કોર્ટે ચેક રિટર્નના કેસમાં આરોપીને એક વર્ષની સજા અને રૂ.૭ લાખ ફરીયાદીને ચુકવવા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસની હકીકત મુજબ, આરોપી દામજીભાઈ દયાલજીભાઈ ડોબરીયાએ ફરીયાદી બિપીન આર. પરમાર પાસેથી સબંધના નાતે ધંધાના વિકાસ માટે રૂ.૧૦ લાખ વગર વ્યાજે હાથ ઉછીના લીધા હતા. ફરિયાદીએ આપેલ રૂપિયાની માંગણી કરતા આરોપીએ .૧૦ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક વગર વસુલાતે પરત ફર્યો હતો. જે અંગે ફરિયાદીએ પોતાના એડવોકેટ મારફત આરોપીને પાઠવેલી લીગલ નોટિસ બજી જવા છતાં રકમની ચુકવણી નહિ કરતા ફરિયાદીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ એકટ અંતર્ગત ચેક રિટર્નનો કેસ દાખલ કર્યો હતો. કેસની ટ્રાયલ દરમિયાન આરોપીએ રૂ.૩ લાખની ચુકવણી કરી દીધી હતી. બાકીના રૂ.૭ લાખ ચુકવવામાં આરોપી નિષ્પફળ ગયા હતા. બાદમાં જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે આરોપીને દોષિત ઠરાવી એક વર્ષની સજા અને રૂ.૭ લાખ વળતર પેટે ચૂકવવા હુકમ કર્યો છે. આ કેસમાં ફરિયાદી વતી એડવોકેટ ધ્વનિ કે. બુધ્ધદેવ રોકાયા હતા.

# પરિણીતાને દર મહિને ખાધાખોરાકી પેટે રૂ.૧૧ હજાર ચુકવવા હુકમ

### જામનગર સ્થિત પતિએ ભરણપોષણ અને અરજી ખર્ચનો હુકમ

**અબતક, રાજકોટ**

રાજકોટમાં રિસામણે બેઠેલી પરિણીતાએ પતિ પાસેથી ભરણપોષણ મેળવવા કરેલો કેસ ચાલી જતા અદાલતે પરિણીતાને ભરણપોષણ પેટે માસીક રૂ.૧૧૦૦૦ તેમજ અરજી ખર્ચ રૂ.૨૫૦૦ ચુકવવા હુકમ કર્યો હતો.

આ કેસની હકીકત મુજબ રાજકોટ રહેતા બંસીબેન વીનીતભાઈ ખંભાયતાના જામનગરના વીનીતભાઈ ભરતભાઈ ખંભાયતા સાથે લગ્ન થયા હતા. લગ્નજીવનના થોડા સમયબાદ પતિ દ્વારા બંસીબેન ખંભાયતાને શારીરિક માનસીક ત્રાસ આપતા અનેકવાર બંને કુટુંબીજનો દ્વારા સમાધાન પણ કરવામા આવ્યું હોવા છતા પતિ વીનીત ખંભાયતાના વાણી, વર્તન, વ્યવહારમાં કોઈ પણ જાતનો ફેરફાર નહિ પડતા બંસીબેન તેમના પીયર રાજકોટ રીસામણે આવી ગયા હતા. જે સમય દરમ્યાન પતિ વિનિતભાઈ દ્વારા બંસીબેનના ભરણપોષણની કોઈ જવાબદારી નીભાવી ન હોવાથી બંસીબેને કોર્ટ સમક્ષ ભરણપોષણ મેળવવા કોર્ટમાં અરજી કરી હતી. જે કેસ અદાલતમાં ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજૂઆતો બાદ ફરિયાદીના વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને ટાંકેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ રાજકોટ ફેમીલી કોર્ટના જજ એચ.એન.દેસાઈએ અરજદારની અરજી મંજુર કરી ભરણપોષણ પેટે માસીક રૂ.૧૧૦૦૦ તેમજ અરજી ખર્ચ રૂ.૨૫૦૦ ચુકવવા હુકમ કર્યો હતો.

આ કેસમાં અરજદાર બંસીબેન ખંભાયતા વતી પી એન્ડ આર લો ચેમ્બરના વિદ્યાન ધારાશાસ્ત્રી અલ્પેશ વી. પોકીયા, વંદના રાજયગુરુ, અમીત વી. ગડારા, ભાર્ગવ જે. પંડયા, કેતન જે.સાવલીયા, પરેશ બી.મૃગ અને રીતેષ ટોપીયા રોકાયા હતા.

# પ્રેમલગ્ન કરનારી પોપટપરાની પરિણીતા પર શંકા કરી પતિ મારકૂટ કરતો હોવાની રાવ

### ઘરની બહાર નહિ નીકળવાનું તેવું કહીને શારીરિક અને માનસિક યાતના આપતાં પતિ વિરૂદ્ધ મહિલા પોલીસ મથકમાં ગુનો દાખલ

**અબતક, રાજકોટ**

વર્ષ ૨૦૧૭માં પ્રેમલગ્ન કરનારી પરિણીતાને પતિ ચારિત્ર્ય અંગે શંકા કરીને વારંવાર મારકૂટ કરતો હોય તેવી રાવ સાથે પરિણીતાએ મહિલા પોલીસ મથકમાં પતિ વિરુદ્ધ ઘરેલુ હિંસાની ફરિયાદ કરી છે.

નફીસાબેન ઉર્ફે ખુશી સલીમભાઈ કામસભાઈ માણેક નામની પરિણીતાએ મહિલા પોલીસ મથકમાં કરેલી ફરિયાદ અનુસાર તેમને કામસભાઈ ઈસ્માઈલભાઈ માણેક રહે, પોપટપરા શેરી નં-૧૫ મીયાણાવાસવાળાના દીકરા સલીમ સાથે પ્રેમ સંબધ હોય જેથી અમરેલી ખાતે તા.૨૭/૦૨/૨૦૧૭ના રોજ જ્ઞાતીના રીતરીવાજ મુજબ નિકાહ કર્યા હતા. બન્ને પતિ-પત્ની રેલનગર સ્થિત શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપના વિંગ-એ બ્લોક નં-૨૦૧ રાજકોટ ખાતે રહેતા હતા. લગ્નગાળા દરમ્યાન દંપત્તિને કોઈ કોઈ સંતાન ન હતું. પતી સલીમ ટ્રાન્સપોટેશનનો ધંધો છે.

પરિણીતાએ જણાવ્યા અનુસાર પતિ ખોટી શંકાઓ કરતો હતા. કોઈ પુરૂષ બકાલુ વહેચતા હોય ત્યા બકાલુ નહી લેવાનુ, ઘરની બહાર એકલું નહી નીકળવાનુ સહીતનો માનસિક ત્રાસ આપતો હતો. સાસુના ઘરે કોઈ પ્રસંગ હોય તો ત્યા પ્રસંગમાં પણ લઈ જતા ન હતા અને હુ ત્યા જવાની જીદ્દ કરૂ તો પતિ ઝગડાઓ કરતો, ગાળો આપતો અને માર મારતા હતો. નાની નાની વાતમાં પતિ સલીમ ઝગડાઓ કરી મારકુટ કરતો હતો. ઉપરાંત ઘરખર્ચના રૂપીયા પણ આપતો ન હતો. આજથી અઢી મહીના પહેલા કચ્છમાં હાજીપીરના ઉર્ષમાં પતિને જવાનુ હોય જેથી પરિણીતાએ પતિને કહેલ કે મારે પણ આવવું છે. તેમ કહેતા પતિએ ચોખ્ખી ના પાડેલ કે તારે આવવુ નથી. જેથી પરિણીતાએ જીદ્દ કરતા પતિએ મગાળો આપી માર મારેલ હતો. જે બાદ કંટાળીને પરિણીતા રિસામણે પિયર આવી ગઈ હતી. પરિણીતાએ ફરિયાદમાં એવુ પણ જણાવ્યુ છે કે, સાસુ ફાતીમાંબેને આજદીન સુધી મને પુત્રવધુ તરીકે અપનાવેલ નથી. સલીમે અગાઉ પણ લગ્ન કરેલ છે. જેની પત્નીનુ નામ રોશનબેન છે અને તેનાથી તેમને બે દીકરીયુ છે, જે હાલ મારા પતિ સાથે પોપટપરા શેરી નં-૧૫ મીયાણાવાસ રાજકોટ ખાતે રહે છે.

# ન્યારામાં પમ્પીંગ સ્ટેશનમાં કોપર વાયરની ચોરી

### રૂ. ૧.૪૫ લાખની કિંમતના 30 મીટર કોપર વાયર ચોરી તસ્ક પલાયન

**અબતક, રાજકોટ**

પડધરી તાલુકાના ન્યારા ગામે આવેલા રાજકોટ મહાનગરપાલિકાનું સત્તા મંડળ માલીકીનું ન્યારા પમ્પીંગ સ્ટેશન માં રહેલા રૂ. ૧.૪૫ લાખની કિંમતના ૩૦ મીટર કોપર વાયરની ચોરી કરી તસ્કર નાશી ગયાના બનાવ પડધરી પોલીસ મથકમાં નોંધાયો છે.

પ્રાપ્ત માહીતી મુજબ ન્યારા ગામે મહાનગરપાલિકાની માલીકીનું ન્યારા પમ્પીંગ સ્ટેશનના કમ્પાઉન્ડમાં રહેલા ૩૦ મીટર કોપર વાયર જેની કિંમત રૂ. ૧.૪૫ લાખ હોય જે ગત તા. ૧૧- ૭ ના રોજ તસ્કરો વંડી ઠેકીને ચોરી ગયાનો બનાવ બન્યો હતો. જે બનાવની જાણ ત્યાના કર્મચારીએ વોટર વર્કસ વેસ્ટ ઝોનના એડીશ્નલ એન્જીનીયરીંગ સુરેશભાઈ પરથીભાઈ બામણીયાને કરતા તેઓ ન્યારા પમ્પીંગ સ્ટેશન રૂબરૂ આવી પડધરી પોલીસ મથકમાં અજાણ્યા તસ્કરો સામે ચોરીની ફરીયાદ નોંધાવી છે. પડધરી પોલીસે ગુનો નોંધી સીસી ટીવી કુટેજમાં આધારે ચોરીનો ભેદ ઉકેલવાનો પ્રયાસ હાથ ધર્યો છે.

# કોઠારીયા રોડ નજીક યુવાનનો આપઘાત

**અબતક , રાજકોટ**

શહેરના કોઠારીયા મેઈન રોડ પર સોરઠીયા વાડી સર્કલ નજીક યુવાને પોતાના ઘરે ગળે ફાસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં કાળો કકળાટ સર્જાયો હતો કારણ અકબંધ હોવાથી પોલીસે તપાસ હાથ ધરી છે.

બનાવની પ્રાપ્ત વિગતો મુજબ સોરઠીયા વાડી સર્કલની બાજુમાં કોઠારીયા મેઈન રોડ પર રહેતા અતુલભાઈ જગજીવનભાઈ વોરા ૪૦ નામના યુવાને પોતાના ઘરે કોઈ કારણોસર છતમાં દોરી બાંધીને ગળે ફાસો ખાઈ લેતા બેભાન થઈ ગયા હતા પરિવારે ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ના તબીબ emt એ આવી પહોંચી જોઈ તપાસી મોત જાહેર કરતા પરિવાર શોકમા ગરકાવ થઈ ગયો હતો.પોલીસે મૃતદેહને પી. એમ. માટે રાજકોટ સીવીલ હોસ્પિટલ ખાતે મોકલી મૃતકે ક્યાં કારણે પગલું ભર્યું તે જાણવા માટે પોલીસે તપાસ આગળ ચલાવી.

# અમરેલીઃજંતુનાશક દવાની નકલી ફેકટરી પકડાય

### એસ.ઓ.જી.એ દરોડા પાડી રૂ.૧૨.૩૯ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, રાજકોટ**


અમરેલી શહેરના સારવકુંડલા બાયપાસ ચોકડી નજીક વાડીમાં જંતુનાશક દવાની ગેરકાયદે ધમધમતી ફેકટરી પર એસઓજીની ટીમે દરોડો પાડી નકલી બનાવટી નિશાની વાળી સ્ટીકર વાળી રૂ. ૧૨.૩૯ લાખની જંતુનાશક બોટલ અને બોટલો સીલ કરવાના મશીન મળી રૂ. ૧૨.૮૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.ચોમાસાના પ્રારંભ સાથે ખેડુતો દ્વારા વાવણીની શરુઆત થતા લેભાગુ તત્વો દ્વારા ખેડુતોને બોગસ બિયારણ અને નકલી જંતુનાશક દવાઓ ધાબડી દેવા માટે સક્રિય થયા હોવાની અમરેલી જીલ્લા પોલીસ વડા હિમકરસિંહને ધ્યાને આવતા કડક હાથે ડામી દેવા આપેલી સુચનાને પગલે એસઓજીના પી.આઈ. આર.ડી. ચૌધરી સહિતના સ્ટાફે પેટ્રોલીંગ હાથ ધર્યુ હતુ. ત્યારે અમરેલી શહેરના મન સીટીમાં રહેતો અલ્કેશ ભાનુભાઈ ચોડવરીયા નામનો શખ્સ સાવરકુંડલા બાપાસ ચોકડી પાસે અતુલભાઈ ભાદાણીની વાડીમાં સરકારી લાયસન્સ વગર જંતુનાશક દવા બનાવતો હોવાની યુવરાજસિંહ સરવૈયા ને મળેલી બાતમીના આધારે સ્ટાફે દરોડો પાડ્યો હતો.દરોડા દરમ્યાન વાડીમાં જંતુનાશક બોટલો ઉપર ખોટી બનાવટી માલ નિશાની વાળી કંપનીના લેબલ સ્ટીકરો ચોટાડેલી રૂ. ૧૨.૩૯ લાખની કિમત ની ૮૭૬ બોટલ જંતુનાશક દવા અને બોટલો સીલ કરવાના અલગ અલગ સાત મશીન મળી રૂ. ૧૨.૮૮ લાખનો મુદામાલ કબ્જે કર્યો છે.દરોડો દરમિયાન પ્લાસ્ટિકના કેરબામાં જંતુનાશક દવા બનાવવાની કેમિકલ હોવાની શંકા હોવાથી ૧૧ નમુનાઓ લઈ પૃથ્થકરણ અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા. પોલીસે ગુનો નોંધી કેટલા સમયથી કારખાનું ચલાવતા હતા અને ક્યાં વેપારીને માલનું વેચાણ કર્યાના મુદ્દે તપાસનો ધમધમાટ આદર્યો છે.

# નિઃસંતાન દંપતીઓ માટે આઈ.વી.એફ. ઈન્જેક્શન સારવાર અક્સીર

## ડોકટર અંડાશયને ઉત્તેજીત કરવા સ્ત્રીઓમાં ગર્ભાવસ્થા માટે આ પદ્ધતિનો કરે છે ઉપયોગ


રિપોર્ટરઃ અરૂણ દવે
અબતક, રાજકોટ

આજકાલ યુવા વર્ગમાં પણ નિઃસંતાન પણાની તકલીફ જોવા મળે છે, ત્યારે આઈ.વી.એફ. ની વિવિધ ટેકનીક આશિર્વાદરૂપ સાબીત થઇ રહી છે. આઈ.વી.એફ. પ્રક્રિયા માટે તેના ઈંજેકશન ટેકનીક ખુબ જ સફળ રહી છે. પ્રજનન નિષ્ણાંત ડોકટરની સલાહ મુજબ આ સારવાર કરવાથી ધાર્યા પરિણામો મળતા હોવાથી આજે ઘણા યુગલો આ ટેકનીકનો સહારો લે છે. આ દવાની સામાન્ય આડઅસરમાં દુઃખાવો, એલર્જીક પ્રતિક્રિયા, પેટમાં સોજો જેવી નાની નાની અસરો જોવા મળે છે. આઈ.વી.એફ. ઈંજેકશન સામાન્ય રીતે સ્ત્રીના અંડાશયમાં ઈંડાના સામાન્ય વિકાસમાં મદદ કરે છે, અને તંદુરસ્ત, પરિપકવ ઈંડાનું નિર્માણ કરે છે. આ સારવારથી સફળ ગર્ભાવસ્થાની તક વધારે છે. આ પદ્ધતિમાં શુક્રાણુંઓની ઓછી સંખ્યામાં વધારો કર છે. વંધયત્વ એ વૈશ્વિક ચિંતા છે, ત્યારે તેની વિવિધ સારવાર ઉપલબ્ધ હોવાથી આ સમસ્યા નિવારી શકાય છે. આ સારવારમાં હોર્મોન્સને અંડાશયમાં ઈન્જેકટ કરવામાં આવેછે, ત્યારે તેઓના ઈંડાને ઉત્તેજીત કરે છે.



## આર.વી.એફ.ની સહાયક પ્રજનન તકનીકની વિવિધ સુવિધાઓ શહેરમાં ઉપલબ્ધ

### ઈન્દીરા આઈ.વી.એફ. દંપતીઓને 'સંતાન'રૂપી સુખ આપવા હંમેશા તત્પરઃ ડો.મનીષ ચાવડા



'અબતક' સાથેની વાતચીતમાં ઈન્દીરા આઈ.વી.એફ.ના ડો. મનીષ ચાવડાએ જણાવ્યું હતું કે ભારતમાં અમારી ૧૪૦ શાખાઓ કાર્યરત છે. ૨૫૦ ગાયનોકોલોજીસ્ટ ના નેટવર્ક દ્વારા એક કરતાં વધારે અભિપ્રાય મેળવી ટ્રીટમેન્ટ કરીએ છીએ. આઈ.વી.એફ. એકી સાથે બીજના ગ્રોથ માટે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ઈંજેક્શન દર્દીની ઉંમર, વજન અને ઈંડાની ગુણવતા અનુસાર આપવામાં આવે છે. ચામડીની નીચે આપવામાં આવતું હોવાથી દર્દ રહીત છે.ડાયાબીટીસના દર્દીઓ 'સ્વ' રીતે ઈંજેક્શન લઇ શક તેમ આઈ.વી.એફ. ઈંજેક્શન પણ 'સ્વ' રીતે લઇ શકાય છે. ઈંજેક્શન લીધા બાદ પ્રાણાયામ તથા સમયની કાળજી રાખવી જરુરી બને છે. દરરોજ એક સમયે જ ઈંજેક્શન લેવું અનિવાર્ય છે. અમારા નેટવર્ક સાથે દંપતિઓને બાળરૂપી સુખ આપવા હંમેશા તત્પર છીએ.

### સંતાનનું સુખ મેળવવાં આઈ.વી.એફ. ઈન્જેક્શન આશિર્વાદરૂપઃ ડો.કૈલાસ ઓચવાણી



'અબતક' સાથેની વાતચીતમાં ડો. કૈલાસ ઓચવાણીએ જણાવ્યું હતું કે, જેમને ગર્ભ ધારણ કરવામાં મુશ્કેલી થતી હોય અથવા મેનોપોઝનો સમયગાળો બંધ થઇ ગયો હોય તેના માટે આઈવીએફ ઈંજેકશનથી ગર્ભ ધારણ કરી શકાય છે. માસિક ધર્મના બીજ દિવસથી શરુ કરીને આઠ થી બાર દિવસ સુધી નિયમિત આપવામાં આવે છે. મલ્ટી બીજના ગ્રોથ માટે કાર્યરત છે. આ ઈંજેકશનની આડઅસર ઓછી છે. આઈવીએફ ઈંજેકશન સુરક્ષા સાથે આપવામાં આવે છે. ભૂતકાળમાં ઈંજેકશન વિના ગર્ભધારણ કરી શકાતો પણ તે સર્જરી થોડી મુશ્કેલ હતી એડવાન્સ ટેકનોલોજીની સફળતાપૂર્વક ગર્ભ ધારણ કરી શકાય છે માટે આઈ.વી.એફ. ઈંજેકશન ખરેખર આશીર્વાદરૂપ સાબિત થયું છે.

### આઈ.વી.એફ. ઈન્જેક્શન થકી સારા ગર્ભનું થાય છે નિર્માણઃ ડો. મનાલી કારીયા



'અબતક' સાથેની વાતચીતમાં નોવા વિગ્સ આઈવીએફમાં એસોશિયેટ પ્રેકટીસનર તરીકે પ્રેકટીસ કરતાં ડો. હેમાલી કારીયાએ જણાવ્યું હતું કે આઈવીએફ ઈંજેકશન થકીગર્ભ નિર્માણ કરવામાં આવે છે. માસિકના બીજા કે ત્રીજા દિવસે ઈંજેકશન આપવામાં આવે છે. આ ઈંજેકશનથી વધુ માત્રામાં બીજ બને છે. જેને લેબોરેટરીમાં લઇ જવામાં આવે છે. ત્યારબાદ શુક્રાણું સાથે ફલન કર્યા બાદ સારો એવું ગર્ભ બને છે જેના ભાગરુપે પેટમાં દુઃખાવો, ઉલ્ટી ઉબકા થાય છે. તેની કોઇ વધારે આડઅસર થતી નથી.

### હવે, મહિલાઓ ગમે તે વયે કરી શકશે ગર્ભધારણઃ ડો. ગીતા માંકડીયા



'અબતક' સાથેની વાતચીતમાં ડો. ગીતાબેન માંકડીયાએ જણાવ્યું હતું કે, અંડાશયમાં બીજનો ગ્રોથ કરવા માટે આઈવીએફ ઈંજેક્શન મહત્વની ભુમિકા ભજવે છે. આ ઈંજેકશન પેટ પર કે કમર પર આપવામાં આવે છે. જે દંપતિને પ્રેગ્નેસી નથી રહેતી તેના માટે આઈવીએફ ઈંજેકશનથી દામ્પત્યનું સુખ મેળવી શકાય છે. આઈવીએફ ઈંજેકશનની આડ અસર ઓછી છે રેડનેસ, ઉલ્ટી ઉબકા જેવી નાની મોટી અસર થાય છે. ઈંજેક્શન વિના સારુ ગર્ભ મળી રહેતું નથી. માટે આઈવીએફ ઈંજેક્શનના અનેક ફાયદા છે અને હવે તો એડવાન્સ ટેક્નોલોજી થકી જે મહિલાઓના લગ્ન મોડા અથવા નાની ઉંમરે બેબી પ્લાન ન કરવા માંગતા હોય તો ઈંડાને સાચવી રાખવામાં આવે છે અને ગમે ત્યારે તેમાંથી ગર્ભ ગ્રોથ કરી શકાય છે.

હવે ઘર આંગણે જ જીવલેણ વાયરસના નિદાન માટે

# એઈમ્સ અને એચ.એલ.એલ. લાઈફ કેર ઈન્ડિયા વચ્ચે કરાર

## ૧૪ કરોડના ખર્ચે બીએસએલ-૩ લેબોરેટરી સ્થપાશેઃ ચાંદીપુરા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા, ક્રિમિઅન-કોંગો, જાપાનીઝ એન્સેફાલીટીસ, ઓરી, હેપેટાઈટીસ, ઈન્ફલ્યુએન્ઝા, સીઓવીઆઈડી જેવા વાયરસના નિદાન-સંશોધન થશે



અબતક, રાજકોટ

સૌરાષ્ટ્રના પાટનગર સમાજ રાજકોટ ખાતે રાજ્યને પીએમ નરેન્દ્ર મોદી દ્વારા એઈમ્સની ભેટ આપવામાં આવી હતી. પીએમ મોદી દ્વારા લોકસભાની ચૂંટણી પૂર્વે એમનું લોકાર્પણ કર્યા બાદ તંત્ર દ્વારા એક પછી એક સુવિધાનો વધારા કરવામાં આવ્યા છે, ત્યારે જીવલેણ બીમારીનું સંશોધન અને નિદાન હેતુ દેશની પ્રખ્યાત બીએસએલ ૩ લેબોરેટરી સાથે જોડાણ કરવામાં આવતા ઘર આંગણે જીવલેણ વાયરસનું નિદાન થશે

પ્રાપ્ત વિગત મુજબ,મિશન પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર યોજના હેઠળ બીએસએલ-૩ લેબોરેટરીની સ્થાપના માટે એઈમ્સ હોસ્પિટલ રાજકોટ અને એચ.એલ.એલ. લાઈફકેર ઈન્ડિયા વચ્ચે કરાર પર હસ્તાક્ષર થયા છે.ગત તા. ૧૮ જુલાઈ, ૨૦૨૪ - ગુજરાત રાજ્ય અને સૌરાષ્ટ્રના પ્રદેશ માટે એક સીમાચિહ્નરૂપ વિકાસમાં વધુ એક મેમોરેન્ડમ,બાયોસેફ્ટી લેવલ ૩ (બીએસએલ-૩) લેબોરેટરીના નિર્માણ માટે એઈમ્સ રાજકોટ અને પીએસયુ કંપની એચએલએલ લાઈફકેર એલ.ટી.ડી. વચ્ચે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. પ્રધાનમંત્રી આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર હેઠળ અંદાજે ૧૪ કરોડની અંદાજપત્રીય ફાળવણી સાથે આ સુવિધા ૧૮ મહિનાની અંદર સ્થાપિત કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે,એમ.ઓ.યુ રાજકોટ એઈમ્સના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો.ડો.કર્નલ સી.ડી.એસ કટોચ વતી ડેપ્યુટી ડિરેક્ટર એડમિન કર્નલ પુનીતકુમાર અરોરા અને વિભાગના વડા ડો. કર્નલ અશ્વિની અગ્રવાલે હસ્તાક્ષર કર્યા હતા. માઈક્રોબાયોલોજીના અને વાયરસ રિસર્ચ એન્ડ ડાયગ્નોસ્ટિક લેબોરેટરી (વી.આર.ડી.એલ.) અને બીએસએલ-૩ લેબોરેટરીના પ્રિન્સિપલ ઈન્વેસ્ટિગેટર (પીઆઈ) એચ.એલ.એલ. લાઈફ કેર એલ.ટી.ડી.નું પ્રતિનિધિત્વ કરતા સબરીનાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.આ મહત્વપૂર્ણ ઘટના એઈમ્સ રાજકોટ અને સમગ્ર

(અનુ. આઠમા પાને)

# ક્રાંતિવીર મંગલ પાંડેની જન્મ જયંતિએ પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરતા મેયર નયનાબેન પેઢડીયા





## ધારાસભ્ય ડો.દર્શિતા શાહ, નરેન્દ્રસિંહ જાડેજા, મનીષ રાડીયા સહિતના આગેવાનોની કાર્યક્રમમાં ઉપસ્થિતિ

અબતક, રાજકોટ

ક્રાંતિવીર શ્રી મંગલ પાંડેનું નામ 'ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં અગ્રણી યોદ્ધા તરીકે આદરપૂર્વક લેવામાં આવે છે, તેમના દ્વારા શરૂ કરવામાં આવેલી ક્રાંતિની જ્યોતથી બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની હચમચી ગઈ હતી. મંગલ પાંડેની શહીદીએ ભારતમાં પ્રથમ ક્રાંતિના બીજ વાવ્યા હતા. ભારતની આઝાદીની પહેલી લડાઈ એટલે કે ૧૮૫૭નો સ્વતંત્રતા સંગ્રામ તેમના જ વિદ્રોહથી શરૂ થયો હતો.ક્રાંતિવીર શ્રી મંગલ પાંડેની આજે ૧૯૭મી જન્મજયંતિ નિમિતે તેઓની બ્રહ્મકુંજ સોસાયટી ગાર્ડનમાં આવેલ પ્રતિમાને રાજકોટ મહાનગરપાલિકાના પદાધિકારીઓ, કોર્પોરેટરઓ અને હોદેદારઓ પુષ્પાંજલિ અર્પણ કરી, મસ્તક નમન અને પ્રણામ કર્યા.

અંગ્રેજોના શાસનકાળ દરમિયાન

(અનુ. આઠમા પાને)

અભૂતપૂર્વ સિદ્ધીઓ સાથે પોર્ટ્સનું અદ્ભૂત પ્રદર્શન

# અદાણી પોર્ટે એક જ દિ'માં ૪૫ જહાજોનું સંચાલન કરી રેકોર્ડ બનાવ્યો


## એક ક્વાર્ટરમાં ૫૧.૨ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલ કરનાર દેશનું પ્રથમ પોર્ટ બનતું 'અદાણી'

અબતક, રાજકોટ

અદાણી પોર્ટ મુન્દ્રા અભૂતપૂર્વ સિદ્ધિઓ હાંસલ કરી ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી રહ્યું છે. જૂન૨૦૨૪માં કંપનીએ વિવિધ વિક્રમોની વણજાર સર્જી છે.કાર્ગો હેન્ડલિંગ,કન્ટેનર રેક હેન્ડલીંગ, અને મરીન ઓપરેશન્સમાં અભૂતપૂર્વ સીમાચિહ્નો હાંસલ કરનાર મુંદ્રા પોર્ટ ભારતનું એકમાત્ર પોર્ટ બની ગયું છે. જૂન ૨૦૨૪માં અદાણી

### કાર્ગો હેન્ડલિંગમાં નવો બેન્ચમાર્ક

મુંદ્રા પોર્ટે FY25 ના Q1 માં 51.2 મિલિયન મેટ્રિક ટન (MMT) ઐતિહાસિક કાર્ગો હેન્ડલિંગ કરી નવો બેન્ચમાર્ક સેટ કર્યો છે.ભારતમાં એક ક્વાટરમાં આટલો કાર્ગો હેન્ડલ કરનાર પ્રથમ પોર્ટ.તે દેશના લોજિસ્ટિક્સ અને વેપાર ક્ષેત્રોમાં મુન્દ્રા પોર્ટની મુખ્ય ભૂમિકા દર્શાવે છે.



પોર્ટ્સ મુંદ્રાએ સૌથી વધુ ૧,૫૯૪ કન્ટેનર ટ્રેન(૧.૬૮ લાખ કન્ટેનર) હેન્ડલ કરીને અભૂતપૂર્વ સિદ્ધિ હાંસલ કરી છે. આ અસાધારણ કામગીરીમાં કુલ ૩૩ ટ્રેનો દ્વારા સંચાલિત ૩,૯૫૪ ઝઊઅત સાથે

(અનુ. આઠમા પાને)

સુરતના ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા લેખિત

# "ડાયમંડ્સ આર ફોર એવર સો આર મોરલ્સ" બુકનું વિમોચન






તસવીરઃ દર્શન વાડોલિયા

## બુકમાં સત્ય પ્રેમ અને કરૂણા બધી જ કથાઓનું વર્ણન

અબતક, રાજકોટ

સુરતના ઉદ્યોગપતિ ગોવિંદભાઈ ધોળકિયા લેખિત આત્મકથા ગ્રંથ ગરીમા સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ગોવિંદભાઈ ધોળકિયાએ પોતાની ઓટો બાયોગ્રાફી લખી છે. છેલ્લા ૪૦ વર્ષથી રોજબરોજની કાર્યપદ્ધતિની ડાયરી લખતા હતા. કોરોના સમયમાં પોતાની ડાયરી નો ઉપયોગ કરી ડાયમંડ્સ આર ફોરએવર સો આર મોરલ્સ બુક લખી. બુકમાં સત્ય પ્રેમ અને કરુણા બધી જ કથાઓનું વર્ણન કરવામાં આવ્યું છે. લોકોને ખૂબ માર્ગદર્શન મળશે અને વાંચવાનો આનંદ મળશે. દુધાળા, ગામડિયો ગોવિંદ, ઈન્ટરનેશનલ, ઈન્ડસ્ટ્રીયલ બધા જ પ્રસંગોનું વર્ણન કરવામાં આવ્યું છે. બુકમાં બધા જ પ્રસંગો ખૂબ સારા છે. ગીતાજીનો મને સહયોગ થયો અને સમાધિ અવસ્થા થઈ. ભાગવત સપ્તાહમાં સમાધિ અવસ્થા થઈ. મારા ગામમાં રાજુમાના આશીર્વાદ મારા ઉપર વરસી પડ્યા. સંતોએ કીધુંકે તારું અભરે ભરાશે આ બધી કથા ખૂબ જ ઈમોશનલ છે. સંતો મહંતો,સામાજિક અને રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

### બુકમાં સત્ય પ્રેમ અને કરૂણાની વારંવાર છણાવટઃ ગોવિંદભાઈ ધોળકિયા



અબતક સાથેની વાતચીતમાં ગોવિંદભાઈ ધોળકિયાએ જણાવ્યું હતું કે બુકમાં મારા અનુભવો લખ્યા છે જેમાં બે વર્ષના કોરોના કાળ સમયમાં આ બુક લખી છે હું દરરોજ ડાયરી લખતો તે ડાયરી એ મને બુક લખવા માટે ખૂબ જ મદદ કરી છે જેમાં સત્ય પ્રેમ કરુણાનો ભારોભાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે દુધાળા થી માંડીને ગામડિયો ગોવિંદ થી લઈ આંતરરાષ્ટ્રીય સુધીની સફરને મઠારવામાં આવી છે રાજુબાના આશીર્વાદ સહિતના ભાગો ખૂબ જ લાગણીસભર કરી દે એવા છે બુકના વિમોચન થી ખૂબ જ આનંદની લાગણી થાય છે હું સૌને એક જ સંદેશો આપી કરભાલા તો હો ભલા સત્યના પંથે સૌ કોઈ જીવન જીવવું જોઈએ.

# ચાંદીપુરા વાયરસને નાથવા ખૂદ સીએમ સક્રિય: તાકિદની બેઠક



## વાયરલ એન્કેફેલાઈટીસના હોવાનું પ્રાથમિક તબક્કે તારણ: લાઈન ઓફ ટ્રીટમેન્ટની ગાઈડલાઈન બહાર પાડવામાં આવશે



**અબતક, રાજકોટ**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં વાયરલ એન્કેફેલાઈટીસ વાઈરસના શંકાસ્પદ કેસો અંગે રાજ્ય સરકારના આરોગ્યતંત્ર દ્વારા લેવાયેલા રોગચાળા નિયંત્રણ પગલાંઓ અને રોગ નિવારણ માટેની સઘન કામગીરીની ઉચ્ચ સ્તરીય સમીક્ષા આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની ઉપસ્થિતિમાં હાથધરી હતી.

આ શંકાસ્પદ વાયરલ એન્કેફેલાઈટીસ વાઈરસનો પ્રથમ કેસ ૨૭ જૂનના રોજ રાજસ્થાન ઉદેપુરના એક દર્દી ગુજરાતમાં હિંમતનગર મેડિકલ કોલેજ ખાતે દાખલ થતા મળી આવ્યો હતો. હાલ રાજ્યમાં ૧૮ જુલાઈ ૨૦૨૪ ની સ્થિતિએ ગુજરાત રાજ્યના ૩૦ સહિત કુલ ૩૩ શંકાસ્પદ કેસો વાયરલ એન્કેફેલાઈટીસના મળી આવ્યા છે.

જેમાં કુલ ૧૬ મૃત્યુ નોંધાયા છે.સેમ્પલને ચાંદીપુરા વાયરસની પુષ્ટિ માટે પુના મોકલવામાં આવ્યા હતા. જેમાંથી ૭ સેમ્પલના પરિણામ આવ્યા છે.

જેમાં ૬ સેમ્પલ ચાંદીપુરા વાયરસ માટે નેગેટીવ અને ફક્ત એક જ સેમ્પલ પોઝીટીવ નોંધાયો છે.

રાજ્યના આરોગ્ય તંત્રએ ચાંદીપુરા અને વાયરલ એન્કેફેલાઈટીસના વેક્ટર નિયંત્રણ અને

(અનુ. આઠમા પાને)



તસવીર: શૈલેષ વાડોલિયા

# મનગમતા ભરથારની મનોકામના પૂર્ણ કરતું કુમારીકાઓનું વ્રત જયા પાર્વતી

**અબતક-રાજકોટ**

અષાઢ મહિનાના સુદ પક્ષની તેરસ તિથિ એ દેવી પાર્વતીને પ્રસન્ન કરવા જયા પાર્વતી વ્રત રાખવામાં આવે છે. આ વ્રતથી માતા પાર્વતીના આશીર્વાદથી ભાવી ભરથાર મનગમતો મળે તે માટે તેમજ અખંડ સૌભાગ્યવતીના આશીર્વાદ પ્રાપ્ત થાય છે. એવી માન્યતા છે કે જયા પાર્વતી વ્રતમાં ભગવાન શિવની કૃપાથી વરદાન મળે છે. માતા શિવ પાર્વતી નું પૂજન કરવામાં આવે છે ખાસ કરીને આ વ્રત કુમારીકાઓ રહેતી હોય કે માન્યતાઓ અનુસાર આ વ્રત ૫ દિવસ સુધી ચાલે છે આ વ્રત માં મીઠા વગરનું જમવાનું હોય છે તેમજ ફળ ફ્રૂટ નો આહારમાં લેવાનો હોય છેપાંચ દિવસના વ્રત બાદ રાત્રીના જાગરણ કરવા ને પ્રભુ શિવની આરાધના કરવામાં આવે છે







# જિલ્લામાં ૫.૧૨ લાખ હેક્ટરમાં વાવેતર

## મગફળી પાકનુ ૨.૬૬ લાખ હેક્ટરમાં જ્યારે કપાસ પાકનું ૧.૮૧ લાખ હેક્ટરમાં વાવેતર થયુ

**અબતક, રાજકોટ**

રાજકોટ જિલ્લામાં ચોમાસાની સીઝનમાં ખરીફ પાકોનું સામાન્ય રીતે વાવેતર ૫.૩૨ લાખ હેક્ટર હોય છે. જેમાંથી આ વખતે ૫,૧૨,૨૫૧ વાવેતર થયુ છે. છેલ્લા ૩ વર્ષની સરેરાશ જોઈએ તો રાજકોટમાં સૌથી વધુ ૬૩,૬૧૧ તો જસદણમાં ૬૦,૫૪૨ હેક્ટર વાવેતર થાય છે. રાજકોટ શહેરમાં વરસાદ ઓછો પડી રહ્યો છે, પરંતુ ગ્રામ્ય વિસ્તારોમાં અને તાલુકાઓમાં વરસાદ પડતા ખેત પાકોને ફાયદો થયો છે. તેને કારણે જૂન માસથી અત્યાર સુધીમાં ચોમાસાની સીઝનમાં વાવેતરનો ૯૬% જેટલો ટાર્ગેટ પૂર્ણ થઈ ગયો છે. જેથી જે દિવસોમાં વરસાદ પડ્યો તે ખેત પાકોના ઉત્પાદન માટે ઉપયોગી નીવડ્યું હોવાનું જિલ્લા ખેતીવાડી અધિકારીએ જણાવ્યું હતું. રાજકોટ જિલ્લામાં ખરીફ સિઝનનું વાવેતર ૫.૩૨ લાખ હેક્ટર જેટલું છે. જેમાં મગફળી, કપાસ, સોયાબીન અને



શાકભાજી- ઘાસચારાનુ વાવેતર મુખ્ય છે. મગફળી પાકનુ ૨.૬૬ લાખ હેક્ટરમાં વાવેતર થયું છે, જ્યારે કપાસ પાકનું ૧.૮૧ લાખ હેક્ટરમાં વાવેતર થયુ છે. ગતવર્ષની તુલનામાં સોયાબીનના પાકમાં ૬૭ ટકાનો વધારો થયો છે. જેમાં રોગ-જીવાતના પ્રશ્નો ઓછા આવતા હોવાથી સોયાબીનનું વાવેતર કરવાનું લોકો વધુ પસંદ કરે છે. ઉપરાંત કપાસના પાકમાં ગત વર્ષ કરતા ૨૬ ટકા જેટલો ઘટાડો જોવા મળ્યો છે. ગત વર્ષે કપાસના પાકના વાવેતરમાં ઘટ જોવા મળી હતી. ગુલાબી ઈયળનો ઉપદ્રવ અને વરસાદ પાછો ખેંચાયો હતો, તેના કારણે કપાસના ઉત્પાદનમાં ઘટાડો જોવા મળ્યો હતો. જ્યારે રાજકોટ જિલ્લામાં નવા પાકોમાં સોયાબીનનુ ઉત્પાદન વધી રહ્યું હોય તેવું જોવા મળી રહ્યું છે. રાજકોટ જિલ્લાના ૯૬ ટકા જેટલા વિસ્તારોમાં ખરીફ પાકોનું વાવેતર થઈ ચૂક્યું છે, જ્યારે ૪ ટકા જેટલું જ વાવેતર બાકી છે.

# પ્રદેશ કોંગ્રેસ દ્વારા આંતરિક લોકતાંત્રિક ચૂંટણી પંચની રચના

## સભ્ય તરીકે બાલુભાઈ પટેલ, અમીબેન યાજ્ઞિક, સંજયભાઈ અમરાણી, પાર્થિવરાજ કઠવાડિયા અને એસ. એ. કાદરીનો સમાવેશ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિમાં એક તટસ્થ અને પૂર્ણ સત્તા સાથેનું આંતરિક લોકતાંત્રિક ચૂંટણી પંચ બનાવવામાં આવ્યું છે. ચોક્કસ મતદાર મંડળમાંથી કોઈ નિર્ણય કરવાનો હોય ત્યારે એ મતદાર મંડળના મતદાતાઓ-કાર્યકર્તાઓનો જે અભિપ્રાય હોય તે અભિપ્રાય સ્પષ્ટ અને ખાનગી રીતે રજૂ થાય અને તે અભિપ્રાય મુજબ જ નિર્ણય થાય તેવી ભાવના સાથે આંતરિક લોકશાહીને વધુ મજબૂત બનાવવા માટે પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા પાંચ સભ્યોનું બનેલું આંતરિક લોકતાંત્રિક ચૂંટણી પંચ આજે બનાવવામાં આવ્યું છે.

આ પંચના પાંચ સભ્યોમાં બાલુભાઈ પટેલ, અમીબેન યાજ્ઞિક, સંજયભાઈ અમરાણી, પાર્થિવરાજ કઠવાડિયા અને શ એસ. એ. કાદરીનો સમાવેશ કરાયો છે. આ પાંચ વ્યક્તિઓનું બનેલું આંતરિક લોકતાંત્રિક ચૂંટણી પંચ એ સંપૂર્ણ સ્વાયત રહેશે અને તેઓના નિર્ણયમાં પ્રદેશ પ્રમુખ સહિત કોઈપણ વ્યક્તિ હસ્તક્ષેપ નહીં કરે તેમ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું છે. કોંગ્રેસ પક્ષના બંધારણમાં પણ પક્ષની અંદર પણ આંતરિક લોકશાહીની પૂરેપૂરી જોગવાઈ કરવામાં આવી છે અને આંતરિક લોકશાહીને અનુમોદન આપવામાં આવ્યું છે.

# બાબરાના નોંધણવદર ગામે રાજકોટના પ્રૌઢને યુવાને માર માર્યો

## પાળીયાદ ગામે યુવતીને મહિલા સહિત બે શખ્સોએ લમધાર્યો

**અબતક,રાજકોટ**

રાજકોટ શહેરના હરિધવા રોડ અયોધ્યા સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા પ્રૌઢને બાબરા તાલુકાના નોંધણવદર ગામે શોભનાબેનની વાડીમાં હતા ત્યારે પ્રતાપ નામના શખ્સે ઝઘડો કરી માર મારતા પ્રૌઢને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.જ્યારે અન્ય બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ બાબરા તાલુકાના મોટા પાળીયાદ ગામે રહેતી મહિલાને ગત રોજ સવારના અગિયાર વાગ્યાના અરસામાં એક મહિલા સહિત બે શખ્સોએ ઝઘડો કરી માર મારતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથધરી છે.

પોલીસમાંથી પ્રાપ્ત વિગત મુજબ, શહેરના હરિધવા રોડ અયોધ્યા સોસાયટી શેરી નંબર ૪ માં રહેતા હસુભાઈ પરસોત્તમભાઈ પીપળીયા (ઉં.વ.૫૫) નામના પ્રૌઢને બાબરા તાલુકાના નોંધણવદર ગામે શોભનાબેનની વાડીમાં હતા ત્યારે પ્રતાપ નામના શખ્સે ઝઘડો કરી માર મારતા પ્રૌઢને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે બાબરા પોલીસને જાણ કરતા પોલીસે હોસ્પિટલ પહોંચી જરૂરી તપાસ હાથ ધરી છે.જ્યારે અન્ય બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ,બોટાદ તાલુકાના મોટા પાળીયાદ ગામે રહેતા પૂજાબેનને ગત રોજ સવારના અગિયાર વાગ્યાના અરસામાં જયંતીભાઈ અને રેખાબેનએ ઝઘડો કરી માર મારતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.બનાવ અંગે હોસ્પિટલ ચોકીના સ્ટાફે પાળીયાદ પોલીસને જાણ કરતા પોલીસે બનાવની વધુ તપાસ હાથધરી છે.

# વિંછીયામાં બી.આર.સી. ભવનનું ખાતમુહુર્ત કરતા મંત્રી કુંવરજી બાવળીયા

## ૧૫ હજાર વિદ્યાર્થીઓ અને ૭૦૦ જેટલા શિક્ષકોનો શૈક્ષણિક ગુણવત્તામાં થશે વધારો

**અબતક, રાજકોટ**

રાજ્યના જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે વિંછીયા તાલુકામાં અનેકવિધ લોકાર્પણ અને ખાતમુહૂર્તનો કાર્યક્રમ યોજાયો હતો. જે અંતર્ગત તાલુકા પંચાયત કચેરીની બાજુમાં રેવાણીયા રોડ વિંછીયા ખાતે રૂ ૧.૨૭ કરોડના ખર્ચે બનનારા બી.આર.સી. ભવનનું ખાતમુહૂર્ત મંત્રી કુંવરજીભાઈ બાવળિયાના હસ્તે કરવામાં આવ્યું હતું.

આ તકે મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં તૈયાર થયેલી શિક્ષણ નીતિ - ૨૦૨૦ મુજબ દેશનું શિક્ષણ એક નવી વૈચારિક ક્રાંતિ સાથે બદલાઈ રહ્યું છે. ત્યારે વિંછીયા તાલુકાને શિક્ષણના નવા આયામોનો લાભ મળવાનો છે. જેના ભાગરૂપે વિંછીયા તાલુકામાં વિજ્ઞાન પ્રવાહની શાળા, બી.આર.સી ભવન, આઈ.ટી.આઈ, વિજ્ઞાન પ્રવાહની



કોલેજ તથા કોમર્સ અને આર્ટસ પ્રવાહની કોલેજો પણ શરૂ થવા જઈ રહી છે.

જેથી જસદણ-વિંછીયા તાલુકાના વિદ્યાર્થીઓને ઘરઆંગણે જ અભ્યાસ કરવાની અનેક તકો મળી રહેશે. નજીકના ભવિષ્યમાં વિંછીયા જી.આઈ.ડી.સી. શરૂ થતા વિદ્યાર્થીઓ વ્યવસાયિક, શૈક્ષણિક અને આર્થિક રીતે સધ્ધર બની શકશે .રૂ.૧.૨૭ કરોડના ખર્ચે બનનારૂ આ બી.આર.સી ભવન વિંછિયા તાલુકાના આશરે ૧૫ હજાર બાળકો અને અંદાજીત ૭૦૦ શિક્ષકોના શૈક્ષણિક અને ગુણવત સજ્જતા માટે ખુબ જ મહત્વનું બની રહેશે. સમગ્ર તાલુકાની ૮૩ પ્રાથમિક શાળાઓ અને ૧૫ સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાનુ માર્ગદર્શન અને મોનીટરીંગ અહીંથી થઈ શકશે. તાલુકાના દિવ્યાંગ બાળકોના વિશેષ શિક્ષણ માટે સ્પેશ્યલ એજ્યુકેટર દ્વારા તાલુકા રીસોર્સ રૂમ દ્વારા ફિઝીયોથેરાપી સહાય પુરી પાડવામાં આવશે.

તાલુકા કક્ષાના કાર્યક્રમો જેવા કે બાળ વૈજ્ઞાનિક પ્રદર્શન, કલા ઉત્સવ, રમતોત્સવ, યુવા મહોત્સવ વગેરે સહ શૈક્ષણિક પુરૂ પાડવામાં આવશે. તાલુકાની તમામ શાળાની કમ્પ્યુટર લેબ તથા જ્ઞાનકુંજ સ્માર્ટ ક્લાસમાં જોડાયેલા બાળકો સાથે તાલુકા વિદ્યા સમીક્ષા કેન્દ્ર મારફત લાઈવ સંવાદની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે.

બી.આર.સી ભવનના ખાતમુહૂર્ત પ્રસંગે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દિક્ષિત પટેલ, બી.આર.સી હિતેશભાઈ ખલ્યાણી, તાલુકા વિકાસ અધિકારી બ્રિજેશભાઈ પરમાર, તાલુકા શિક્ષણ અધિકારી રમેશભાઈ વાછાણી, વિવિધ ગામના સરપંચો, શિક્ષકઓ તથા ગ્રામજનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૦૮માં નંદ ઘેર આનંદ ભયો

# જોડિયા બાળકની જન્મદાતા અને માતૃત્વની વાહક બનતી ૧૦૮ સેવા

**અબતક, રાજકોટ**

વરસતા વરસાદમાં વીજળીના કડાકા વચ્ચે બાળકના મીઠા રૂદનની ટાઢકની અનુભૂતિ આજે ૧૦૮ એમ્બ્યુલન્સમાં જોવા મળી હતી. જેવી રીતે વરસતા વરસાદમાં ભગવાન શ્રી કૃષ્ણનો જન્મ નંદની ઘરે થયો હતો તેવી જ રીતે આજે વહેલી સવારે ૫:૩૩ વાગ્યે ગોંડલ તાલુકાના હડમતાળા ગામમાં સગર્ભા માતાને પ્રસુતિની પીડા ઉપડતાં ૧૦૮ સેવા દ્વારા જોડિયા બાળકોનો જન્મ સ્ટાફની કુનેહથી કરાવી માતાને દર્દમુક્ત કરાઈ હતી. આ અંગે ૧૦૮ ના પ્રોજેક્ટ ડાયરેક્ટર ચેતન ગાધેએ જણાવ્યું હતું કે, અનેક કિસ્સામાં પ્રસુતાની હાલત ગંભીર હોય તેવા કિસ્સામાં હોસ્પિટલ પહોંચે તે પહેલા જ સગર્ભાની પ્રસુતિ ૧૦૮ માં કરાવવવાની ફરજ



પડતી હોય છે. આ કિસ્સામાં પણ હડમતાળા ગામમાં સગર્ભા માતાને એમ્બ્યુલન્સ લઈ જતાં હતાં એ દરમિયાન સગર્ભા માતાને અસહય પીડા ઉપડતાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાનાં ફરજ ઉપર ના ઈ.એમ.ટી અલ્પેશ આહીર અને પાઈલોટ દેવરાજભાઈ ચૌહાણે તપાસ કરતાં જાણ્યું કે મહિલાની સ્થિતિ નાજુક હતી અને પ્રસૂતિ એમ્બ્યુલન્સ માં જ કરવી પડે એવી સ્થિતિ છે. સગર્ભા માતાની પ્રસૂતિની પ્રક્રિયા હાથ ધરી એક પછી એક એમ ૧૦ મિનિટના અંતરમાં જોડિયા બાળકોનો જન્મ ચાલુ વરસાદમાં એમ્બ્યુલન્સમાં જ સફળ રીતે કરવામાં આવ્યો.ત્યારબાદ ૨૮ વર્ષીય સગર્ભા માતા રૂબીબેન રાજેશભાઈ અને તેમના જોડિયા બાળકોને પ્રાથમિક સારવાર આપી રાજકોટ ઝનાના હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતાં. અહીં ફરજ ઉપરના ડો.મેઘાએ સગર્ભા માતા અને નવજાત જોડિયા બાળકો સંપૂર્ણ સ્વસ્થ હોવાની પુષ્ટિ કરી હતી.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી પરિસરમાં વૃક્ષ ધરાશાયીઃ સદનસીબે જાનહાની ટળી



**અબતક, રાજકોટઃ** છેલ્લા બે થી ત્રણ દિવસમાં ભારે પવનને શહેરના અનેક વિસ્તારોમાં વૃક્ષો પડવાના બનાવો બન્યા હતાસૌરાષ્ટ્ર યુનિવર્સીટી ખાતે બપોરે રોડ પર એક વૃક્ષ ધરાશાયી થયું હતું. જેના કારણે રોડ બંધ થઈ ગયો હતો.સદનસીબે કોઈ વિદ્યાર્થી કે સ્ટાફ ત્યાં હાજર ન હોવાથી મોટી જાનહાનિ ટળી હતી. ફાયરની ટીમે સ્થળ પર પહોંચી વૃક્ષ ખસેડવાની કામગીરી શરૂ કરી હતી.

# માઈક્રોસોફ્ટનું સર્વર ડાઉન થતા હજારો ફ્લાઈટ ઠપ્પઃ બેંકના કામો અટકાવાયા

## ભારતમાં હવાઈ મુસાફરી સેવાઓ પૂરી પાડતી ત્રણ એરલાઇન કંપનીઓના સર્વરમાં મોટી ટેકનિકલ ખામીઓ આવી

**અબતક, રાજકોટ**

માઈક્રોસોફ્ટ વિન્ડોઝમાં ટેકનિકલ ખામીને કારણે સમગ્ર વિશ્વમાં બેંકિંગ સેવાઓ અને ફ્લાઈટ સેવાઓ પણ પ્રભાવિત થઈ છે. વિશ્વભરના વિન્ડોઝ વપરાશકર્તાઓ તેમના ઉપકરણો પર બ્લુ સ્ક્રીન જોવા મળી રહી છે, જેના પર એરર લખેલું છે . વિન્ડોમાં ખામીને કારણે સુપરમાર્કેટ, બેંકિંગ કામગીરી, શેરબજાર ખરાબ રીતે પ્રભાવિત થયા છે. અમેરિકામાં ત્રણ એરલાઈન કંપનીઓએ તેમના તમામ વિમાનોને ગ્રાઉન્ડ કરી દીધા છે. ભારતમાં એરલાઈન્સ સેવા પણ ખોરવાઈ ગઈ છે. માઈક્રોસોફ્ટ આઉટેજને કારણે માત્ર એરલાઈન્સ અને બેન્કિંગ સેવાઓ જ પ્રભાવિત નથી થઈ, પરંતુ ઘણી મોટી મીડિયા સંસ્થાઓમાં કામ પણ ઠપ થઈ ગયું છે. અમેરિકાના ઘણા




રાજ્યોમાં ઈમરજન્સી સેવા ૯૧૧ ખોરવાઈ ગઈ છે. લોકોએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર વિન્ડો ક્રેશ થવાની તસવીરો શેર કરી છે. ભારતમાં હવાઈ મુસાફરી સેવાઓ પૂરી પાડતી ત્રણ એરલાઇન કંપનીઓના સર્વરમાં મોટી ટેકનિકલ ખામીઓ આવી છે. ઈન્ડિગો, અકાસા એર અને સ્પાઈસજેટ એરલાઈન્સે વિશ્વના ઘણા એરપોર્ટ પર વેબ ચેક-ઈનમાં સમસ્યાનો સામનો કરવો પડ્યો છે. જેના કારણે મુંબઈ, બેંગ્લોર અને દિલ્હી સહિત દેશના અનેક એરપોર્ટ પર મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. અક્ષા એરે મુસાફરોને કહ્યું છે કે તેઓ એરપોર્ટ પર મેન્યુઅલ ચેક-ઈન અને બોર્ડિંગની સુવિધા આપી રહ્યા છે. ઑસ્ટ્રેલિયા તે દેશોમાંથી એક છે જ્યાં માઈક્રોસોફ્ટ વિન્ડોઝની ખામીની સૌથી વધુ અસર જોવા મળી છે. કટોકટીની અસર વૂલવર્થ સુપરમાર્કેટ પર પણ જોવા મળી છે, જ્યાં ચેકઆઉટ સિસ્ટમ ક્રેશ થઈ ગઈ છે. ઘણા ગ્રાહકોએ ફરિયાદ કરી છે કે તેમનું કાર્ડ કામ કરતું નથી. પોલીસ તંત્ર પણ કામે લાગી ગયું છે.

હેડિંગઃ અમેરિકામાં ત્રણ એરલાઈન્સે ફ્લાઈટ બંધ કરી

અમેરિકામાં યુનાઈટેડ, ડેલ્ટા અને અમેરિકન એરલાઈન્સે કહ્યું છે કે જે વિમાનો હાલમાં ઉડી રહ્યા છે અને હવામાં છે તે તેમની મુસાફરી પૂર્ણ કરશે. પરંતુ હાલ તમામ ફ્લાઈટ પર પ્રતિબંધ છે. ઈઝરાયેલમાં સેન્ટ્રલ બેંકનું કામ પણ પ્રભાવિત થયું છે. તેવી જ રીતે હોંગકોંગ એરપોર્ટ પર પણ આઉટેજની અસર જોવા મળી છે.

# બુલેટ ટ્રેનના ૮માંથી પાંચ સ્ટેશનની રેલ લેવલ સ્લેબની કામગીરી પૂર્ણ

## અમદાવાદથી મુંબઇ વચ્ચે બુલેટ ટ્રેન પ્રતિ કલાક ૩૨૦ કિલોમીટરની ઝડપે દોડશે

**અબતક, અમદાવાદ**

અમદાવાદથી મુંબઇ વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેનની કામગીરી પૂર્ણ કરવા અસાધારણ ઝડપથી કામ થઈ રહ્યું છે. ગુજરાતમાં આવતા ૮ સ્ટેશનનું ફાઉન્ડેશન કામ પૂર્ણ થઈ ગયું છે. ૮માંથી ૫ સ્ટેશનની રેલ લેવલ સ્લેબની કામગીરી પણ સંપૂર્ણ થવા પામી છે. જેમાં અમદાવાદ, વાપી, બીલીમોરા, સુરત અને આણંદનો સમાવેશ થાય છે. વાપી અને બીલીમોરા વચ્ચે કોલક નદી ઉપર ૧૬૦ મીટર લાંબા પુલની કામગીરી ૧૨ જુલાઈએ જ પૂર્ણ કરાઈ છે. બુલેટ ટ્રેનનો પ્રોજેક્ટ ૨૦૧૭માં શરૂ કરાયો હતો પરંતુ રાજકીય અને જમીન સંપાદન સહિતના અવરોધના લીધે ૮ વર્ષે પણ હજુ ગુજરાત અને મહારાષ્ટ્રમાં રેલ કોરિડોરની તમામ કામગીરી પૂર્ણ થઈ નથી.

જો કે ૨૦૨૬માં ગુજરાતના સુરત અને બીલીમોરા વચ્ચે ટ્રેનનો ટ્રાયલ રન કરી દોડાવવા ભરપૂર તૈયારી ચાલી રહી છે. જેના ભાગરૂપે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા જાપાનના તાંત્રિક કૌશલ્યના સહયોગથી પૂરઝડપે કામગીરી ચાલી રહી છે. અમદાવાદથી મુંબઈ વચ્ચેના ૫૦૮ કિલોમીટરના રૂટમાં કુલ ૧૨ સ્ટેશન આવે છે. જેમાં ગુજરાતમાં સાબરમતી, અમદાવાદ, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, બીલીમોરા અને વાપીનો સમાવેશ થાય છે. જ્યારે મહારાષ્ટ્રમાં ચાર સ્ટેશન આવે છે. ગુજરાતમાં ૮ સ્ટેશનની કામગીરીનું ફાઉન્ડેશન કામ પૂર્ણ થઈ ગયા બાદ સુપર સ્ટ્રક્ચરના બાંધકામની કામગીરી પણ એડવાન્સ સ્ટેજમાં ચાલી રહી છે.ગુજરાતમાં જે સ્ટેશન બનાવાયા છે તે થીમ આધારીત હોવા સાથે ટ્રાન્સપોર્ટ હબ બને તે રીતે વિકસાવાયા છે. અમદાવાદથી મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન પ્રતિ કલાક ૩૨૦ કિલોમીટરની ઝડપે દોડશે.

# લોધીકાઃચીભડા ગામે તળાવમાં ડૂબી જતા યુવકનું મોત

## મામાના ઘરે આટો મારવા આવેલા ભાણેજ મિત્રો સાથે નાહવા ગયો હતો

**અબતક-રાજકોટ**

લોધિકા તાલુકાના હરીપર-તરવડા ગામ વચ્ચે આવેલા રાદડીયા તળાવમાં ન્હાવા પડેલા મૂળ ગોંડલને હાલ મેટોડા રહેતા યુવાનનું ડૂબી જવાથી મૃત્યુ થયું હતું. મૃતક લોધીકાના ચીભડા ગામે રહેતા મામાના ઘરે આંટો મારવા ગયો હતો ત્યાં મિત્રો સાથે તળાવમાં નહાવા ગયો હતો.બનાવથી ગોંડલ, મેટોડા અને ચીભડા ગામમાં શોક ફેલાયો છે.પ્રાપ્ત વિગતો મુજબ મૂળ ગોંડલ રહેતા અને રોજીરોટી માટે મેટોડામાં, શ્રીરામ હોસ્પિટલ પાછળ ભાડેથી રહેતા આશાસ્પદ યુવાન કરણભાઈ દિલીપભાઈ ડાભી (ઉ.૨૨) આજે લોધિકા તાલુકાના ચીભડા ગામે રહેતા મામા દેવજીભાઈ વાઘજીભાઈ પરમારના ઘરે આંટો મારવા ગયો હતો.દરમિયાન ચીભડામાં જુના મિત્રો મળી જતા મામા દેવજીભાઈનો પુત્ર એમ બંને ભાઈઓ અન્ય બે મિત્રો મળી ચાર જણા હરીપર - તરવડા વચ્ચે આવેલા રાદડીયા તળાવમાં ન્હાવા ગયા હતા. અહીં તળાવ પર હજુતો ચારેય મિત્રો તે સમયે કરણભાઈ પહેલા તળાવમાં પડતા તળાવમાં જેસીબીથી ખોદાયેલા ઊંડા ખાડામાં ગરક થઈ જતા કાંઠે ઉપસ્થિત મામાના દીકરા ભાઈ અને મિત્રોએ રાડારાડી કરી મૂકી હતી.બાદ સ્થાનિક લોકોએ રાજકોટ ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવતા મવડી ફાયર સ્ટેશન સ્ટાફના સ્ટેશન ઓફિસર સહિતના બનાવ સ્થળે દોડી જઈને મહા મહેનતે તળાવ માંથી યુવકને કાઢ્યો હતો પણ તેમને બચાવી શકાયા ના હતા.દેવજીભાઈ પરમારે વધુ માહિતી આપતાં કહ્યું હતુ કે ભાણેજ મેટોડામાં કારખાનામાં મજુરી કામ કરતો અને એકની એક બહેનનો એકનો એક ભાઈ હતો.

# વર્ગ-૩ના કર્મીઓને ૩૧ ઓગસ્ટ સુધી મિલકત પત્ર ભરવા તાકીદ

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકારના વર્ગ-૩ના કર્મચારીઓ અને ફિક્સ પગારના વર્ગ-૩ના તમામ કર્મચારીઓ માટે વાર્ષિક મિલકત પત્રક ઓનલાઈન ભરવાનું ફરજિયાત કરાયા બાદ હજુ સુધી કર્મચારીઓએ તે ન ભરતા ત્રીજી વખત ૩૧ ઓગસ્ટ સુધીની મુદત લંબાવાઈ છે. આ સમયમર્યાદામાં મિલકત પત્રકો ભરી દેવા માટે તાકીદ કરાઈ છે. સરકારે આ વખતે પ્રથમ વખત ફિક્સ પગારના કર્મીઓ માટે પણ તેમની પાસે ૨૦૨૩ના કેલેન્ડર વર્ષ દરમિયાન કેટલી મિલકત છે તેની જાણકારી માગી છે. પ્રથમ વાર ૧૫ મે સુધીની મુદત હતી, પરંતુ ચૂંટણી આચારસંહિતાના કારણે તે લંબાવી ૧૫ જુલાઈ કરાઈ હતી. જોકે, તે મુદત દરમિયાન પણ ટેકનિકલ ખામી સહિત અન્ય કારણથી અનેક કર્મીઓ તે ભરી શક્યા નથી. સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર મુજબ, વાર્ષિક મિલકત પત્રક ઓનલાઈન ભરવા માટે કર્મયોગી સોફ્ટવેરમાં યુઝર ઓનબોર્ડિંગ પ્રક્રિયામાં ટેકનિકલ ખામીઓ જણાઈ છે. તેના કારણે રજિસ્ટ્રેશન કરવાથી લઈ નંબર જનરેટ કરવામાં કર્મચારીઓને મુશ્કેલી પડી રહી છે. સરકારના વર્ગ-૩ના કર્મી અને નાણા વિભાગની ફિક્સ પગારની નીતિ હેઠળ જેમને નિમણૂક અપાઈ છે તેવા વર્ગ-૩ના તમામ કર્મીઓને જાન્યુઆરીથી ડિસેમ્બર-૨૦૨૩ સુધીના મિલકત પત્રકની વિગતો ભરવી ફરજિયાત છે. જીએડી દ્વારા દરેક ત્રીજા વર્ગના કર્મી અને વિભાગના સંવર્ગ અધિકારીને આ બાબતે નવી લંબાવેલી ૩૧ ઓગસ્ટ સુધીની મુદતમાં કામગીરી પૂર્ણ થઈ જાય તે માટે તાકીદ કરાઈ છે.

" ગુરૂ ગોવિન્દ દોઊ ખડે, काके लागूं पांय। बलिहारी गुरू अपने गोविन्द दियो बताय । "

# જગદીશ્વર મહાદેવના સાનિધ્યમાં ગુરૂપુર્ણિમા મહોત્સવ ઉજવાશે





**સવારે ૧૦ કલાકે શ્રી ઉદાસીગીરી મહારાજની અને પ.પૂ. સતગુરૂ શ્રી જગાબાપાની ચરણ પાદુકાનું પુજન**

**સાંજે ૫ કલાકે પૂ.શ્રી ભાવેશબાપુનું પુજનઃ ૭.૩૦ કલાકે શ્રી જગદીશ્વર મહાદેવની મહાઆરતી, ૮ કલાકે મહાપ્રસાદ અને રાત્રીના ૧૦ વાગ્યાથી લોકડાયરોઃ ભાવિકોને ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં પધારવા સ્નેહ નિતરતું આમંત્રણ**

**અબતક, રાજકોટ**

શિષ્યના અંતરના ઓરડામાં સતગુરૂ જ્ઞાનનું અજવાળુ પાથરે છે શિષ્યને ગાઢ અંધકારમાંથી દિવા ઉજાસ તરફ લઈ જવા માટે ગુરૂ દિવા દાંડીનું કામ કરે છે. ભકતજન કે શિષ્ય પોતાની ચામડીના જોડા બનાવી પહેરાવે તો પણ ગુરૂનું ઋણ ઉતારી શકતો નથી. આગામી રવિવારે સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં ભક્તિભાવ સાથે ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે. પાટડીના ઉદાસી આશ્રમ ખાતે પણ ગુરૂપૂર્ણિમા મહોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવશે. આશ્રમ ખાતે પધારતા શિષ્યોને રતિભાર પણ મુશ્કેલી ન પડે તેવું આયોજન કરવામાં આવી રહ્યું છે.

પાટડીના ઉદાસી આશ્રમ ખાતે આગામી રવિવારના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવની ભકિતસભર ઉજવણી માટે તડામાર તૈયારી ઓ ચાલી રહી છે. પ.પૂ. સતગુરૂ શ્રી ઉદાસીગીરી મહારાજ અને પ.પૂ. સંત શિરોમણી જગાબાપાની અસીમ કૃપાથી પ.પૂ. ભાવેશબાપુ તથા પ.પૂ. વૈભવબાપુના સાનિદયમાં ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે રવિવારે સવારે ૧૦ કલાકે પ.પૂ. સતગુરુ ઉદાસીગીર મહારાજ અને પ.પૂ. સતગુરુ જગાબાપાની ચરણ પાદુકાનું સવિશેષ પુજન કરવામાં આવશે સાંજે પાંચ કલાકે ઉદાસી આશ્રમના ગાદીપતિ પ.પૂ. ભાવેશબાપુની ચરણ પાદુકાનુ પુજન કરવામાં આવશે. સાંજે ૭.૩૦ કલાકે શ્રી જગદીશ્વર મહાદેવની મહાઆરતી કરવામાં આવશે. ભાવિકો માટે રાત્રે ૮ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. રાત્રે ભવ્યાતિભવ્ય લોકડાયરો પણ યોજાશે. જેમાં ગુજરાતના નામી કલાકારો ગુરૂ મહિમાના ગુણગાન રજુ કરશે.

પાટડીના ઉદાસી આશ્રમ ખાતે દર વર્ષ ગુરૂપૂર્ણિમાની શાનદાર અને ભકિતસભર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષ પણ ગુરૂપૂર્ણિમાની ઉજવણી કરવામાં આવશે જેમાં ભાવિકોને હોંશભેર સામે થવા સ્નેહ નિતરતું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

વર્ષમાં ગુરૂપૂર્ણિમાનો એક જ દિવસ એવો છે કે જયારે શિષ્ય ગુરૂનું ઋણ ચૂકવવાનો નમ્ર પ્રયાસ કરે છે. ગુરૂના ચરણોમાં શિશ ઝુકાવવા માટે વર્ષના તમામ ૩૬૫ દિવસ શુભ જ હોય છે. કારણ કે શિષ્યોને ઉંડા અંધકારમાંથી પરમ તેજ ગુરૂદેવ જ લઈ જાય છે.

કહેવાય છે કે સત્તગુરૂના ચરણોમાં અમારે રોજ રે દિવાળી નથી જોઈ અમે કયારેય રાત અંધારી ગુરૂપૂર્ણિમા મહોત્સવમાં સામેલ થઈ ગુરૂના ચરણોમાં શીશ ઝુકાવી પાવન થઈએ.









# સૌરાષ્ટ્રમાં મેઘો ઓળઘોળઃ સવારથી મેઘાવી માહોલ ૭ ઈંચ સુધી વરસાદ

## છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨ તાલુકામાં મેઘમહેરઃ સૌથી વધુ પોરબંદરમાં ૧૭ ઈંચ, કલ્યાણપુરમાં ૧૨ ઈંચ વેરાવળ-કેશોદ અને વથલીમાં ૧૦ ઈંચ જયારે માણાવદર, સુત્રાપાડામાં સાત ઈંચ વરસાદથી સર્વત્ર પાણી પાણી



## પ્રાચીનું માધવરાય મંદિર પાણીમાં ડુબ્યુ

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ગીર સોમનાથ જિલ્લામાં શ્રીકાર વર્ષાને કારણે જિલ્લો આખો પાણી પાણી થયો છે. ત્યારે ગીર જંગલમાં ધોધમાર વરસાદ વરસતા જિલ્લાની મોટાભાગની નદીઓ ગાંડીતુર બની છે. પ્રાચી તીર્થમાંથી પસાર થતી સરસ્વતી નદી કે જે નદીના પટ માં ભગવાન માધવરાય પ્રભુ લક્ષ્મીજી સાથે બિરાજે છે. જે મંદિર આવેલુ છે તે સરસ્વતી નદીમાં ઘોડાપૂર આવતા માધવરાય પ્રભુનું મંદિર પૂર્ણ કક્ષાએ ડૂબી ગયું છે. અને ભગવાન માધવરાય જળમગ્ન થયા છે. તો માધવરાય પ્રભુની સાથે અહીં પૌરાણિક ''મોક્ષ પીપળો'' આવેલો છે. મોક્ષ પીપળાના મૂળ સુધીમાં સરસ્વતી નદીના જળ ચરણ સ્પર્શ કરવા પહોંચી ગયા હતા. ત્યારે ગઈકાલે દેવ પોઢી એકાદશી હોય .એ માન્યતા છે. કે. ભગવાન ચાતુર્માસ શયન કરે છે. ત્યારે યોગાનું યોગ સરસ્વતી નદીમાં ભગવાન માધવરાય જળમગ્ન થયા છે. અને બીજું પુર હોવાથી હવે નદી સુકાય તેવા કોઈ સંજોગો નથી. ત્યારે દિવાળી સુધી ભગવાન માધવરાય જળમાં શયન કરશે. તેના દર્શન પણ દિવ્ય હોય છે. ત્યારે પ્રાચી તીર્થનો અલભ્ય નજારો જોઈ અને ભાવિકો પણ ધન્ય બની રહ્યા છે.

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૦૨ તાલુકામાં મેઘમહેર થઈ હતી. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં સૌથી વધુ પોરબંદરમાં ૧૭ ઈંચ અને કલ્યાણપુરમાં ૧૨ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તો કેશોદ અને વંથલીમાં છેલ્લા બે કલાકમાં સવા ત્રણ ઈંચ વરસાદ વરસ્યો હતો. સવારથી સૌરાષ્ટભરમાં મેઘાવી માહોલ સર્જાયો છે. ગીર સોમનાથના પાટણ વેરાવળમાં પોણા આઠ ઈંચ, જૂનાગઢના કેશોદમાં પોણા આઠ ઈંચ, જૂનાગઢના વંથલીમાં સાત ઈંચ, ગીર સોમનાથના સુત્રાપાડામાં સાડા છ ઈંચ, જૂનાગઢના માણાવદરમાં સાડા છ ઈંચ, પોરબંદરના કુતિયાણામાં પોણા છ ઈંચ, જામનગરના જામજોધપુરમાં

(અનુ. આઠમા પાને)

### સૌરાષ્ટ્રમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી

રાજ્યમાં આજે ભારે, મધ્યમ અને કેટલાક સ્થળોએ છૂટ્ટાછવાયા વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના મતે અમરેલી, ગીર સોમનાથ, દીવ, જૂનાગઢ, પોરબંદર, દ્વારકા અને કચ્છમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.તો પાટણ, જામનગર, રાજકોટ, ભાવનગર, સાબરકાંઠામાં ગાજવીજ સાથે મધ્યમ વરસાદ વરસાદની આગાહી કરાઈ છે. આ ઉપરાંત બનાસકાંઠા, મહેસાણા,સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, અમદાવાદ, ગાંધીનગરમાં હળવા વરસાદની આગાહી કરાઈ છે.જયારે અરવલ્લી, મહિસાગર,

**સૌરાષ્ટ્રમાં સિઝનનો ૫૦ ટકા વરસાદ વરસી ગયો**

| ઝોન | વરસાદ |
|---|---|
| કચ્છ | ૪૫.૪૩ % |
| મધ્ય ગુજરાત | ૨૩.૮૬ % |
| ઉત્તર ગુજરાત | ૨૨.૯૦ % |
| સૌરાષ્ટ્ર | ૪૯.૯૧ % |
| દક્ષિણ ગુજરાત | ૩૮.૫૪ % |
| કુલ | ૩૫.૫૯ % |

### સવારથી ૮૧ તાલુકામાં મેઘમહેર

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| જૂનગાઢ | કેશોદ | ૬.૫ ઈંચ |
| જૂનાગઢ | વંથલી | ૬ ઈંચ |
| વલસાડ | ઉમરગામ | ૬ ઈંચ |
| પોરબંદર | પોરબંદર | ૪.૫ ઈંચ |
| દ્વારકા | ખભાળિયા | ૪ ઈંચ |
| જૂનાગઢ | મેંદરડા | ૩.૫ ઈંચ |
| જૂનાગઢ | જૂનાગઢ | ૩ ઈંચ |
| રાજકોટ | ઉપલેટા | ૩ ઈંચ |
| જૂનાગઢ | ભેંસાણ | ૩ ઈંચ |

### છેલ્લા ૨૪ કલાકનો વરસાદ

| જિલ્લા | તાલુકા | વરસાદ |
|---|---|---|
| પોરબંદર | પોરબંદર | ૧૪ ઈંચ |
| દ્વારકા | કલ્યાણપુર | ૧૧ ઈંચ |
| પોરબંદર | રાણાવાવ | ૧૦ ઈંચ |
| ગીર-સોમનાથ | વેરાવળ | ૮ ઈંચ |
| જૂનાગઢ | કેશોદ | ૮ ઈંચ |
| જૂનાગઢ | વંથલી | ૭ ઈંચ |
| ગીર-સોમનાથ | સુત્રાપાડા | ૭ ઈંચ |
| જૂનાગઢ | માણાવદર | ૭ ઈંચ |
| પોરબંદર | કુતિયાણા | ૬ ઈંચ |
| જામનગર | જામજોધપુર | ૬ ઈંચ |


૧૬મી પૂણ્યતિથીએ ભાવપૂર્વક શ્રધ્ધાંજલી



સ્વ. ડો. ભરતભાઈ જશાભાઈ બારડ

જન્મ તારીખ : ૨૦-૦૪-૧૯૮૭

સ્વર્ગવાસ તારીખ : ૧૯-૦૭-૨૦૦૮

વટવૃક્ષ જેવા વિશાળ કુંટુંબ માંથી તમારી વસમી વિદાય હજુ વિસરતી નથી, હસતો ચહેરો રાખી ધૂપ સળી જેવું જીવન જીવી સુગંધ આપી ગયા તમે, તમાર સ્વભાવની નમ્રતા અને સરળતા તેમજ કુંટુંબ પ્રત્યેની વાત્સલ્યતા અમોને સદાય પ્રેરણારૂપ રહેશે..... પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના......

પ્રાર્થના સભા :- ડો. ભરતભાઈ બારડ અંગ્રેજી મીડીયમ સ્કુલ, બી. એમ. બારડ એજયુકેશન ટ્રસ્ટના ગ્રાઉન્ડમાં, અનુરાગ નગરની સામે, સુત્રાપાડા.

તારીખ :- ૧૯/૦૭/૨૦૨૪ ને શુક્રવાર, સમય :- સવારે ૯.૦૦ કલાકે

લી.

જશાભાઈ ભાણાભાઈ બારડ (પિતાશ્રી)
(પૂર્વ કેબીનેટ મંત્રી-રાજ્ય સરકાર)
(પ્રમુખ ગજરાત કારડીયા રજપૂત સમાજ)
રામભાઈ ભાણાભાઈ બારડ
દિલિપભાઈ જશાભાઈ બારડ
(ગીર સોમનાથ જિલ્લા ભાજપ મહામંત્રી)
અજયભાઈ રામભાઈ બારડ
(ચેરમેન -ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી)
(પ્રમુખ -ખરીદ વેચાણ સંઘ સુત્રાપાડા)
(સદસ્ય -સુત્રાપાડા નગરપાલિકા)
નિલેશભાઈ રામભાઈ બારડ
કર્મરાજ દિલિપભાઈ બારડ
હેત્વીબેન દિલિપભાઈ બારડ

શ્રી ઉજીબેન જશાભાઈ બારડ
વાલીબેન રામભાઈ બારડ
ફોરમબેન દિલિપભાઈ બારડ
મોનીકાબેન અજયભાઈ બારડ
અંકિતાબેન નિલેષભાઈ બારડ
ફીયોનાબેન દિલિપભાઈ બારડ
પ્રિયાંશ અજયભાઈ બારડ

હંસાબેન જયેશભાઈ ડોડીયા
મનીષાબેન કાનજીભાઈ ડોડીયા
રસીલાબેન અશ્વિનભાઈ પરમાર
રાજાભાઈ પુંજાભાઈ બારડ

બારડ પરિવાર
ઓમ નમો ભગવતે વાસુદેવાય
મું. સુત્રાપાડા, જી.ગીર સોમનાથ

એડ. રાજસિંહ મોરી (પત્રકાર) - સુત્રાપાડા